અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

17 MAY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 314 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 ઈરાને કહ્યું- હોર્મુઝને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દઈશું : અમેરિકી જહાજોના પણ એવા જ હાલ થશે જે તેના F-15 ફાઈટર જેટના થયા હતા



4 વડાપ્રધાનની જાહેર અપીલને અનુસરીને દેશનાં આર્થતંત્રને સદ્ધર બનાવી, સાચાં નાગરિક બનીએ!



6 અમદાવાદ આવશે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન? : ICCની મોટી મીટિંગ, મોહસિન નકવીને પણ આમંત્રણ; હજી સુધી ઈન્ડિયાને એશિયા કપની ટ્રોફી નથી આપી



7 પાકિસ્તાનમાં મોંઘવારી દર 11% સુધી જઈ શકે છે : ડોલરની સરખામણીમાં પાકિસ્તાની રૂપિયો 298 સુધી પહોંચી શકે છે



# મોદીએ કહ્યું- દુનિયા માટે આ આફતોનો દાયકો



હેગ, તા.16

પીએમ નરેન્દ્ર મોદી નેધરલેન્ડની મુલાકાતે છે. હેગમાં ભારતીય સમુદાયને સંબોધતા, તેમણે દુનિયાની વર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી. મોદીએ કહ્યું કે આજે માનવતા ઘણા મહત્વપૂર્ણ પડકારોનો સામનો કરી રહી છે. પહેલા કોરોના, પછી યુદ્ધ અને હવે ઉર્જા સંકટ સામે ઝઝુમી રહી છે. આ દાયકો વિશ્વ માટે આફતોનો દાયકો બની ગયો છે. જો પરિસ્થિતિ બદલાશે નહીં તો અનેક દાયકાઓના કામ પર પાણી ફરી જશે. વિશ્વની મોટી વસ્તી ગરીબી તરફ ધકેલાઈ જશે. હેગમાં ભારતીય સમુદાયને સંબોધતા મોદીએ કહ્યું કે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ હબ બની ગયું છે અને હવે તેનું લક્ષ્ય વૈશ્વિક વિકાસ એન્જિન બનવાનું છે. તેમણે કહ્યું કે અહીંના લોકોનો પ્રેમ અને ઉત્સાહ જોઈને મને એવું લાગ્યું કે જાણે હું કોઈ ભારતીય ઉત્સવમાં ભાગ લઈ રહ્યો છું. મોદીએ નેધરલેન્ડ્સમાં ભારતીયોને પૂછ્યું- શું ઝાલમૂરી અહીંયા પણ પહોંચી ગઈ?

1. નેધરલેન્ડ્સ યુરોપમાં ભારતની એન્ટ્રીનું ગેટવે બનશે: નેધરલેન્ડ્સ ભારતીય બિઝનેસ માટે યુરોપમાં ભારતની એન્ટ્રીનું ગેટવે બનશે. તેમણે ભારતીય સમુદાયનું વર્ણન બંને દેશો વચ્ચે એક વિશ્વસનીય સેતુ તરીકે કર્યું.

2. દુનિયા અનેક સંકટોનો સામનો કરી રહી છે: જો પરિસ્થિતિ બદલાશે નહીં, તો વિશ્વની વસ્તીનો મોટો ભાગ ગરીબીમાં ધકેલાઈ જશે. તેમણે કોરોના મહામારી, યુદ્ધ અને ઉર્જા સંકટ અંગે ચિંતા વ્યક્ત કરી.

3. ભારત સ્ટાર્ટઅપ હબ બન્યું: ભારત હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે. દેશમાં 2 લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ છે.

4. ડિજિટલ પેમેન્ટમાં ભારત અગ્રેસર છે: ભારતમાં એક જ વર્ષમાં 20 અબજથી વધુ UPI ટ્રાન્જેક્શન થયા. વિશ્વના અડધા ડિજિટલ ટ્રાન્જેક્શન એકલા ભારતમાં થઈ રહ્યા છે.

5. ચિપ્સ પણ ભારતમાં બનાવવામાં આવશે: ભારત AI અને સેમિકન્ડક્ટર ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશમાં 12 સેમિકન્ડક્ટર પ્લાન્ટ પર કામ ચાલી રહ્યું છે, જેમાંથી 2 પ્લાન્ટમાં પ્રોડક્શન શરૂ થઈ ગયું છે.




## NEWS BRIEF

### 'દુનિયાના નકશા પર રહેવું છે કે ઈતિહાસ બનવું છે' : ભારતીય સેના પ્રમુખની પાકિસ્તાનને ચેતવણી

**ઓપરેશન સિંદૂર દરમિયાન ચીને પાકિસ્તાનની મદદ કરી**

**ચીને સ્વીકાર્યું હતું કે તેણે મે 2025ના સૈન્ય સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને ટેકનિકલ મદદ આપી હતી**

ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શનિવારે જણાવ્યું કે જો પાકિસ્તાન આતંકવાદીઓને આશ્રય આપવાનું અને ભારત વિરુદ્ધ આતંકવાદ ફેલાવવાનું ચાલુ રાખશે, તો તેણે પોતે નક્કી કરવું પડશે કે તે ભવિષ્યમાં દુનિયાના નકશા પર ટકી રહેવા માંગે છે કે ઈતિહાસ બનવા માંગે છે. દિલ્હીના માણેકશો સેન્ટરમાં આયોજિત 'સેના સંવાદ' કાર્યક્રમમાં તેમણે 'ઓપરેશન સિંદૂર' જેવી સ્થિતિ ફરીથી બનવાના પ્રશ્ન પર આ વાત કહી. તેમણે કહ્યું કે પાકિસ્તાને ભારત વિરોધી આતંકવાદીઓને શરણ આપવાનું બંધ કરવું પડશે. આ પહેલા 12 મેના રોજ વિદેશ મંત્રાલય (MEA) એ 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ચીન દ્વારા પાકિસ્તાનને સમર્થન આપવા પર કહ્યું કે આતંકવાદનું રક્ષણ કરનારા દેશોને દુનિયા જોઈ રહી છે કે તેઓ પોતાને કોની સાથે જોડી રહ્યા છે. તેમને આ વાત પર વિચાર કરવો જોઈએ કે આવા કામથી તેમની પ્રતિષ્ઠા પર શું અસર પડે છે. મંગળવારે વિદેશ મંત્રાલયની પ્રેસ બ્રીફિંગ દરમિયાન તે રિપોર્ટ્સનો ઉલ્લેખ થયો, જેમાં ચીને સ્વીકાર્યું હતું કે તેણે મે 2025ના સૈન્ય સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને ટેકનિકલ મદદ આપી હતી. MEA પ્રવક્તા રણધીર જયસ્વાલે આ વિશે કહ્યું કે અમે આવા રિપોર્ટ્સ જોયા છે જે આ વાતની પુષ્ટિ કરે છે.

### PM મોદી બોલ્યા– વિદેશ યાત્રાઓ પર ટેક્સના સમાચાર ખોટા : વિદેશ જવા પર રોક નથી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશ યાત્રા પર ભારત સરકાર દ્વારા ટેક્સ-સેસ લગાવવાના સમાચારોને ખોટા ગણાવ્યા. તેમણે X પોસ્ટમાં લખ્યું- આ સંપૂર્ણપણે ખોટું છે. તેમાં જરા પણ સચ્ચાઈ નથી. તેમણે લખ્યું કે વિદેશ યાત્રા પર આ પ્રકારના પ્રતિબંધો લગાવવાનો તો કોઈ સવાલ જ ઊભો થતો નથી. અમે અમારા લોકો માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગને બહેતર બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. મોદીની આ પોસ્ટ તે મીડિયા રિપોર્ટ્સ પર આવી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારત સરકાર વિદેશ યાત્રા પર ટેક્સ/સેસ/સરચાર્જ લગાવવા પર વિચાર કરી રહી છે. આ માટે ઉચ્ચ સ્તરે ચર્ચા થઈ રહી છે. જ્યાં શક્ય હોય ત્યાં પેટ્રોલ ડીઝલનો ઉપયોગ ઓછો કરો અને મેટ્રો, ઈલેક્ટ્રિક બસ અને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરો. વિદેશમાં રહેતા ભારતીયોને કહીશ કે વિદેશ યાત્રા ટાળો. ઓછામાં ઓછા પાંચ વિદેશી મહેમાનોને ભારત ફરવા લાવો. સોનાની આયાત પર પણ દેશના ઘણા પૈસા વિદેશ જાય છે. જ્યાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી આપણે સોનાની ખરીદી ટાળીએ. ગોલ્ડની જરૂર નથી. જો લોકો ખાવાના તેલનો ઓછો ઉપયોગ કરે તો તેનાથી દેશ અને શહેર બંનેને ફાયદો થશે. દેશહિતમાં લોકોને એક વર્ષ સુધી સોનું ખરીદવાથી અને દાન કરવાથી બચવું જોઈએ. બિનજરૂરી વાહનનો ઉપયોગ ઓછો કરો, મેટ્રોમાં મુસાફરી કરો અને કાર પૂલિંગ કરો. વધુમાં વધુ લોકોને તેમાં બેસાડીને લઈ જાઓ. દેશે રાસાયણિક ખાતરોનો વપરાશ અડધો કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ અને ઝડપથી પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવું જોઈએ. લગ્નો, રજાઓ અને અન્ય કારણોસર વિદેશ યાત્રા થોડા સમય માટે ટાળવી દેશના હિતમાં રહેશે.

### જેને TMC છોડીને જવુ હોય તે જાય : મમતાએ કહ્યું- જરૂર પડશે તો હું પોતે ઓફિસને રંગી નાખીશ, મજબૂતીથી પાછા ફરીશું

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શુક્રવારે કોલકાતામાં પાર્ટી કાર્યકરોને TMCના સંગઠનને ફરીથી ઊભું કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે અમે પાર્ટી કાર્યાલયોને ફરીથી ખોલીશું, તેમને રંગીશું અને મજબૂતીથી કામ પર પાછા ફરીશું. જો જરૂર પડશે તો હું પોતે પણ કાર્યાલયોને ધોળવા માટે તૈયાર છું. આ પછી તેમણે કહ્યું કે જે લોકો બીજી પાર્ટીઓમાં જવા માંગે છે, તેઓ સંપૂર્ણપણે સ્વતંત્ર છે અને તેઓ કોઈને પણ જબરદસ્તી રોકી રાખવામાં માનતા નથી. બેઠક દરમિયાન મમતાના ભત્રીજા અને પાર્ટી મહાસચિવ અભિષેક બેનર્જી પણ હાજર હતા. મમતાએ કહ્યું કે ભલે ચૂંટણીના પરિણામોમાં TMCને 80 બેઠકો મળી હોય, પરંતુ આ જનાદેશની લૂંટ છે. આનાથી તેમનો જુસ્સો તૂટશે નહીં. બેઠક દરમિયાન 21 મેના રોજ ફાલ્ટા બેઠક પર યોજાનારી પેટાચૂંટણીના ઉમેદવારો પણ હાજર હતા. ખરેખર, ફાલ્ટામાં 29 એપ્રિલે મતદાન થયું હતું, પરંતુ EVMમાં ચેડાંના આરોપો બાદ ચૂંટણી પંચે ત્યાં ફરીથી મતદાન કરાવવાનો નિર્ણય કર્યો. 4 મેના રોજ આવેલા 293 બેઠકોના પરિણામોમાં BJPને 207 બેઠકો મળી હતી. સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું, 'બંગાળમાં બેઠકો પર જીતનો તફાવત SIRમાં કપાયેલા મતો કરતાં ઓછો હોય તેવા કિસ્સામાં મમતા બેનર્જી અને અન્ય લોકો નવી અરજીઓ કરી શકે છે.' TMC એ દાવો કર્યો કે હાલની વિધાનસભા ચૂંટણીમાં 31 બેઠકો પર જીતનો તફાવત, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન દૂર કરાયેલા મતોની સંખ્યા કરતાં ઓછો હતો. ખરેખરમાં, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બેન્ચ બંગાળમાં SIR ને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી.

# ગૃહમંત્રી અમિત શાહ બે દિવસ ગાંધીનગર-અમદાવાદની મુલાકાતે

## ગાંધીનગર લોકસભાના વિકાસ કાર્યોની અધિકારીઓ સાથે ચર્ચા, અમદાવાદના 70 નવનિયુક્ત કાઉન્સિલરો સાથે બેઠક

**અમદાવાદ, તા.16**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજથી બે દિવસ અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવ્યા છે. અમિત શાહે આજે 16મે અમદાવાદના દક્ષિણ પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે ગાંધીનગર લોકસભામાં ચાલતા વિકાસ કાર્યો અને વૃક્ષારોપણને લઈને અમદાવાદ તેમજ ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ બેઠકમાં હાજર રહ્યા હતા. સરખેજ- ગાંધીનગર હાઈવેના આધુનિકરણને લઈને પોલીસ કમિશનર તેમજ મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. અમદાવાદના 70 નવનિયુક્ત કાઉન્સિલરો સાથે બેઠક કરશે.

મ્યુનિસિપલ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક

ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતા ઘાટલોડિયા, ગોતા ચાંદલોડિયા, થલતેજ સહિતના વોર્ડના તળાવના ઈન્ટરલિન્કિંગને લઈને મ્યુનિસિપલ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. બેઠકમાં ગાંધીનગર લોકસભા અંતર્ગત તળાવના ઈન્ટરલિંકિંગ કરવા માટે ઝડપથી કામગીરી કરવા માટે સુચના આપવામાં આવી હતી.

હોસ્પિટલો અને જૂની હોસ્પિટલોના રિનોવેશન માટે સૂચના

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ગાંધીનગરના માણસા નગરપાલિકામાં વિકાસ કાર્યોને લઈને પણ ગાંધીનગર જિલ્લાના તેમજ માણસાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી અને તમામ કામોને ઝડપી પૂર્ણ કરવા જણાવ્યું હતું. ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતી સાર્વજનિક હોસ્પિટલો માટે પણ કેન્દ્રીય ગૃહ મંત્રીએ તમામ લોકોને સારી સુવિધા મળે તેના માટે જણાવ્યું હતું. હોસ્પિટલો અને જૂની હોસ્પિટલોના રિનોવેશન માટે પણ સૂચના આપવામાં આવી હતી. સાર્વજનિક હોસ્પિટલો બાબતે સમીક્ષા માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ગાંધીનગરના માણસા નગરપાલિકામાં વિકાસ કાર્યોને લઈને પણ ગાંધીનગર જિલ્લાના તેમજ માણસાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી અને તમામ કામોને ઝડપી પૂર્ણ કરવા જણાવ્યું હતું. ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતી સાર્વજનિક હોસ્પિટલો માટે પણ કેન્દ્રીય ગૃહ મંત્રીએ તમામ લોકોને સારી સુવિધા મળે તેના માટે જણાવ્યું હતું. હોસ્પિટલો અને જૂની હોસ્પિટલોના રિનોવેશન માટે પણ સૂચના આપવામાં આવી હતી. સાર્વજનિક હોસ્પિટલો બાબતે સમીક્ષા માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.



ત્રણ ગાડીઓના કાફલા સાથે અમિત શાહ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેટ્રોલ અને ડીઝલ બચાવવા માટેની અપીલ કરી છે ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ પોતાના કાફલામાં ઘટાડો કર્યો છે. ત્રણ ગાડીઓના કાફલા સાથે કેન્દ્રીય મંત્રી અમદાવાદના એસજી હાઈવે પર આવેલા દક્ષિણ પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે પહોંચ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ માત્ર એક જ ગાડી સાથે આવ્યા હતા.

વૃક્ષારોપણ અને આગામી મિશન 5 મિલિયન ટ્રી અંગે ચર્ચા

ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા અંતર્ગત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા શહેરમાં વૃક્ષારોપણ અને ગ્રીન કવર વધારવા માટે અધિકારીઓને સૂચના બેઠકમાં આપી હોવાનું જાણવા મળ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ગાંધીનગર લોકસભામાં કરવામાં આવેલા વૃક્ષારોપણ અને આગામી મિશન 5 મિલિયન ટ્રી અંગે ચર્ચા કરી હતી. સરખેજ ગાંધીનગર હાઈવેના આધુનિકીકરણને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. એસજી હાઈવે ઉપરની ડિઝાઈન અને સતત વધતા અકસ્માત અંગે ચર્ચા હાથ કરી હતી.

SG હાઈવેને આઈકોનીક રોડ અને ડસ્ટ ફ્રી રોડની પ્રગતિને લઈને ચર્ચા

વિશેષ રોડમેપ લઈ પોલીસની તૈયારીઓ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી રહી છે. SG હાઈવેને આઈકોનીક રોડ અને ડસ્ટ ફ્રી રોડ બનાવવામાં આવી રહ્યો છે ત્યારે તેની પ્રગતિને લઈને પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી છે. એસજી હાઈવે ઉપર કર્ણાવતી જંક્શન સરખેજ ઉજાલા સર્કલ સુધીના બ્રિજ બનાવવામાં આવ્યો છે જેની પ્રગતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી છે.

ધરમશી દેસાઈ અને દેવાંગ દાણી ગાડીની જગ્યાએ બુલેટ લઈને મિટિંગમાં આવ્યા

અમદાવાદના એસજી હાઈવે ખાતે દક્ષિણ પશ્ચિમ ઝોનની ઓફિસમાં ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતા વોર્ડના નવનિયુક્ત કોર્પોરેટરો સાથે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ બેઠક કરવાના છે. ત્યારે વડાપ્રધાનની પેટ્રોલ અને ડીઝલની બચત કરવાની અપીલને લઈને બોડકદેવ વોર્ડના કોર્પોરેટર ધરમશી દેસાઈ અને દેવાંગ દાણી ગાડીની જગ્યાએ બુલેટ ઉપર આવ્યા હતા.

ગાંધીનગર લોકસભાના 70 નવનિયુક્ત કાઉન્સિલરો સાથે બેઠક

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કેન્દ્રીય ગૃહ અને મંત્રી અમિત શાહની અધ્યક્ષતા એસ.જી હાઈવે પર દક્ષિણ પશ્ચિમ ઝોન ખાતે ચાલી રહેલી બેઠકમાં પહોંચશે. ગાંધીનગર લોકસભામાં આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના 70 નવનિયુક્ત કાઉન્સિલરો સાથે બેઠક કરશે. અમિત શાહ દ્વારા બપોર બાદ અખંડાનંદ અને સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટની કામગીરી અંગેની સમીક્ષા કરવામાં આવી છે. રમશે બાળક ખીલશે બાળક અભિયાન અંતર્ગત રમકડા એકત્રિત કરવાના અભિયાનને લઈને પણ કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભાના સાંસદ અભિયાનના ઈન્ચાર્જ સાથે બેઠક કરશે. સાંજે 5.30 વાગ્યે ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતા નારણપુરા, ઘાટલોડિયા, વેજલપુર અને સાબરમતી વિધાનસભા વોર્ડના નવનિયુક્ત કોર્પોરેટરોને મળવાના છે. ચાંદલોડિયા વોર્ડ અને બોડકદેવ વોર્ડના કોર્પોરેટરો દક્ષિણ પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે પહોંચ્યા છે.

17મેના મધુર ડેરીના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે

17 મેના રોજ અમિત શાહના હસ્તે અમદાવાદના ત્રાગડ ખાતે ગણેશ હાઉસિંગ દ્વારા નિર્મિત "મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક" આઈ.ટી. અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર તેમજ ગાંધીનગર જિલ્લાના દશેલા ખાતે ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ લિ. (મધુર ડેરી) દ્વારા નિર્મિત પાંચ લાખ લીટર ક્ષમતાવાળા અદ્યતન પ્લાન્ટનું ઉદ્ઘાટન ઉપરાંત ઈન્ફોસિટી, ગાંધીનગર ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન, અમદાવાદ (NID) ના ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન સેન્ટર (IIC) નું લોકાર્પણ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. 17 મેના રોજ અમિત શાહના હસ્તે અમદાવાદના ત્રાગડ ખાતે ગણેશ હાઉસિંગ દ્વારા નિર્મિત "મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક" આઈ.ટી. અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર તેમજ ગાંધીનગર જિલ્લાના દશેલા ખાતે ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ લિ. (મધુર ડેરી) દ્વારા નિર્મિત પાંચ લાખ લીટર ક્ષમતાવાળા અદ્યતન પ્લાન્ટનું ઉદ્ઘાટન ઉપરાંત ઈન્ફોસિટી, ગાંધીનગર ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન, અમદાવાદ (NID) ના ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન સેન્ટર (IIC) નું લોકાર્પણ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે.

# ગરમીથી આંશિક રાહત, તાપમાનમાં દોઢથી બે ડિગ્રીનો ઘટાડો : અમદાવાદ-રાજકોટ 41.7°C સાથે સૌથી ગરમ; આજે સૌરાષ્ટ્ર-કચ્છમાં હીટવેવની ચેતવણી

## વલ્લભ વિદ્યાનગરમાં આજે મહત્તમ તાપમાન 42.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે

**અમદાવાદ, તા.16**

લાંબા સમયથી આગ ઝરતી ગરમીનો સામનો કરતા ગુજરાતવાસીઓને થોડી રાહત મળી છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં દોઢથી બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. 15 મેને શુક્રવારે નોંધાયેલા તાપમાન મુજબ, ગરમીનો પારો 44 ડિગ્રી સેલ્સિયસથી ઘટીને 42Cએ પહોંચી ગયો છે. ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદ-રાજકોટમાં નોંધાઈ છે. અહીંનું મહત્તમ તાપમાન 41.7C રહ્યું. છ શહેરોનું તાપમાન 40Cને પાર રહ્યું છે. 24 કલાકની સ્થિતિ અંગે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્ર-કચ્છના ભાવનગર (ભાવનગર અને મહુવા) તેમજ કચ્છના કંડલા પોર્ટ ખાતે છૂટાછવાયા વિસ્તારોમાં હીટવેવની સ્થિતિ જોવા મળી હતી. આ ઉપરાંત, દક્ષિણ ગુજરાતના વડોદરા જિલ્લામાં, સૌરાષ્ટ્રના દ્વારકા (ઓખા) અને દીવમાં પણ છૂટાછવાયા સ્થળોએ હીટવેવ પ્રવર્ત્યો હતો. સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર રીતે ઊંચું રહ્યું હતું.

આગામી 7 દિવસની હવામાન આગાહી (22 મે, 2026 સુધી)

ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હવામાન સંપૂર્ણપણે સુકું રહેવાની સંભાવના છે. આગામી 2 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ક્રમિક ઘટાડો થઈ શકે છે, ત્યારબાદ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. જોકે, આગામી 5 દિવસ દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40Cથી વધુ રહેવાની સંભાવના છે.

અમદાવાદ શહેરની સ્થિતી અને આગાહી

આજે અમદાવાદમાં મુખ્યત્વે ચોખ્ખું આકાશ રહેવાની સંભાવના છે. મહત્તમ તાપમાન અંદાજે 42Cની આસપાસ રહેવાની શક્યતા છે. ગતરોજ સવારે 08.30 વાગ્યે ભેજનું પ્રમાણ 67% અને સાંજે 05.30 વાગ્યે 20% નોંધાયું હતું. તો મહત્તમ તાપમાન રાજ્યનું સૌથી ઊંચુ 41.7C નોંધાયું હતું. 24 કલાકમાં તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.

સાયકલોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય, 3 દિવસ પછી તાપમાન ઘટશે

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસ દરમિયાન કાળજાળ ગરમીનો અનુભવ થશે. મહત્તમ તાપમાનમાં હાલમાં કોઈ ખાસ ફેરફાર થવાની શક્યતા નથી અને તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાવાની શક્યતા છે. વલ્લભ વિદ્યાનગરમાં આજે મહત્તમ તાપમાન 42.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે લોકો માટે અસહ્ય ગરમી સર્જી રહ્યું છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે, રાજ્ય તરફ સાયકલોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ રહી છે, જેના કારણે હાલ ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે. જો કે, 19 મે બાદ તાપમાનમાં આંશિક ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સિસ્ટમના પ્રભાવને કારણે ત્રણ દિવસ પછી તાપમાનમાં રાહત મળવાની આશા છે. ચોમાસા અંગે વાત કરીએ તો કેરળમાં ચોમાસું આશરે 26 મે આસપાસ સક્રિય થવાની શક્યતા છે. આ વર્ષે ચોમાસું સામાન્ય કરતાં લગભગ પાંચ દિવસ વહેલું આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ચોમાસાની સ્થિતિ

દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્ય) ચોમાસું આગામી 26 મે, 2026ની આસપાસ કેરળમાં બેસે તેવી સંભાવના છે (જેમાં +4 દિવસનો મોડેલ તફાવત હોઈ શકે છે). આગામી 24 કલાક દરમિયાન દક્ષિણ બંગાળની ખાડી, આંદામાન સમુદ્ર અને આંદામાન-નિકોબાર ટાપુઓના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ સંજોગો બનેલા છે.

# સુરત નવી સિવિલ હોસ્પિ.ના ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. ધારીત્રી પરમારની બદલી : ડૉ. પારુલ વડગામાને ચાર્જ

## સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન હોસ્પિટલના વિવિધ વિભાગોમાં ભારે ગંદકી

**સુરત, તા.16**

સુરત નવી સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ ડો. ધારીત્રી પરમારની વડોદરા સિવિલ હોસ્પિટલમાં બદલી કરાઈ છે. મંત્રી પ્રફુલ પાનસેરિયાની સુરત સિવિલ હોસ્પિટલની મુલાકાત દરમિયાન અનેક બેદરકારીઓ સામે આવી હતી. જે બાબતે ગંભીરતાથી નોંધ લઈને બદલી કરાઈ છે. સુરત સિવિલ હોસ્પિટલનો ચાર્જ ડો. પારુલ વડગામાને સોંપવામાં આવ્યો છે.

ડૉ. ધારીત્રી પરમારની તાત્કાલિક અસરથી બદલી

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાની ઓચિંતી મુલાકાત બાદ વહીવટી તંત્રમાં મોટો ભૂકંપ આવ્યો છે. મંત્રીની મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં સામે આવેલી ગંભીર બેદરકારીઓ અને ગેરવ્યવસ્થાને પગલે રાજ્યના આરોગ્ય વિભાગે કડક વલણ અપનાવ્યું છે. સરકારે આ મામલાને અત્યંત ગંભીરતાથી લઈને નવી સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. ધારીત્રી પરમારની તાત્કાલિક અસરથી બદલી કરી દીધી છે.

મંત્રીની મુલાકાતમાં ખુલ્લી પડી હતી બેદરકારીની પોલ

થોડા સમય પહેલાં જ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સુરત સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન હોસ્પિટલના વિવિધ વિભાગોમાં ભારે ગંદકી, દર્દીઓને પડતી હાલાકી અને વહીવટી સ્તરે અનેક પ્રકારની ગંભીર ક્ષતિઓ તથા બેદરકારીઓ મંત્રીની નજરે ચડી હતી. ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટેની આ હોસ્પિટલમાં આવી કથળેલી સ્થિતિ જોઈને મંત્રીએ તે સમયે જ ઉચ્ચ અધિકારીઓનો ઉધડો લીધો હતો અને કડક પગલાં લેવાના સંકેત આપ્યા હતા.

ડૉ. ધારીત્રી પરમારની વડોદરા બદલી, ડૉ. પારુલ વડગામાને નવો ચાર્જ

આરોગ્ય વિભાગ દ્વારા લેવાયેલા આકરા એક્શનના ભાગરૂપે ડૉ. ધારીત્રી પરમારને સુરત સિવિલના ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ પદેથી હટાવીને વડોદરા સરકારી મેડિકલ કોલેજ ખાતે ડીન તરીકે મોકલી દેવામાં આવ્યા છે. તેમની જગ્યાએ હવે સિવિલ હોસ્પિટલના સુચારુ સંચાલન માટે ડૉ. પારુલ વડગામાને ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ તરીકેનો નવો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

બેદરકારી દાખવતા અધિકારીઓમાં ફફડાટ

સરકારી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ તાત્કાલિક બદલીને પગલે અન્ય સરકારી હોસ્પિટલોના વહીવટી ગેરરીતિ આચરતા કે ફરજમાં બેદરકારી દાખવતા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આરોગ્ય વિભાગે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે દર્દીઓની સુવિધા અને હોસ્પિટલની વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારની શિથિલતા ચલાવી લેવામાં આવશે નહીં. હવે જોવાનું એ રહેશે કે નવા ચાર્જ સંભાળનાર ડૉ. પારુલ વડગામા સુરત સિવિલ હોસ્પિટલની આ ખોરવાયેલી વ્યવસ્થાઓને કેટલી ઝડપથી પાટા પર લાવે છે.

# અદાણી CNGના ભાવમાં રૂ.2.25નો વધારો : અમદાવાદમાં ભાવ વધીને પ્રતિ કિલો 86ને પાર

**અમદાવાદ, તા.16**



પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 3-3 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. જે બાદ હવે મોંઘવારીનો વધુ એક માર લોકોને સહન કરવાનો વારો આવ્યો છે. બીજી તરફ આજે (16મે) અદાણી દ્વારા CNGના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. ગઈકાલે મોડી રાતથી જ ભાવમાં 2.25 રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકવામા આવ્યો છે. CNGના ભાવમાં 1.50 રૂપિયાના ભાવ વધારા બાદ ફરી એક વખત વધારો કરવામાં આવ્યો છે. ભાવ વધારા પહેલા CNGનો ભાવ 83.77 રૂપિયા પ્રતિ કિલો પર હતો જે હવે વધીને 86.02 રૂપિયા પહોંચી ગયો છે. જેથી એક સાથે 2.25 રૂપિયાનો ભાવ વધારો કરવામાં આવતા રિક્ષા ચાલકો દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો છે. અદાણી CNGના ભાવમાં વધારો હવે ભાડામાં પણ વધારો કરવાની વિચારણા ચાલી રહી છે. ટ્રાન્સપોર્ટ કમિશનર અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીને ભાડામાં વધારો કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. રેગ્યુલર ભાડા(મિટર વગર)માં રૂ. 20થી 30નો ભાવ વધારો અને એક કિલોમીટર ભાડામાં 15થી 20 રૂપિયા સુધીનો વધારો કરવા માટે માગ કરવામાં આવી છે. જો કે આ ભાવ વધારાની રજૂઆત એપ્રિલ મહિનામાં CNGના ભાવમાં વધારો થયો ત્યારે પણ કરવામાં આવી હતી. જો કે અત્યારે ભાડા વધારાની રજૂઆત વિચારણા હેઠળ છે. જો ભાડામાં વધારો થશે તો મુસાફરોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવશે. ગઈકાલે(15મે) પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રૂ. 3નો વધારો થતા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. જ્યારે હવે અદાણી CNGના ભાવમાં વધારો કરવામાં આવતા રિક્ષા ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. અત્યારે સૌથી વધુ અદાણી CNGનો વપરાશ રિક્ષા ચાલકો કરી રહ્યા છે. ત્યારે અદાણી CNGના ભાવમાં 2.25 રૂપિયાનો વધારો થતા સૌથી વધુ અસર રિક્ષા ચાલકોને થવાની છે. ત્યારે એક સમય હતો કે પેટ્રોલ અને CNGના ભાવમાં ઘણો તફાવત જોવા મળતો હતો. પરંતુ હવે CNGના ભાવ પણ પેટ્રોલના ભાવના સમકક્ષ પહોંચી જતા રિક્ષા ચાલકોએ અદાણીએ કરેલા ભાવ વધારાનો વિરોધ કરી રહ્યા છે. તેમજ જે પણ ભાવ વધારો અદાણી દ્વારા કરવામાં આવ્યો છે તે પરત ખેંચવાની પણ માંગ કરવામાં આવી છે. અમદાવાદ રિક્ષા ચાલક એક્તા યુનિયનના વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, એક મહિનામાં 4 રૂપિયા જેટલો ભાવ વધારો કરવામાં આવતા રીક્ષા ચાલકોને તેની માઠી અસર થવાની છે.

# ભાવનગરમાં રિક્ષાચાલક-સિટી બસ ડ્રાઈવર વચ્ચે મારામારી, મહિલાઓની ચીસાચીસ, છરીનો ઘા મારવા જતાં માથામાં બ્લોગ મારતા ઢળી પડ્યો

**ભાવનગર, તા.16**

ભાવનગર શહેરના ભરચક ગણાતા ઘોઘા ગેટ પોલીસ ચોકી પાસે સિટી બસના ડ્રાઈવર અને રિક્ષાચાલક વચ્ચે વાહન હટાવવા જેવી સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ મામલો એટલો બિચક્યો હતો કે, બંને પક્ષોએ જાહેરમાં જ એકબીજા પર હિંસક હુમલો કરી દીધો હતો. આ મારામારી અને પથ્થરમારાના દૃશ્યો બસમાં લાગેલા સીસીટીવી ફૂટેજમાં કેદ થયા છે. વીડિયોમાં પથ્થરમારાની વચ્ચે મહિલાઓની ચીસાચીસ અને એક માસૂમ બાળકી સહેજમાં બચી ગઈ હોવાના દૃશ્યો સ્પષ્ટ જોઈ શકાય છે.



પોલીસ ચોકી પાસે જ બસ પર ઈંટ-બ્લોકનો વરસાદ

મળતી માહિતી મુજબ, ઘોઘા ગેટ પાસે રોડની વચ્ચે આડી પાર્ક કરેલી રિક્ષાને હટાવવા બાબતે સિટી બસના ડ્રાઈવર કુલદીપસિંહે રિક્ષાચાલકને ટોક્યો હતો. આ વાત પર બંને વચ્ચે મામલો ગરમાયો હતો અને બસચાલકે નીચે ઉતરીને રિક્ષાચાલકને ફડાકો ઝીંકી દીધો હતો. સામે રિક્ષાચાલકે ઉશ્કેરાઈને બસ પર ઈંટ અને પેવિંગ બ્લોકના ઘા કરવાનું શરૂ કરી દીધું હતું. હુમલાને કારણે બસના કાચ ધડાધડ તૂટી પડ્યા હતા, જેને લીધે અંદર બેઠેલા મુસાફરોમાં ચીસાચીસ અને દોડધામ મચી ગઈ હતી. આ સમગ્ર ઘટના પોલીસ ચોકીથી માત્ર 30 ફૂટના અંતરે મુખ્ય રોડ પર બની હોવાથી લોકોમાં જાહેર સુરક્ષાને લઈને રોષ જોવા મળી રહ્યો છે.

રિક્ષાચાલકે છરી વડે બસ ડ્રાઈવર પર જીવલેણ હુમલો કર્યો: ડેપો મેનેજર

ડેપો મેનેજર પ્રવીણ આહીરે ઘટના અંગે જણાવ્યું કે, રૂપમ ચોક પાસે રિક્ષા આડી હોવાથી બસ ડ્રાઈવર કુલદીપસિંહે તેને સાઈડમાં લેવા કહ્યું હતું. આથી રિક્ષાવાળાઓએ ગેરવર્તન કરીને બસના કાચ તોડી નાખ્યા હતા. જ્યારે ડ્રાઈવરે નીચે ઉતરીને પૂછ્યું કે 'આવું કેમ કર્યું?', ત્યારે રિક્ષાચાલકે છરી કાઢીને જીવલેણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ડ્રાઈવરે પોતાનો જીવ બચાવવા માટે વળતો પ્રહાર કર્યો હતો. હાલ ઈજાગ્રસ્ત ડ્રાઈવરને સારવાર આપવામાં આવી છે અને પોલીસ મથકે FIR નોંધાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કોર્પોરેશનના સપોર્ટથી હાલ તમામ બસો રૂટ પર નિયમિત કરી દેવામાં આવી છે.

રિક્ષાચાલકનો વળતો આક્ષેપ, 'બસ ડ્રાઈવરે પહેલા લાફો માર્યો'

બીજી તરફ, રિક્ષાચાલક ગફારે પોતાનો પક્ષ રાખતા જણાવ્યું કે, હું પાર્કિંગમાં ગાડી ઊભી રાખીને છોકરાને ચા-બિસ્કીટ ખવરાવતો હતો. ત્યાં રસ્તા પર લીંબુની ગાડીઓ નડતી હોવાથી મેં તે ભાઈને ગાડી આઘી-પાછી કરવા કહ્યું હતું, જેથી મારી રિક્ષા નીકળી શકે. આ દરમિયાન સિટી બસના ડ્રાઈવરે આવીને મને સીધી ગાળો આપી હતી. મેં ગાળો બોલવાની ના પાડી તો તેમણે મને સીધો લાફો ઝીંકી દીધો હતો.

CCTVમાં કેદ થઈ ભયાનકતા, બાળકીનો બચાવ

આ મારામારી અને પથ્થરમારાના જે સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે તે ખૂબ જ ચોંકાવનારા છે. રસ્તા પર પથ્થરો ફેંકાતા હોવાથી બસમાં રહેલી મહિલાઓ પોતાના બાળકોને લઈને ચીસાચીસ કરતી ભાગતી જોવા મળી રહી છે. આ ધમાધમી વચ્ચે એક ભારે પથ્થર ત્યાં ઉભેલી એક નાની બાળકીની બિલકુલ નજીકથી પસાર થયો હતો, જેમાં બાળકીનો ચમત્કારિક આબાદ બચાવ થયો હતો. હાલ પોલીસે સીસીટીવીના આધારે ગુનો નોંધીને કાયદેસરની તપાસ શરૂ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ઈરાને કહ્યું- હોર્મુઝને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દઈશું : અમેરિકી જહાજોના પણ એવા જ હાલ થશે જે તેના F-15 ફાઈટર જેટના થયા હતા

## ઈરાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ 14-પોઈન્ટનો પ્રસ્તાવ અમેરિકાના 9-પોઈન્ટ પ્લાનના જવાબમાં મોકલવામાં આવ્યો છે



તેલ અવીવ, તા.16

ઈરાનના વરિષ્ઠ અધિકારી મોહસિન રઝાઈએ અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દેવામાં આવશે. મોહસિન રઝાઈ અગાઉ ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) માં કમાન્ડર રહી ચૂક્યા છે. તેમણે અમેરિકી સેનાને સમુદ્રી લૂંટારા (પાઈરેટ) ગણાવતા કહ્યું કે અમેરિકા વિશ્વનો એકમાત્ર એવો પાઈરેટ છે જેની પાસે એરક્રાફ્ટ કેરિયર્સ છે. રઝાઈએ ગયા મહિને ઈસ્ફહાનમાં એક અમેરિકી F-15E વિમાન તોડી પાડવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જે રીતે તે વિમાનનો કાટમાળ પડ્યો હતો, તેવો જ અંજામ અમેરિકી જહાજો અને સૈનિકોનો પણ થઈ શકે છે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાન કોઈ ભૂલ કરશે તો તેના પર ફરીથી હુમલા થઈ શકે છે. તેમણે કહ્યું કે અમેરિકા અત્યારે મજબૂત સ્થિતિમાં છે, જ્યારે તેહરાન દબાણમાં છે અને સમજૂતી કરવા માંગે છે.

આ સિવાય, ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને જણાવ્યું કે પાકિસ્તાનની મધ્યસ્થી દ્વારા ઈરાન તરફથી 14-પોઈન્ટનો પ્રસ્તાવ મળ્યો છે, જેના વિગતવાર ડ્રાફ્ટની રાહ જોવાઈ રહી છે. અમે આ નવા પ્રસ્તાવની સમીક્ષા પણ કરી રહ્યા છીએ.

ઈરાનના 14-પોઈન્ટના પ્રસ્તાવમાં અનેક મુદ્દાઓ સામેલ

ઈરાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ 14-પોઈન્ટનો પ્રસ્તાવ અમેરિકાના 9-પોઈન્ટ પ્લાનના જવાબમાં મોકલવામાં આવ્યો છે. તેમાં 30 દિવસની અંદર તમામ મુદ્દાઓના સમાધાન, ભવિષ્યમાં હુમલાઓ સામે ગેરંટી, ક્ષેત્રમાંથી અમેરિકી સૈનિકોની વાપસી, ફ્રીઝ કરાયેલી ઈરાની સંપત્તિઓને મુક્ત કરવા, પ્રતિબંધો હટાવવા અને યુદ્ધના વળતરની માગ સામેલ છે. આ ઉપરાંત, પ્રસ્તાવમાં હોર્મુઝ સ્ટ્રેટને લઈને નવી પદ્ધતિ બનાવવાની, અમેરિકી નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવાની અને પ્રાદેશિક સંઘર્ષોનો અંત લાવવાની વાત પણ કહેવામાં આવી છે. રિપોર્ટ્સ અનુસાર, કરાર પછી પરમાણુ કાર્યક્રમ પર અલગથી વાતચીતનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ 25 એપ્રિલે પાકિસ્તાન પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી. પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાને 14-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ

ફરી યુદ્ધનો ખતરો- ઈરાનના અધિકારી મોહમ્મદ જાફર અસદીએ ચેતવણી આપી હતી કે અમેરિકા સાથે ફરીથી યુદ્ધ થઈ શકે છે, ઈરાની સેના આ માટે તૈયાર છે. 48 જહાજોએ રસ્તો બદલ્યો- અમેરિકાએ દાવો કર્યો હતો કે છેલ્લા 20 દિવસમાં 48 જહાજોએ તેના દબાણ હેઠળ ઈરાનના બંદરોથી હટીને બીજી દિશામાં પોતાનો રસ્તો બદલ્યો છે. હોર્મુઝ ખોલવાનો પ્રસ્તાવ- ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ કરી છે કે તેમના નવા પ્રસ્તાવમાં પહેલા હોર્મુઝ ખોલવા અને અમેરિકી નાકાબંધી સમાપ્ત કરવાની વાત છે, જ્યારે પરમાણુ મુદ્દે વાતચીત પછીથી કરવામાં આવશે. 16 અમેરિકી ઠેકાણાં ડેમેજ- CNNના એક તપાસ રિપોર્ટ અનુસાર, યુદ્ધ દરમિયાન ઈરાને મિડલ ઈસ્ટના 8 દેશોમાં 16 અમેરિકી ઠેકાણાંને નુકસાન પહોંચાડ્યું છે. આમાંથી ઘણા ઉપયોગ કરવા લાયક રહ્યા નથી. ક્યુબા પર કબજો- ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે અમેરિકા તરત જ ક્યુબા પર કબજો કરી શકે છે. જો આવું કંઈ થાય છે, તો તે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ પછી થઈ શકે છે.

સ્પેને ઈઝરાયલ પાસેથી પોતાના નાગરિકને મુક્ત કરવાની માગ કરી

સ્પેને ઈઝરાયલ પાસે પોતાના એક નાગરિકને તાત્કાલિક મુક્ત કરવાની માગ કરી છે. આ વ્યક્તિની અટકાયત ત્યારે કરવામાં આવી હતી, જ્યારે તે ગાઝાની મદદ માટે જઈ રહેલા જહાજોના સમૂહ (ફ્લોટિલા) પર સવાર હતો. ઈઝરાયલની અદાલતે તેની કસ્ટડી વધુ 2 દિવસ માટે લંબાવી છે.

સ્પેનનું કહેવું છે કે તેની ધરપકડ ખોટી રીતે કરવામાં આવી છે. આ વ્યક્તિનું નામ સૈફ અબુ કેશેક છે. અશ્કેલોન કોર્ટમાં સુનાવણી દરમિયાન સ્પેનનો એક રાજદ્વારી અધિકારી પણ તેની સાથે હાજર હતો.

રિપોર્ટ મુજબ, તેની સાથે બ્રાઝિલના એક નાગરિક થિયાગો અવિલોની પણ ધરપકડ કરવામાં આવી છે. ઈઝરાયલના વિદેશ મંત્રાલયે આરોપ લગાવ્યો છે કે આ બંને કાર્યકરો એવા સંગઠન સાથે જોડાયેલા છે જે હમાસ સાથે સંબંધ ધરાવે છે, જોકે સ્પેને આ આરોપોને ફગાવી દીધા છે. લેબનોનના દક્ષિણ ભાગમાં ઈઝરાયલના હુમલામાં ઓછામાં ઓછા 5 લોકો ઘાયલ થયા છે. જેમાં 4 મેડિકલ સ્ટાફનો પણ સમાવેશ થાય છે.

# મણિપુર હિંસા-3 વર્ષમાં ફક્ત CM બદલાયા, પરિસ્થિતિ નહીં

## કેન્દ્ર સરકાર 2029 સુધીમાં ઉગ્રવાદ ખતમ કરવાની તૈયારીમાં; અમરનાથ યાત્રા પછી શરૂઆત

નવી દિલ્હી, તા.16

મે 2023માં મણિપુરમાં મૈતેઈ અને કુકી-જી સમુદાયો વચ્ચે જાતીય હિંસા ફાટી નીકળી હતી. મણિપુરમાં મૈતેઈ-કુકી સમુદાયો વચ્ચે જાતીય હિંસા ફાટી નીકળ્યાને ત્રણ વર્ષ થઈ ગયા છે, પરંતુ 37 લાખની વસ્તી ધરાવતા આ નાના રાજ્યમાં આજે પણ બંને સમુદાયોમાં ભયનો માહોલ છે. ડર એટલા માટે, કારણ કે બંને સમુદાયોના હથિયારબંધ 'વોલન્ટિયર' ગમે ત્યારે ગોળીબાર શરૂ કરી દે છે. રાજ્યમાં હાલ 50થી વધુ ઉગ્રવાદી જૂથો સક્રિય છે. તેમાંથી અડધા સરકાર સાથે વાતચીતમાં સામેલ છે, તેમ છતાં હિંસાની હાલની ઘટનાઓમાં તેમની સંડોવણી સામે આવી છે. રાજ્યમાં તહેનાત સૈન્યના એક ઉચ્ચ અધિકારીએ ભાસ્કરને જણાવ્યું કે દેશમાંથી નક્સલવાદ ખતમ કર્યા પછી કેન્દ્ર સરકારનું સંપૂર્ણ ધ્યાન હવે પૂર્વોત્તરના ઉગ્રવાદ પર છે. તેમાં પણ મણિપુર સૌથી ઉપર છે. ઉગ્રવાદના ખાત્માનું લક્ષ્ય 2029 નક્કી કરવામાં આવ્યું છે. તેની શરૂઆત અમરનાથ યાત્રા પછી થઈ શકે છે.

માસૂમ મૃત્યુ: આખરે 25 દિવસ પછી પરિવારે બંને બાળકોના અંતિમ સંસ્કાર કર્યા

7 એપ્રિલે ટ્રોંગલાઓબીમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓના બોમ્બ વિસ્ફોટમાં મૃત્યુ પામેલા 2 નિર્દોષ બાળકોના અંતિમ સંસ્કાર શનિવારે



લામથાબુંગ ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યા. બાળકોના મૃતદેહ ત્યારથી જ શબઘરમાં રાખવામાં આવ્યા હતા. પરિવારે કહ્યું હતું કે જ્યાં સુધી બાળકોને ન્યાય નહીં મળે ત્યાં સુધી અંતિમ સંસ્કાર કરવામાં આવશે નહીં. બાળકોની દાદીએ જણાવ્યું કે સરકારે અમને પૈસા, નોકરી આપવાની વાત કરી, પરંતુ અમે ના પાડી દીધી. અમને બાળકો માટે ન્યાય જોઈએ છે.

એક્શન પ્લાનના 3 સ્ટેપ

રાજ્ય સરકારના સૂત્રોનું માનીએ તો નક્સલવાદમાં સુરક્ષા દળોનું જે ફોર્સ લાગેલું હતું, તેને મણિપુર શિફ્ટ કરવાની તૈયારી છે. લશ્કરી અધિકારીએ એ પણ જણાવ્યું કે સસ્પેન્શન ઑફ ઑપરેશન કરાર થયા પછી પણ મણિપુરના ઘણા ઉગ્રવાદી જૂથોના કેડરો પાસે હથિયારો છે. પહેલાં બધા જૂથો સાથે રાજકીય વાટાઘાટો થશે, જ્યાં જરૂર પડશે, ત્યાં આક્રમક કાર્યવાહી કરવામાં આવશે. એટલે કે મિશનમાં વાતચીત અને એક્શન બંને હશે. હાલમાં સેના, કેન્દ્રીય દળ અને રાજ્ય પોલીસના ઘણા યુનિટો કાર્યવાહીના નામે ફક્ત તેમના બંકરો નષ્ટ કરી રહ્યા છે, હથિયારો પકડી રહ્યા છે અને ઉગ્રવાદીઓને પાછળ ધકેલી રહ્યા છે, પરંતુ તેનાથી ઉગ્રવાદ ખતમ થવો મુશ્કેલ છે. એટલા માટે કેન્દ્ર સરકાર નવા મોટા મિશનની તૈયારી કરી રહી છે. આટલી ફોર્સ મણિપુર, આસામ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડના ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોમાં તહેનાત કરવાની યોજના છે. આગામી લોકસભા ચૂંટણી પહેલા આ લક્ષ્ય પુરુ કરવાનું છે. મણિપુરના અધિકારીઓએ નવી માઈન પ્રોટેક્ટર ગાડીઓની પ્રથમ ખેપ મળવાની પુષ્ટિ કરી છે, જેનો ઉપયોગ સંવેદનશીલ વિસ્તારોમાં થાય છે. મણિપુર સરકારમાં સામેલ એક ધારાસભ્યએ જણાવ્યું કે રાજ્યમાં 34 જનજાતિઓ છે. તેમની વચ્ચે પરસ્પર મતભેદ ઘણા છે. ઉગ્રવાદીઓની સંખ્યા આથી જ વધારે છે. મોટાભાગના કેડર બહાર ફરી રહ્યા છે અને તેમને હથિયારો લોકો પાસેથી મળી જાય છે.

ત્રણ વર્ષમાં શું બદલાયું: 60 હજાર લોકોની સ્થિતિ જેવી હતી તેવી જ, માત્ર સીએમ નવા

3 મે 2023 પછીથી જ રાજ્ય બે ભાગમાં વહેંચાઈ ગયું છે: મૈતેઈ લોકો ઈમ્ફાલ વેલીથી ઉપર કુકી પ્રભાવી પહાડી વિસ્તારોમાં જઈ શકતા નથી અને ન તો કુકી ઈમ્ફાલ વેલીમાં આવે છે. એન. બિરેન સિંહની જગ્યાએ યુમનમ ખેમચંદ સિંહ નવા મુખ્યમંત્રી બની ચૂક્યા છે,

# 'ગુજરાતી ગેંગને દસ જનમ પણ ઓછા પડશે' : અભિષેક બેનર્જીનો ભાજપને પડકાર, કહ્યું- તમારા દિગ્ગજોને ફાલ્ટા બેઠક પર ઉતારો; 21 મેના રોજ અહીં ફરીથી મતદાન

કોલકાતા, તા.16

પશ્ચિમ બંગાળની ફાલ્ટા વિધાનસભા બેઠક પર ફરીથી મતદાનના નિર્ણય બાદ રાજકીય નિવેદનબાજી તેજ બની ગઈ છે. TMCના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીએ ભાજપના દિગ્ગજોને ફાલતાથી ચૂંટણી લડવાનો પડકાર ફેંક્યો છે. અભિષેક બેનર્જીએ કહ્યું, 'બાંગ્લા વિરોધી ગુજરાતી ગેંગ અને તેમના સાથી જ્ઞાનેશ કુમારને મારા ડાયમંડ હાર્બર મોડેલને નુકસાન પહોંચાડવામાં દસ જન્મ પણ ઓછા પડશે. હું કેન્દ્ર સરકારને પડકારું છું કે તેમના સૌથી મજબૂત નેતાને મોકલો. જો હિંમત હોય, તો ફાલતાથી ચૂંટણી લડો.' ચૂંટણી પંચે ફાલતા વિધાનસભા ક્ષેત્રના તમામ 285 મતદાન મથકો પર 21 મેના રોજ ફરીથી મતદાન કરાવવાનો આદેશ આપ્યો છે. મતગણતરી 24 મેના રોજ થશે. ECI અનુસાર, 29 એપ્રિલે અહીં મતદાન દરમિયાન ચૂંટણી નિયમોનું ઉલ્લંઘન થયું હતું.

બંગાળમાં ભાજપ નેતાના ઘરની બહાર ફાયરિંગ, 2ની ધરપકડ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની મતગણતરીના એક દિવસ પહેલા નોર્થ 24 પરગણા જિલ્લામાં ભાજપ નેતાના ઘરની બહાર ફાયરિંગનો મામલો સામે આવ્યો છે. પોલીસે આ ઘટનામાં સામેલ હોવાના આરોપમાં બે લોકોની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ભાજપ નેતા કુંદન સિંહે ફરિયાદ



નોંધાવી હતી કે શનિવારે મોડી રાત્રે નોઆપારા વિધાનસભા ક્ષેત્રમાં તેમના ઘરની બહાર કેટલાક લોકોએ ગોળીબાર કર્યો હતો. આ ઘટનાથી વિસ્તારમાં ભય ફેલાઈ ગયો હતો. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી. જોકે, એક વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટ કર્યું નથી કે ધરપકડ કરાયેલા લોકો તે જ છે કે નહીં, જેમનું નામ ભાજપ નેતા અર્જુન સિંહે લીધું હતું.

ભાજપ પ્રમુખ મજુમદારે કહ્યું- આ વખતે ફાલ્ટામાં નિષ્પક્ષ ચૂંટણી થશે.

ફાલ્ટા વિધાનસભા મતવિસ્તારમાં ફરીથી મતદાન અંગે, પશ્ચિમ બંગાળ ભાજપ પ્રમુખ સુકાંત મજુમદારે કહ્યું, ફાલ્ટામાં ફક્ત ભાજપના ઉમેદવાર પાસે જ પૂરતી તાકાત છે. ભાજપ એક થઈને ચૂંટણી લડશે. આ વખતે કોઈ ગોટાળા થશે નહીં, કોઈ બૂથ કેપ્ચરિંગ થશે નહીં, કોઈ ધાકધમકી નહીં હોય. ચૂંટણી પંચ નિષ્પક્ષ ચૂંટણી કરાવશે.

ટીએમસી સાંસદ સૌગત રોયે ફાલ્ટામાં ફરીથી મતદાન અંગે સવાલ ઉઠાવ્યા

તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ પશ્ચિમ બંગાળના ફાલ્ટા વિધાનસભા મતવિસ્તારમાં ફરીથી મતદાન કરાવવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. પાર્ટીના સાંસદ સૌગત રોયે તેને ખરાબ નિર્ણય ગણાવ્યો અને પૂછ્યું કે શા માટે ફક્ત આ બેઠક પર જ ફરીથી મતદાન કરાવવામાં આવી રહ્યું છે. અમને નથી લાગતું કે આ એક સારો નિર્ણય છે, રોયે ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું. ફક્ત ફાલ્ટાને કેમ અલગ કરવામાં આવ્યું અને ત્યાં ફરીથી ચૂંટણી કેમ યોજાઈ રહી છે તે સ્પષ્ટ નથી. જોકે, જ્યારે ચૂંટણી યોજાશે, ત્યારે અમે ભાગ લઈશું.

ભાજપના ઉમેદવાર સીતલ કપાટે ઘાટલના વિશાલાક્ષી મંદિરમાં પૂજા કરી.

2026ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની મતગણતરી પહેલા, ઘાટલ વિધાનસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર સીતલ કપાટેએ રવિવારે વિશાલાક્ષી મંદિરમાં પૂજા કરી. મત ગણતરી પહેલા ઉમેદવારો માટે મંદિરોમાં જઈને આશીર્વાદ લેવાનું સામાન્ય બાબત છે. આ જ રીતે, સીતલ કપાટે પણ પૂજા કરી, જીત માટે પ્રાર્થના કરી. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે રાજ્યમાં ચૂંટણી પરિણામ મામલે ગરમાવાભર્યો માહોલ છે, બધા ઉમેદવારો પોતપોતાની રીતે તૈયારીઓમાં વ્યસ્ત છે. ચૂંટણી પરિણામોની હાલમાં રાહ જોવાઈ રહી છે, અને તે પછી જ સ્પષ્ટ થશે કે ઘાટલ બેઠક કોણ જીતશે.

# ઈરાનના શાંતિ પ્રસ્તાવ પર ટ્રમ્પને ભરોસો નથી : કહ્યું- ઈરાને માનવતા વિરુદ્ધના તેના અપરાધની કિંમત હજુ ચૂકવી નથી

વોશિંગ્ટન ડીસી, તા.16

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના નવા શાંતિ પ્રસ્તાવની સમીક્ષા કરવાની વાત કહી છે, પરંતુ તેની સફળતા પર શંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે ઈરાને હજુ સુધી પોતાના અપરાધોની કિંમત ચૂકવી નથી. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કહ્યું કે તેઓ ઈરાન દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવને જલ્દી જોશે, પરંતુ તેના સ્વીકાર થવાની સંભાવના ઓછી છે. તેમનું કહેવું છે કે છેલ્લા 47 વર્ષમાં ઈરાને જે કર્યું છે, તેના માટે તેને મોટી કિંમત ચૂકવવાની બાકી છે. ઈરાનની એજન્સીઓ અનુસાર, તેહરાને પાકિસ્તાન દ્વારા અમેરિકાને 14-પોઈન્ટનો પ્રસ્તાવ મોકલ્યો છે. તેમાં તમામ મોરચે સંઘર્ષ સમાપ્ત કરવા અને હોર્મુઝ સ્ટ્રેટ માટે નવી રૂપરેખા બનાવવાની વાત સામેલ છે. ઈરાનના ઉપ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ કહ્યું કે હવે અમેરિકાએ નક્કી કરવાનું છે કે તે વાતચીત ઈચ્છે છે કે સંઘર્ષ. ઈરાન બંને વિકલ્પો માટે તૈયાર છે.

ઈરાની અધિકારીઓ બોલ્યા- અમેરિકા પર ભરોસો નથી

ઈરાની સેનાના વરિષ્ઠ અધિકારી મોહમ્મદ જાફર અસદીએ ગઈકાલે કહ્યું કે અમેરિકા પર ભરોસો કરી શકાય નહીં અને બંને



દેશો વચ્ચે ફરીથી યુદ્ધ થઈ શકે છે. તેમણે કહ્યું કે ઈરાનની સેના સંપૂર્ણપણે તૈયાર છે અને જો અમેરિકા કોઈ ખોટું પગલું ભરશે તો જવાબ આપવામાં આવશે. તેમણે આરોપ લગાવ્યો કે અમેરિકા કોઈપણ કરાર કે વચનનું પાલન કરતું નથી. અસદીએ કહ્યું કે અમેરિકી અધિકારીઓના નિવેદનો અને પગલાં મોટાભાગે દેખાડા પૂરતા અને મીડિયા માટે હોય છે. તેમનો હેતુ પહેલા ઓઈલની કિંમતોને ઘટતી અટકાવવાનો અને બીજો પોતાની બનાવેલી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો છે.

ઈરાનનો આરોપ- અમેરિકા પરમાણુ સંધિનું પાલન નથી કરી રહ્યું

ઈરાને અમેરિકા પર પરમાણુ કરારનું પાલન ન કરવાનો આરોપ લગાવ્યો છે. ઈરાને શનિવારે સંયુક્ત રાષ્ટ્રમાં કહ્યું કે અમેરિકા પરમાણુ અપ્રસાર સંધિ (NPT) ના નિયમોનું પાલન નથી કરી રહ્યું અને તેનું વર્તન બેવડા ધોરણોવાળું છે. ઈરાને નિવેદનમાં કહ્યું કે છેલ્લા 56 વર્ષથી અમેરિકા આ સંધિ હેઠળ પોતાની જવાબદારીઓનું પાલન નથી કરી રહ્યું. જ્યારે તેની પાસે હજારો પરમાણુ હથિયારો છે. સાથે જ ઈરાને એમ પણ કહ્યું કે જો આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીની દેખરેખ હેઠળ કામ કરવામાં આવે, તો યુરેનિયમ સંવર્ધન પર કોઈ કાનૂની રોક નથી, જેમ કે ઈરાનના કિસ્સામાં હતું.

ઈરાન હોર્મુઝને લઈને નવો કાયદો લાવવાની તૈયારી કરી રહ્યું છે

અમેરિકા સાથે યુદ્ધવિરામ વાટાઘાટોને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને લઈને નવો કાયદો લાવવાની તૈયારી કરી રહ્યું છે. ઈરાની સંસદના ઉપાધ્યક્ષ હમીદરેઝા હાજી-બાબાઈએ જણાવ્યું કે આ કાયદા હેઠળ ઈઝરાયલના જહાજોને આ દરિયાઈ માર્ગેથી પસાર થવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે જણાવ્યું કે પ્રસ્તાવિત બિલમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે દુશ્મન દેશોના જહાજો ત્યારે જ પસાર થઈ શકશે જ્યારે તેઓ યુદ્ધનું વળતર ચૂકવશે. આ ઉપરાંત, અન્ય દેશોના જહાજોને પણ ઈરાન પાસેથી પરવાનગી લેવી પડશે, ત્યારે જ તેઓ આ માર્ગનો ઉપયોગ કરી શકશે. હાજી-બાબાઈએ કહ્યું કે હવે હોર્મુઝમાં જહાજોની અવરજવર પહેલા જેવી રહેશે નહીં અને યુદ્ધ પછી પરિસ્થિતિ બદલાઈ જશે.

ઈરાન યુદ્ધથી દુનિયા પર ખાદ્ય સંકટનો ખતરો

સંયુક્ત રાષ્ટ્ર (UN) ની સંસ્થા FAO ના મુખ્ય અર્થશાસ્ત્રી મેક્સિમો ટોરેરોએ ચેતવણી આપી છે કે દુનિયા એક મોટા ખાદ્ય સંકટ તરફ આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું કે હોર્મુઝ બંધ થવાથી ખાતરનો પુરવઠો ખરાબ રીતે પ્રભાવિત થયો છે. યુદ્ધ શરૂ થયા પછી તેનો પુરવઠો લગભગ અટકી ગયો છે, જેનાથી કિંમતો વધી રહી છે અને અછત પણ સર્જાઈ રહી છે. તેની અસર ખેતી પર પડશે અને પાકની ઉપજ 30% સુધી ઘટી શકે છે. તેનાથી ખાવા-પીવાની વસ્તુઓ વધુ મોંઘી થઈ શકે છે. ટોરેરોએ અલ જઝીરાને જણાવ્યું કે પરિસ્થિતિ એટલા માટે વધુ ખરાબ થઈ રહી છે કારણ કે એશિયામાં વાવણીનો સમય વીતી ગયો છે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા અને બ્રાઝિલ જેવા મોટા દેશો પોતાના પાક બદલી શકે છે અને ઘઉં-મકાઈની જગ્યાએ સોયાબીન ઉગાડી શકે છે, જેનાથી બજાર પર વધુ અસર પડશે. જેનાથી કિંમતો વધી રહી છે અને અછત પણ સર્જાઈ રહી છે. તેની અસર ખેતી પર પડશે અને પાકની ઉપજ 30% સુધી ઘટી શકે છે. તેનાથી ખાવા-પીવાની વસ્તુઓ વધુ મોંઘી થઈ શકે છે. ટોરેરોએ અલ જઝીરાને જણાવ્યું કે પરિસ્થિતિ એટલા માટે વધુ ખરાબ થઈ રહી છે કારણ કે એશિયામાં વાવણીનો સમય વીતી ગયો છે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા અને બ્રાઝિલ જેવા મોટા દેશો પોતાના પાક બદલી શકે છે અને ઘઉં-મકાઈની જગ્યાએ સોયાબીન ઉગાડી શકે છે, જેનાથી બજાર પર વધુ અસર પડશે.

# દ્વારકેશ પોડકાસ્ટના ચાહક ટેક દિગ્ગજો : ઝકરબર્ગને કહી દીધું હતું- ફરીથી રેકોર્ડ કરવું પડશે, હુઆંગ-નડેલા કલાકો સુધી ચર્ચા કરે છે

સેન ફ્રાન્સિસ્કો, તા.16

AIની જાદુઈ દુનિયામાં જ્યાં મોટા-મોટા દિગ્ગજો પણ ટેકનોલોજીના ઘોંઘાટમાં ખોવાઈ જાય છે, ત્યાં દ્વારકેશ પટેલ સિલિકોન વેલીના AI સમુદાયનો સૌથી મહત્વપૂર્ણ અવાજ બનીને ઉભર્યા છે. 25 વર્ષીય ભારતીય મૂળના દ્વારકેશના પોડકાસ્ટને પ્રતિ એપિસોડ સરેરાશ 20 લાખ વાર સાંભળવામાં આવે છે. માર્ક ઝકરબર્ગ, સત્ય નડેલા અને જેન્સન હુઆંગ જેવા દિગ્ગજ CEO તેમની સાથે કલાકો સુધી ચર્ચાઓ કરે છે. લોકપ્રિયતા એવી છે કે તેમની સાથે સેલ્ફી લેવા માટે પડાપડી થાય છે. પટેલ ઈન્ટરવ્યુ માટે ઊંડો અભ્યાસ કરે છે અને AIની જટિલ ભાષાને નવી શૈલીમાં રજૂ કરે છે.

કંટાળાથી શરૂ થયેલી સફર

દ્વારકેશના પોડકાસ્ટની સફર 2020માં એક કોલેજ હોસ્ટેલના રૂમમાંથી શરૂ થઈ હતી. કોરોના મહામારી દરમિયાન જ્યારે બધું જ ઠપ થઈ ગયું હતું, ત્યારે યુનિવર્સિટી ઓફ ટેક્સાસના વિદ્યાર્થી દ્વારકેશ કંઈક અલગ કરવાની શોધમાં હતા. તેમણે પોતાની જિજ્ઞાસાના જોરે નિષ્ણાતોને ઈમેલ કરવાનું શરૂ કર્યું. આજે 'દ્વારકેશ પોડકાસ્ટ'ની અલગ ઓળખ છે. એન્થ્રોપિકના મુખ્ય સંચાર અધિકારી સાશા ડી મેરિગ્ની કહે છે, 'લોકો તેમને ફક્ત કોમેન્ટેટર નથી માનતા, તેઓ AI સમુદાયના અભિન્ન અંગ છે.'

ઈન્ટરવ્યુ માટે એ જ મહેમાનોને પસંદ કરે છે, જેમની પાસેથી કંઈક નવું શીખવા મળે

દ્વારકેશ એક ઈન્ટરવ્યુ માટે બે અઠવાડિયા સુધી રિસર્ચ કરે છે. ફ્લેશ કાર્ડ બનાવે છે. વિષયોને સમજવા માટે ઈકોનોમિક્સ, ફિઝિક્સ સુધીના ટ્યુટર હાયર કરે છે. તેમની શાખ એવી છે કે તેમણે મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગને



પણ ઈન્ટરવ્યુ ફરીથી રેકોર્ડ કરવા માટે કહી દીધું હતું. એનવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગ અને ઓપનએઆઈના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક ઈલ્યા સુત્સ્કેવર જેવા દિગ્ગજો સાથે ટેક્નીકલી બારીકીઓ પર ચર્ચા કરે છે. દ્વારકેશના પોડકાસ્ટમાં રોકાણકારો કરોડો રૂપિયા લગાવવા તૈયાર છે, પરંતુ તેઓ તેને સ્વતંત્ર રિસર્ચ કંપની કે નેટવર્કની જેમ ચલાવવા માંગતા નથી. તેઓ પોતાના કન્ટેન્ટનું એડિટિંગ પોતે જ જુએ છે અને એ જ મહેમાનોને પસંદ કરે છે, જેમની પાસેથી તેમને કંઈક નવું શીખવા મળે.દ્વારકેશ એક ઈન્ટરવ્યુ માટે બે અઠવાડિયા સુધી રિસર્ચ કરે છે. ફ્લેશ કાર્ડ બનાવે છે. વિષયોને સમજવા માટે ઈકોનોમિક્સ, ફિઝિક્સ સુધીના ટ્યુટર હાયર કરે છે. તેમની શાખ એવી છે કે તેમણે મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગને પણ ઈન્ટરવ્યુ ફરીથી રેકોર્ડ કરવા માટે કહી દીધું હતું. એનવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગ અને ઓપનએઆઈના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક ઈલ્યા સુત્સ્કેવર જેવા દિગ્ગજો સાથે ટેક્નીકલી બારીકીઓ પર ચર્ચા કરે છે. દ્વારકેશના પોડકાસ્ટમાં રોકાણકારો કરોડો રૂપિયા લગાવવા તૈયાર છે, પરંતુ તેઓ તેને સ્વતંત્ર રિસર્ચ કંપની કે નેટવર્કની જેમ ચલાવવા માંગતા નથી. તેઓ પોતાના કન્ટેન્ટનું એડિટિંગ પોતે જ જુએ છે અને એ જ મહેમાનોને પસંદ કરે છે, જેમની પાસેથી તેમને કંઈક નવું શીખવા મળે.

દ્વારકેશ જટિલ મુદ્દાઓ પર કલાકો સુધી વાત કરે છે

જ્યાં મુખ્યપ્રવાહનું મીડિયા અવારનવાર AI વિશે ભય કે છીછરી વાતો કરે છે, ત્યાં દ્વારકેશ 'ક્વાડ્રેટિક અટેન્શન કોસ્ટ' અને 'કેવી વેક્ટર્સ' જેવા જટિલ તકનીકી શબ્દો પર કલાકો સુધી વાત કરે છે. પ્રખ્યાત અર્થશાસ્ત્રી ટાયલર કોવેન તેમને 'AI યુગના નંબર-1 ઈતિહાસકાર' ગણાવે છે. તેઓ AIના એવા ભવિષ્યની વાત કરે છે, જ્યાં મશીનો માણસની જેમ સતત શીખી શકશે, જોકે, તેઓ તેની વચ્ચે આવતી ટેકનીકલી અડચણો વિશે પણ સવાલો ઉઠાવે છે.

# MP-રાજસ્થાન સહિત 8 રાજ્યોમાં વાવાઝોડું-વરસાદ : જયપુરમાં વીજળીનો તાર તૂટવાથી યુવક જીવતો સળગી ગયો

ભોપાલ, તા.16

દેશના મોટાભાગના વિસ્તારોમાં શનિવારે ભારે પવનો સાથે વરસાદે ભીષણ ગરમીમાંથી રાહત આપી. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને છત્તીસગઢ એટલે કે 8 રાજ્યોમાં તેજ પવનો સાથે વરસાદ થયો. ઘણી જગ્યાએ કરા પણ પડ્યા. રાજસ્થાનના જયપુર, બીકાનેર, જોધપુર સહિત ઘણા શહેરોમાં તેજ આંધી ચાલી. 11 શહેરોમાં પારો 40 ડિગ્રીથી નીચે આવી ગયો. જયપુરના જયસિંહપુરા ખોરમાં તોફાનથી વીજળીનો તાર તૂટીને રસ્તા પર પડી ગયો. તેની ઝપેટમાં આવવાથી બાઈક સવાર યુવક જીવતો સળગી ગયો. ઉત્તરાખંડના દેહરાદૂનમાં કરા પડ્યા. ઉત્તરકાશીમાં સીએમ પુષ્કર સિંહ ધામીનું હેલિકોપ્ટર કરા પડવા વચ્ચે લેન્ડ થયું. આ તરફ, દેશના ઘણા શહેરોમાં હજુ પણ હીટવેવની સ્થિતિ છે. શનિવારે મહારાષ્ટ્ર અને રાજસ્થાનના 4 શહેરોમાં તાપમાન 44C થી વધુ રહ્યું. મહારાષ્ટ્રનું વર્ધા 44.5C તાપમાન સાથે દેશમાં સૌથી ગરમ રહ્યું. ચંદ્રપુરમાં 44.4C પારો



રહ્યો. રાજસ્થાનના જેસલમેરમાં 44.4C અને બાડમેરમાં 44.3C તાપમાન નોંધાયું. છત્તીસગઢના ધમતરીમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો.

આગામી 2 દિવસના હવામાનની સ્થિતિ

4 મે:

જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ, હિમાચલ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, ઓડિશા, આંધ્ર પ્રદેશ અને કેરળમાં વરસાદ પડશે. બંગાળ, આસામ, મેઘાલય અને સિક્કિમમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. પશ્ચિમ રાજસ્થાનમાં લૂનું એલર્ટ છે, જ્યારે તમિલનાડુ પુડુચેરીમાં ભેજવાળું હવામાન રહેશે.

5 મે:

મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, બિહાર, ઝારખંડ, બંગાળ, દક્ષિણ કર્ણાટકમાં વાવાઝોડા સાથે વરસાદનું યલો એલર્ટ છે. રાજસ્થાનમાં લૂ ચાલશે. સાથે જ વાવાઝોડા-વરસાદનું પણ એલર્ટ છે. સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તમિલનાડુ અને કેરળમાં ભારેથી અતિભારે વરસાદનો અંદાજ છે.

મધ્ય પ્રદેશ: અડધા MPમાં વરસાદ-વાવાઝોડું, ગ્વાલિયર-જબલપુર સહિત 27 જિલ્લામાં એલર્ટ; કરા પણ પડી શકે છે

મધ્ય પ્રદેશમાં ભીષણ ગરમી વચ્ચે તેજ વાવાઝોડા સાથે વરસાદનો દોર ચાલુ છે. ભોપાલ સહિત 20થી વધુ જિલ્લાઓમાં શનિવારે 30થી 50kmphની ઝડપે વાવાઝોડા સાથે વરસાદ થયો. ઘણી જગ્યાએ કરા પણ પડ્યા. હવામાન વિભાગ અનુસાર, 6 મે સુધી રાજ્યમાં આવું જ હવામાન રહેશે.

**તંત્રી લેખ**

## શું અજિત પવારના પ્લેન ક્રેશ પહેલા થયું તંત્ર-મંત્ર : ગામના લોકોએ કહ્યું- બકરાની બલિ

23 એપ્રિલ 2026, NCP ધારાસભ્ય અમોલ મિટકરીએ ખેતરમાં કાપેલા બકરા અને પૂજા-પાઠના ફોટા સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા. દાવો કર્યો કે અજિત પવારનું મૃત્યુ સામાન્ય અકસ્માત નહોતો. અજિત પવાર બારામતી આવે તે પહેલાં તેમના ખેતર અને ફાર્મહાઉસ પર તંત્ર-મંત્ર અને કાળો જાદુ કરાવવામાં આવ્યા હતા. આ દાવો મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારના પ્લેન ક્રેશમાં મૃત્યુના 85 દિવસ પછી કરવામાં આવ્યો હતો. તેમના ભત્રીજા રોહિત પવાર પણ આવા આરોપો લગાવી ચૂક્યા છે. ભાસ્કરની ટીમ આ દાવાઓની તપાસ કરવા અને ફોટાની વાસ્તવિકતા જાણવા માટે બારામતીમાં અજિત પવારના ગામ કાટેવાડી પહોંચી. અહીં બે સાક્ષીઓ મળ્યા, જેમણે પૂજા થતાં જોઈ હતી. કાટેવાડીના ઉપસરપંચ અને NCP સાથે જોડાયેલા મિલિંદ તુકારામ કાટે જાદુ-ટોનાની વાતને ખોટી ગણાવે છે. તેઓ દાવો કરે છે કે, 'ધારાસભ્ય અમોલ મિટકરીએ જે ફોટો શેર કર્યા છે, તે અજિત દાદાના ઘર કે ખેતરના નથી. મેં તે પૂજા જોઈ છે, તે અજિત દાદાના ખેતરમાં થઈ ન હતી.'' 'ગામના માહોલ પર અહીં રહેતા મિલિંદ કહે છે કે, 'અજિત દાદા માટે લોકોમાં ખૂબ પ્રેમ છે. મીડિયાએ અલગ-અલગ સવાલો ઉઠાવ્યા છે, ત્યારે ગામના લોકોના મનમાં પણ થોડી શંકાઓ પેદા થાય છે.'' અમને તો આ અકસ્માત જ લાગી રહ્યો છે. કેટલાક લોકો ષડયંત્રની આશંકા વ્યક્ત કરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવાર ગૃહમંત્રી અમિત શાહ અને PM મોદીને મળ્યા છે. અમને વિશ્વાસ છે કે જો કંઈ શંકાસ્પદ હશે, તો તે સામે આવશે.' અમે કાટેવાડીમાં તે જગ્યાએ પહોંચ્યા, જ્યાં પૂજા થઈ દાવો કરવામાં આવ્યો હતો. અહીં ખેડૂત સંજય મધુકર મળ્યા. તેઓ અમને ખેતરમાં લઈ ગયા. ત્યાં ઝાડ પર હજુ પણ બકરાના અવશેષો લટકેલા છે. અહીં બાજુમાં સંજયનું ખેતર છે. તેઓ દાવો કરે છે, 'મેં પૂજા થતી જોઈ હતી. એ ખબર નથી કે પૂજા ગામમાંથી કોણે કરી હતી.' 'ઘણા લોકો પૂજાના ફોટા બતાવીને ષડયંત્ર કહી રહ્યા છે, પરંતુ ત્યાં કોઈનો ફોટો રાખવામાં આવ્યો ન હતો. મેં જોયું હતું કે ત્યાં એક બોકળ (બકરો) લટકાવવામાં આવ્યો હતો અને તેનું મુંડકું (માથું) શરીરથી અલગ હતું. નીચે લીંબુ અને નારિયેળ રાખીને પૂજા કરવામાં આવી હતી, પરંતુ તેનો અજિત દાદાના પ્લેન ક્રેશ સાથે કોઈ સંબંધ નથી. આને ખોટી રીતે રાજકીય રંગ આપવામાં આવી રહ્યો છે.' ગામલોકોના દાવા જાણ્યા પછી અમે NCP ધારાસભ્ય અમોલ મિટકરી સાથે પણ વાત કરી. તેઓ અજિત પવારના પ્લેન ક્રેશ પહેલા અઘોરી પૂજાના દાવાઓ પર કાયમ છે. અમોલ કહે છે કે બારામતીમાં પેટાચૂંટણીના સમયે હું કાટેવાડી ગયો હતો. ત્યાં અજિત દાદાના ફાર્મ હાઉસના કેટલાક ફોટા મળ્યા, જેમાં જાદુ-ટોના જેવી વસ્તુઓ દેખાઈ રહી હતી.આ બધું કાટેવાડી ફાર્મ હાઉસના પાછળના ભાગનું હતું. અમોલ કહે છે, 'જો કોઈ પ્લેન ક્રેશને અકસ્માત કહે છે, તો તેને સાબિત કરીને બતાવે. પ્લેન પ્રશિક્ષિત પાયલટ ઉડાવી રહ્યા હતા, આવા સંજોગોમાં અકસ્માતની શક્યતા ઓછી છે. એ જોવું જરૂરી છે કે 26, 27 અને 28 જાન્યુઆરીએ અજિત પવાર ક્યાં હતા.

# વડાપ્રધાનની જાહેર અપીલને અનુસરીને દેશનાં આર્થતંત્રને સદ્ધર બનાવી, સાચાં નાગરિક બનીએ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગુરુવારે ભાવનગરમાં 45.2 જેટલું તાપમાન નોંધાયું, અને કોઈ દિવસ નહીં અને એ દિવસે જ ભર બપોરે બહાર જવાનું થયું! સ્વભાવ તો અતિશય લાગણીશીલ છે જ, અને ઘરમાં જ રહેવાનું હોય ચામડી પણ સેન્સેટિવ હોય, એટલે આગમાં રીંગણા શેકાયાં હોય એવું લાગ્યું. તાપમાન આ જ રીતે હવે દર વર્ષે વધતું જ રહેવાનું, અને જેને માથે છત નથી એનું બિચારા નું શું થશે? એ વિચારે ઘરે આવ્યાં પછી પણ તા સંતાપ રહ્યો! અંદર તો આમપણ દરેકને કોઈને કોઈ પ્રકારનો સંતાપ હોય જ છે! આમ સ્વ અને સંવેદના નાં ઉંચક નીચક પર ચાલતી જીંદગી હવે સુરક્ષિત અને સુવિધા ભરી નહીં રહે! એ વિચાર પણ વસમો છે! એટલી હદે હવે આપણને સુખ સુવિધાની આદત પડી ગઈ છે. વિજ્ઞાન વિકાસે માનવીની પ્રકૃતિને આળસુ બનાવી દીધો છે, અને એટલે યુવાનો પણ અત્યારે વ્હાઈટ કોલર જોબ શોધતા હોય છે, જેમાં એસી માં બેસીને કોમ્પ્યુટર પર જ કામ કરવાનું હોય! જોકે આખો દિવસ કોમ્પ્યુટર સાથે મગજમારી કરવી એ પણ સહેલું તો નથી જ! પણ યુવક યુવતી બંનેમાં શ્રમનું મહત્વ ઓછું થતું જાય છે, એમાં કોઈ બેમત નથી. એકબાજુથી ઈઝરાયેલ ઈરાન નું યુદ્ધ અટકાવવાનું નામ લેતું નથી. અમેરિકાએ ભારતનું અર્થતંત્ર તોડવા માટે ખૂબ ઊંડું રાજકારણ રચ્યું છે! અને આ હોર્મુઝનો દરિયાઈ માર્ગે આવતા આપણાં સમુદ્રી જહાજોની અનિયમિતતા વધતી જાય છે! ઉપરથી હવે ક્રુડ ઓઈલનો જથ્થો મેળવવો આર્થિક રીતે પણ મોંઘુ પડતું જાય છે! આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસાય નહીં! એ મુજબ આપણાં વડાપ્રધાન એ જનતાને અમુક વસ્તુઓ વિવેકથી કે કરકસરથી વાપરવાની અપીલ કરી છે! તો આપણે આજે એની પર વાત કરીશું! કારણ કે પેટ્રોલિયમ પ્લાનિંગ ઍન્ડ ઍનાલિસિસ સેલઅનુસાર, નાણાકીય વર્ષ 2025-26માં, ભારતે ક્રૂડઑઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની આયાત પર 144 બિલિયન અમેરિકન ડૉલરનો ખર્ચ થયો.

પીએમ મોદીએ ભારતીયોને પેટ્રોલ અને ડીઝલમાં કરકસર કરવાં, સોનું ખરીદવાનું ટાળવાં અને એક વર્ષ સુધી રસોઈ માટેનું તેલ ઓછું વાપરવાની સાથે, આ સમયગાળા દરમિયાન લોકોને વિદેશયાત્રા ટાળવાની પણ અપીલ કરી.

ભારતીય જનતા પાર્ટીનાં અનેક નેતાઓએ પીએમનાં ભાષણને શૅર કર્યું અને તેમની અપીલનો પુનરોચ્ચાર કરી પોતાની સહમતી દર્શાવી આ વાતને પૂર્ણ ટેકો આપ્યો.

અન્ય ક્ષેત્રોમાં મહાનુભાવોએ વડા પ્રધાનનાં ભાષણને ટાંકીને કહ્યું કે આવનારાં દિવસો હજી પણ વધુ કટોકટી ભર્યા આવશે, એવું વિચારીને ભારતને મુશ્કેલ સમય માટે તૈયાર રહેવું જોઈએ. તેમજ વિપક્ષે પોતાની ટેવ મુજબ સરકારને નિષ્ફળ ગણાવી અને કહ્યું કે ઈરાન યુદ્ધથી ઊભી થયેલી પરિસ્થિતિને સરકાર યોગ્ય રીતે હૅન્ડલ કરી શકી નહીં ,અને એટલે આ મુશ્કેલીને સંભાળવાની જવાબદારી જનતાનાં ખભા પર નાખવાનો આરોપ લગાવ્યો



હર હંમેશની જેમ સોશિયલ મીડિયા પર પણ લોકો વડાપ્રધાનનાં આ નિવેદન પર જાતજાતની ટિપ્પણી કરી રહ્યાં છે! કોઈ એમનાં નિવેદનને આવકારે છે, તો કોઈ ખોટાં ડરાવે છે, તો કેટલાંક લોકો વિધાનસભા ચૂંટણી દરમિયાન આ સંકટને જનતાથી કેમ છુપાવવામાં આવ્યું એવો પ્રશ્ન ઉઠાવી રહ્યાં છે! અને આવાં સંકટનાં સમયે સરકારે હાર જીતને મહત્વ દીધાં વગર જનતાને ચેતવી દેવી જોઈએ! આ ઉપરાંત નેતાઓ ગાડીઓના કાફલા વગર નીકળતા નથી! અને બેફામ પેટ્રોલ ડીઝલ નો ધૂમાડો કરે છે! પહેલાં એની પર કાપ મૂકો ! અને આ વાત થોડેઅંશે વિચારવાં જેવી પણ ખરી.

ઈરાન યુદ્ધનો ઉલ્લેખ કરતાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ ઘટાડવા અને પબ્લિક ટ્રાન્સપૉર્ટનો ઉપયોગ વધુ કરવાની સલાહ આપી. તેમણે કહ્યું, 'ભારત પાસે ક્રૂડઑઈલના મોટા મોટા કુવા નથી. આપણે બીજા દેશોમાંથી મોટા પ્રમાણમાં પેટ્રોલ, ડીઝલ અને ગૅસની આયાત કરવી પડે છે. યુદ્ધને કારણે, સમગ્ર વિશ્વમાં પેટ્રોલ, ડીઝલ, ગૅસ અને ખાતરનાં ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, અને આસમાને પહોંચી ગયા છે. પડોશી દેશોમાં શું થઈ રહ્યું છે, એમનાં દેશમાં લોટનાં પણ રુપિયા નથી! એવું બધું અખબારોમાં પ્રકાશિત થાય છે.

વડા પ્રધાને પોતાના ભાષણમાં લોકોને એક વર્ષ સુધી સોનું ખરીદવું નહીં એવી અપીલ કરી.

તેમણે કહ્યું, 'સોનું ખરીદવું એ વધુ એક પાસું છે, જેમાં વિદેશી ચલણનો ઘણો ઉપયોગ થાય છે. એક સમય હતો જ્યારે લોકો સંકટટાણે દેશહિતમાં સોનું દાન કરતા. આજે દાનની જરૂર નથી, પરંતુ દેશહિતમાં, આપણે નક્કી કરવું પડશે કે એક વર્ષ સુધી, ઘરે કોઈ પ્રસંગ હોય, તો આપણે સોનાનાં ઘરેણાં નહીં ખરીદીએ.'

'આપણે સોનું નહીં ખરીદીએ. આપણી દેશભક્તિ આપણને વિદેશી હુંડિયામણ બચાવવાનો પડકાર ફેંકી રહી છે, અને આપણે એ સ્વીકારવું પડશે અને વિદેશી હુંડિયામણ બચાવવું પડશે.'ભારત મોટા પ્રમાણમાં ક્રૂડઑઈલ અને સોનું બંને આયાત કરે છે. તેથી, તેને ખરીદવા માટે વધુ વિદેશી ચલણ મોટેભાગે ડૉલરની જરૂર પડશે. આનાથી રૂપિયો નબળો પડશે, જેના કારણે ભારતીય અર્થતંત્ર પર નકારાત્મક અસર પડશે, અને ફુગાવો વધવાની શક્યતા રહે.

જ્યારે ફૉરેક્સ એટલે વિદેશી હુંડિયામણ લેવાં માટેનું જે બજેટ નક્કી થયું હોય એમાં ઘટ પડે, ત્યારે સરકારની ચિંતા બે સ્તરની હોય છે. કે

ક્રૂડઑઈલની આયાત અને સોનાની આયાત જો ઘટે તો આ બજેટમાં આપણો ગુજારો થઈ જાય! અને એવી આશા સાથે વડા પ્રધાને ક્રૂડઑઈલની સાથોસાથ એક વર્ષ સોનું ખરીદવું નહીં એવું કહ્યું. હોર્મુઝની નાકાબંધી લાંબા સમય સુધી ચાલુ રહે અને જો ક્રૂડઑઈલના ભાવ 110 અથવા 120 અમેરિકન ડૉલર પ્રતિ બેરલ જળવાઈ રહે તો, રાજકોષીય ખાધ વધતું જ જાય ,અને એકંદરે અર્થતંત્ર પર તેની અસર પડે.

ભારત મુખ્યત્વે ક્રૂડ ઓઈલ, ખનિજ ઈંધણ, સોના ચાંદી જેવી કિંમતી ધાતુઓ, ઈલેક્ટ્રોનિક સાધનો, મશીનરી, દવાઓ, રસાયણ, અને ખાતર, જેવી વસ્તુઓની આયાત કરે છે. આ ઉપરાંત ઓપરેશન સિંદૂર વખતે આપણે આપણી ડિફેન્સ સીસ્ટમ માટેનાં સાધનોની સક્ષમતા જોઈ હતી! અને એ રીતે સરહદોની સુરક્ષા વધારવા પણ આપણે વિદેશી હૂંડિયામણ લેવું પડે છે! આ ઉપરાંત ભારતીય સમાજ પણ વિદેશી બ્રાન્ડનો શોખીન થતો જાય છે, એટલે એ રીતે પણ આપણું નાણું વિદેશોમાં ચાલ્યું જાય છે! પહેલાંનાં સમયમાં સાયકલ પણ રોજની નહીં વેચાતી હોય, એ રીતે પૂરા ભારતમાં રોજની લાખોની સંખ્યામાં સ્કૂટર, બાઈક, અને મોંઘી મોંઘી ગાડીઓ વહેંચાય છે! અતિ મોંઘા સોના ચાંદી અને સાચાં હીરા પણ સ્ટેટ્સનો વિષય થતો જાય છે, અને દર વર્ષે ભારત 700 થી 800 ટન સોનું વિદેશમાંથી ખરીદે છે, અને એ રીતે સોનું ચાંદીની ખરીદીથી આપણાં રુપિયા વિદેશમાં જાય અને રુપિયાનું અવમૂલ્યન થાય છે. સર્વે કરવામાં આવે તો ભારતનાં મંદિરો અને ઘરમાંથી જો સોનું ભેગું કરીએ તો વિદેશની સરકાર પાસે પણ આટલું સોનું નહીં હોય! કારણ કે ભારતીય કાયદા મુજબ સોનાને સ્ત્રી ધન, કહેવાય,એટલે ભારતીય સ્ત્રી સોનાને સ્ત્રી સંકટ સમયની સાંકળ માનીને પણ ખરીદે! પરંતુ અત્યારે આપણી ગમે તેટલી હેસિયત હોય, આપણાં સ્ટેટ્સને એક બાજુ મૂકીને, રાષ્ટ્ર માથે આવેલા સંકટનું વિચારીને આ નિવેદનને પૂરેપુરુ સમજીને અનુસરી ભારતીય અર્થતંત્રને સક્ષમ બનાવી આપણી નાગરિક તરીકેની ફરજ બજાવીએ. જય હિન્દ.

## અમદાવાદ-ધોલેરા વચ્ચે બનશે 134 કિમી લાંબો બ્રોડ ગેજ સેમી હાઇ-સ્પીડ કોરિડોર

### ધારાસભ્ય શ્રી અમિત ઠાકર અને DRM શ્રી વેદ પ્રકાશે વસ્ત્રાપુર સ્ટેશનની મુલાકાત લીધી



**અમદાવાદ, તા.16**

ગુજરાતને દેશનો પ્રથમ બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર મળવા જઈ રહ્યો છે. અમદાવાદ (સરખેજ) થી ધોલેરા વચ્ચે લગભગ 134 કિલોમીટર લાંબી ડબલ બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ રેલ લાઈનનું નિર્માણ કરવામાં આવશે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આવનારા ધોલેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તેમજ લોથલ સ્થિત નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને આધુનિક રેલ કનેક્ટિવિટી પૂરી પાડશે. પ્રોજેક્ટની ડિઝાઈન ગતિ 220 કિલોમીટર પ્રતિ કલાક અને સંચાલન ગતિ 200 કિલોમીટર પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી, ગાંધીગ્રામ અને વસ્ત્રાપુર સ્ટેશનોને મેટ્રો નેટવર્ક સાથે જોડવામાં આવશે. સાથે જ સાબરમતી સ્ટેશન પર બુલેટ ટ્રેન કનેક્ટિવિટી અને મોરૈયા સ્ટેશન પર ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) સાથે જોડાણ સુનિશ્ચિત કરવામાં આવશે, જેના કારણે ગુજરાત એક વિશ્વસ્તરીય મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસિત થશે.

આ જ ક્રમમાં વેજલપુર વિધાનસભા ક્ષેત્રના માનનીય ધારાસભ્ય શ્રી અમિત ઠાકરે વસ્ત્રાપુર સ્ટેશનની મુલાકાત લીધી. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ સહિત રેલવેના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા.

પોતાના સંબોધનમાં માનનીય ધારાસભ્ય શ્રી અમિત ઠાકરે જણાવ્યું કે જ્યારે કોઈ રાજ્યમાં મોટા વિકાસ કાર્યો થાય છે, ત્યારે તે સાથે જોડાયેલા વિસ્તારોમાં ભવિષ્ય માટે નવી સંભાવનાઓના દ્વાર ખુલ્લા થાય છે. તેમણે જણાવ્યું કે ધોલેરામાં વિકસિત થઈ રહેલા વિશાળ ઔદ્યોગિક અને આર્થિક ક્ષેત્રને અમદાવાદના સરખેજ વિસ્તાર સાથે જોડતી આ સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ગુજરાતના વિકાસને નવી દિશા આપશે. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી તેમજ વિસ્તારના સાંસદ શ્રી અમિત શાહ અને રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે 20,667 કરોડની આ પ્રોજેક્ટથી વેજલપુર વિસ્તાર અને અમદાવાદ શહેરમાં વ્યાપક વિકાસ તથા રોકાણની સંભાવનાઓ ઊભી થશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ પ્રોજેક્ટ દ્વારા લોકો માત્ર 45 મિનિટમાં ધોલેરા પહોંચી શકશે, જેના કારણે રોજગાર, આવાસીય અને વાણિજ્યિક પ્રવૃત્તિઓને અભૂતપૂર્વ ગતિ મળશે. સાથે જ ભાવનગર વિસ્તારમાં વિકસિત થઈ રહેલી બંદરગાહ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓથી અમદાવાદ અને સરખેજ વિસ્તારના યુવાનો માટે રોજગારના નવા અવસરો પણ સર્જાશે.

આ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન અનુસાર વિકસાવવામાં આવી રહ્યો છે, જેનો હેતુ મલ્ટી-મોડલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવાનો અને ભારતની લોજિસ્ટિક કાર્યક્ષમતાને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવાનો છે.

# પુરુષોત્તમ માસ 2026 : અધિક જેઠનો મહિમા અને શાસ્ત્રોક્ત વિધિઓ





**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભારતીય કાળગણનાની સૌથી સુંદર વ્યવસ્થા એટલે ચાંદ્ર અને સૌર વર્ષનો સમન્વય.આ સમન્વય સાચવવા દર ત્રીજા વર્ષે જે વધારાનો માસ ઉમેરાય છે તેને 'અધિક માસ', 'મળમાસ' કે 'પુરુષોત્તમ માસ' કહે છે.વર્ષ ૨૦૨૬માં આ પવિત્રમાસ અધિક જેઠ રૂપે આવી રહ્યો છે. ગુજરાતી પંચાંગ મુજબ તા.૧૭ મે ૨૦૨૬, રવિવારથી શરૂ થઈને તા.૧૫ જૂન ૨૦૨૬, સોમવાર સુધી ચાલશે.આ કારણે ૨૦૨૬નું વર્ષ ૧૨ ને બદલે ૧૩ મહિનાનું બનશે. ભગવાન વિષ્ણુએ પોતે આ માસને પોતાનું નામ 'પુરુષોત્તમ' આપીને સર્વ માસમાં શ્રેષ્ઠ બનાવ્યો છે. આ માસમાં શુભ કાર્યો વર્જિત છે પણભક્તિ દાન અને ઉપવાસનું અનંત ફળ કહ્યું છે.અધિક માસ કેમ આવે છે? આપણું વિક્રમ સંવત ચાંદ્રમાસ આધારિત છે. એક ચાંદ્રમાસ ૨૯.૫ દિવસ નો હોય છે.આવા ૧૨ ચાંદ્રમાસ નું એક ચાંદ્રવર્ષ ૩૫૪ દિવસ,૮ કલાક,૪૮ મિનિટ અને ૩૪ સેકન્ડનું થાય.જ્યારે સૂર્ય મેષાદિ ૧૨ રાશિઓ પૂરી કરે તેટલા સમયનું સૌરવર્ષ ૩૬૫ દિવસ,૬ કલાક,૯મિનિટ અને ૧૦ સેકન્ડનું હોય છે.

આમ દર વર્ષે સૌર અને ચાંદ્ર વર્ષ વચ્ચે ૧૦ દિવસ,૨૧કલાક,૨૦ મિનિટ અને ૩૬ સેકન્ડનો તફાવત પડે. આ તફાવત ૩૨ મહિના,૧૬ દિવસ અને ૪ ઘડી એટલે કે લગભગ પોણા ત્રણ વર્ષે ૩૦ દિવસનો થઈ જાય. જો આ તફાવતને સરભર ન કરાય તો આપણા તહેવારો દર વર્ષે ૧૧ દિવસ પાછળ ખસતા જાય. પરિણામે નવરાત્રી ઉનાળામાં અને હોળી ચોમાસામાં આવે. ઋતુ અને ઉત્સવોનો તાલમેળ જાળવવા ઋષિમુનિઓએ આ વધારાના માસની યોજના કરી. ૩૩ સૌરમાસ બરાબર ૩૪ ચાંદ્રમાસ થાય છે. આ ૩૪મો માસ એટલે જ અધિક માસ.

અંગ્રેજી કેલેન્ડરમાં આ તફાવત સરભર કરવા દર ચોથા વર્ષે ફેબ્રુઆરીમાં 29 દિવસનું લિપ વર્ષ આવે છે. મુસ્લિમ કેલેન્ડર માત્ર ચંદ્ર ગતિ પર આધારિત હોવાથી તેમના તહેવારો ગમે તે ઋતુમાં આવે છે. પણ હિંદુ પંચાંગ ઋતુગત ઉત્સવોની પરંપરા સાચવે છે.અધિક માસનું ધાર્મિક મહત્વ શાસ્ત્રોમાં આ માસને 'મળમાસ' કહ્યો કારણ કે તેમાં સૂર્ય સંક્રાંતિ થતી નથી. સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશે તેને સંક્રાંતિ કહેવાય, જે દર મહિને થાય છે. અધિક માસમાં સૂર્ય આખો મહિનો એક જ રાશિમાં રહે છે, તેથી તે માંગલિક કાર્યો માટે શુભ નથી. આથી સગાઈ, લગ્ન, ગૃહપ્રવેશ, નવા ધંધાનું મુહૂર્ત, ઉપનયન સંસ્કાર,મુંડન કે મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા જેવા કાર્યો વર્જિત છે.પણ આ જ કારણે આ માસ ભક્તિ માટે સર્વોત્તમ બન્યો. પુરાણ કથા મુજબ દરેક માસના અધિપતિ દેવતા છે, પણ મળમાસને કોઈએ ન સ્વીકાર્યો. ત્યારે દુ:ખી થયેલો મળમાસ ભગવાન વિષ્ણુ પાસે ગયો. ભગવાને તેને પોતાનું 'પુરુષોત્તમ' નામ આપીને આશીર્વાદ આપ્યા કે આ માસમાં થયેલી ભક્તિ, દાન અને તપનું ફળ અન્ય માસો કરતાં અનેકગણું મળશે. ત્યારથી આ માસ 'પુરુષોત્તમ માસ' કહેવાયો.પુરુષોત્તમ માસમાં શું કરવું?ભગવાન વિષ્ણુની ઉપાસના આ માસ વિષ્ણુ અને તેમના અવતારો રામ, કૃષ્ણની પૂજા માટે ખાસ છે. રોજ ' નમો ભગવતે વાસુદેવાય' મંત્ર કે વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવો.ગ્રંથ પારાયણ: શ્રીમદ્ ભાગવત, વિષ્ણુ પુરાણ, રામાયણ કે ગીતાજીનું વાંચન-શ્રવણ કરવું. એક અધ્યાય પણ રોજ વાંચવાથી વિશેષ ફળ મળે.શિવ પૂજા: શિવલિંગ પર જલાભિષેક કરી ચંદન, બિલ્વપત્ર, ધતૂરો, આંકડાના ફૂલ, દહીં, મધ, પંચામૃત અર્પણ કરવા.વ્રત-ઉપવાસ: શક્ય હોય તો આખા મહિનો એકટાણું કરવું. ન બને તો એકાદશી, પૂર્ણિમા, અમાસ જેવી તિથિઓએ ઉપવાસ રાખવા.દાનનો મહિમા: આ માસમાં દાનનું ફળ અક્ષય કહેવાય છે. અન્નદાન, વસ્ત્રદાન, જૂતા-ચપ્પલ, છત્રી, તલ, ગોળ, તેલ, ધનનું દાન કરવું. ગૌશાળામાં ગાયોને લીલું ઘાસ ખવડાવવું. તમે જે સંસ્થાના અનુયાયી હોવ ત્યાં યથાશક્તિ દાન કરવું. અધિક માસનું ધાર્મિક મહત્વ શાસ્ત્રોમાં આ માસને 'મળમાસ' કહ્યો કારણ કે તેમાં સૂર્ય સંક્રાંતિ થતી નથી. સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશે તેને સંક્રાંતિ કહેવાય, જે દર મહિને થાય છે. અધિક માસમાં સૂર્ય આખો મહિનો એક જ રાશિમાં રહે છે, તેથી તે માંગલિક કાર્યો માટે શુભ નથી. આથી સગાઈ, લગ્ન, ગૃહપ્રવેશ, નવા ધંધાનું મુહૂર્ત, ઉપનયન સંસ્કાર,મુંડન કે મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા જેવા કાર્યો વર્જિત છે.પણ આ જ કારણે આ માસ ભક્તિ માટે સર્વોત્તમ બન્યો. પુરાણ કથા મુજબ દરેક માસના અધિપતિ દેવતા છે, પણ મળમાસને કોઈએ ન સ્વીકાર્યો. ત્યારે દુ:ખી થયેલો મળમાસ ભગવાન વિષ્ણુ પાસે ગયો. ભગવાને તેને પોતાનું 'પુરુષોત્તમ' નામ આપીને આશીર્વાદ આપ્યા કે આ માસમાં થયેલી ભક્તિ, દાન અને તપનું ફળ અન્ય માસો કરતાં અનેકગણું મળશે. ત્યારથી આ માસ 'પુરુષોત્તમ માસ' કહેવાયો.પુરુષોત્તમ માસમાં શું કરવું?ભગવાન વિષ્ણુની ઉપાસના આ માસ વિષ્ણુ અને તેમના અવતારો રામ, કૃષ્ણની પૂજા માટે ખાસ છે. રોજ ' નમો ભગવતે વાસુદેવાય' મંત્ર કે વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવો.ગ્રંથ પારાયણ: શ્રીમદ્ ભાગવત, વિષ્ણુ પુરાણ, રામાયણ કે ગીતાજીનું વાંચન-શ્રવણ કરવું. એક અધ્યાય પણ રોજ વાંચવાથી વિશેષ ફળ મળે.શિવ પૂજા: શિવલિંગ પર જલાભિષેક કરી ચંદન, બિલ્વપત્ર, ધતૂરો, આંકડાના ફૂલ, દહીં, મધ, પંચામૃત અર્પણ કરવા.વ્રત-ઉપવાસ: શક્ય હોય તો આખા મહિનો એકટાણું કરવું. ન બને તો એકાદશી, પૂર્ણિમા, અમાસ જેવી તિથિઓએ ઉપવાસ રાખવા.દાનનો મહિમા: આ માસમાં દાનનું ફળ અક્ષય કહેવાય છે. અન્નદાન, વસ્ત્રદાન, જૂતા-ચપ્પલ, છત્રી, તલ, ગોળ, તેલ, ધનનું દાન કરવું. ગૌશાળામાં ગાયોને લીલું ઘાસ ખવડાવવું. તમે જે સંસ્થાના અનુયાયી હોવ ત્યાં યથાશક્તિ દાન કરવું.

તીર્થ સ્નાન: ગંગા, યમુના, નર્મદા, શિપ્રા જેવી પવિત્ર નદીઓમાં સ્નાનનું મહત્વ છે. ન બની શકે તો ઘરે સ્નાનના પાણીમાં ગંગાજળ ઉમેરી 'ગંગે ચ યમુને ચૈવ...' મંત્ર બોલી સ્નાન કરવું.દીપ-ધૂપ: રોજ સવાર-સાંજ ઘરના પૂજાઘરમાં દીવો પ્રગટાવી આરતી કરવી. ગુરુમંત્ર કે ઈષ્ટદેવના મંત્રનો જાપ કરવો.સત્સંગ: સાધુ-સંતોના પ્રવચન સાંભળવા, ભજન-કીર્તનમાં જોડાવું.

શું ન કરવું?*અધિક માસમાં નવા કાર્યનો પ્રારંભ,વાસ્તુપૂજા, વાહન કે મિલકતની ખરીદી ટાળવી જોઈએ કારણ કે આ માસ ફળ પ્રાપ્તિનો છે, કર્મના વાવેતરનો નહીં. જે કર્મ પહેલાં કર્યા છે તેનું ફળ મેળવવા આ માસ ઉત્તમ છે.*૨૦૨૬નો અધિક જેઠ: વિશેષ સંયોગ*આ વખતે અધિક માસ જેઠ મહિનામાં આવતો હોવાથી ગરમીનો પ્રકોપ વધુ રહેશે.તેથી પાણી,છાશ, શરબત,છત્રી, ચપ્પલનું દાન વિશેષ પુણ્યદાયી બનશે.જેઠ મહિનો ભગવાન વિષ્ણુને પ્રિય હોવાથી અધિક જેઠનો સંયોગ ભક્તો માટે સોનામાં સુગંધ સમાન છે.

પુરુષોત્તમ માસ એ આપણને જીવનની દોડમાંથી થોડો સમય કાઢી આત્મચિંતન, સેવા અને ભક્તિ કરવા મળેલી તક છે. બાહ્ય શુભ કાર્યો ભલે ન થાય, પણ અંતરના શુદ્ધિકરણ માટે આનાથી ઉત્તમ સમય બીજો નથી. આ ત્રીસ દિવસમાં કરેલી સાધના આખા વર્ષનું ભાથું બની રહે છે. માટે આ પવિત્ર અવસર ચૂકશો નહીં.

# 90 શાળાનાં 24,000 બાળકોનાં જઠરાગ્નિ ઠરે છે : રાજકોટનાં હાઈટેક કિચનમાં 1 કલાકમાં 20,000 રોટલી તૈયાર થાય છે, શાકભાજી કટિંગ, અનાજ સાફ કરવામાં આધુનિક મશીનનો ઉપયોગ

**રાજકોટ, તા.16**

રાજકોટ શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 90 શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે 24,000 બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજકોટમાં એક હાઈ-ટેક સેન્ટ્રલાઈઝ્ડ કિચન કાર્યરત કરવામાં આવ્યું છે. શાસ્ત્રી મેદાન પાસે આવેલું આ રસોડું ટેકનોલોજી અને સેવાનું અદભૂત ઉદાહરણ પૂરું પાડે છે, જ્યાં 1 કલાકમાં 20,000 રોટલી તૈયાર થાય છે. શાકભાજી કટિંગ, અનાજ સાફ કરવામાં આધુનિક મશીનનો ઉપયોગ કરવામાં આવે છે અને તૈયાર થયેલું પૌષ્ટિક ભોજન ગણતરીના કલાકોમાં હજારો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે. દરરોજ સરેરાશ બે હજાર કિલોથી વધુ ભોજન અહીં તૈયાર કરાય છે, જ્યારે રોટલી પીરસવાની હોય ત્યારે આંકડો વધીને 3,000 કિલો (અંદાજે 3 ટન) સુધી પહોંચે છે.

ઉલ્લેખનીય છે કે, બાળકો રાષ્ટ્રનું ભાવિ છે અને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે ઉત્તમ સ્વાસ્થ્ય પણ એટલું જ અનિવાર્ય છે. આ ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પીએમ પોષણ યોજના (મધ્યાહન ભોજન) અને મુખ્યમંત્રી પૌષ્ટિક આલ્પાહાર યોજના કાર્યરત કરવામાં આવી છે.

RMC દ્વારા સેન્ટ્રલાઈઝ્ડ કિચનની વ્યવસ્થા કરાઈ

પીએમ પોષણ યોજનાના ઈન્ચાર્જ નાયબ કલેક્ટર બી. એલ. કાથરોટીયાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, રાજકોટની 90 શાળાનાં 24,000 બાળકોને નિયમિત ગરમ ભોજન અને સવારનો નાસ્તો મુખ્યમંત્રી અલ્પાહાર યોજના અંતર્ગત પીરસવામાં આવે છે. આ માટે રાજકોટ કોર્પોરેશન દ્વારા સેન્ટ્રલાઈઝ્ડ કિચનની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ કિચનમાં રસોઈ માટે આધુનિક મશીનરીઓ જેવી કે રોટલી બનાવવાના મશીન અને સ્ટીમ બેઈઝ્ડ કુકિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે.

1 કલાકમાં 25,000 બાળકોની રસોઈ તૈયાર કરી શકાય

આ સિસ્ટમ દ્વારા 25,000 બાળકોની રસોઈ માત્ર 1 કલાકમાં તૈયાર કરી શકાય છે. આ કામગીરી માટે 30થી 35 વ્યક્તિઓનો સમર્પિત સ્ટાફ કાર્યરત છે, જે સવારના 5:30 થી 7:30 વાગ્યા સુધીમાં રસોઈ તૈયાર કરી લે છે. આ તૈયાર ભોજન શાળાઓ સુધી સમયસર પહોંચાડવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે 11 ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે અને દરેક ક્લસ્ટર દીઠ સ્પેશિયલાઈઝ્ડ સ્ટીલના કન્ટેનર ધરાવતા વાહનોની ફાળવણી કરવામાં આવી છે. આ કન્ટેનરમાં ભોજન લાંબા સમય સુધી ગરમ રહે છે.

લાપસી, સુખડી, વેજ પુલાવ જેવી વાનગીઓનો સમાવેશ

વધુમાં જણાવ્યું કે, મધ્યાહન ભોજન યોજના (PM પોષણ) અંતર્ગત બાળકોને પૂરતા પ્રમાણમાં કેલરી અને પ્રોટીન મળી રહે તે હેતુથી સરકાર દ્વારા સાપ્તાહિક મેનૂ ખૂબ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે. આ મેનૂમાં વિવિધતા લાવવા માટે લાપસી, સુખડી, મિલેટ સુખડી, વેજ પુલાવ, વેજીટેબલ ખીચડી, મિલેટ ચાટ અને દાળ-ઢોકળી જેવી વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમગ્ર યોજના કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ દ્વારા ચલાવવામાં આવે છે.

યોજના પાછળ વાર્ષિક રૂ. 7 કરોડનો ખર્ચ

આ યોજના પાછળ વાર્ષિક અંદાજે રૂ. 7 કરોડનો ખર્ચ થાય છે, જેની સંપૂર્ણ ગ્રાન્ટ સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. ખોરાકની ગુણવત્તા જાળવવા માટે મધ્યાહન ભોજન યોજનાનો સ્ટાફ નિયમિતપણે સેન્ટ્રલ કિચન અને શાળાઓની મુલાકાત લે છે. ફૂડ વિભાગ દ્વારા પણ તૈયાર ખોરાકના સેમ્પલ લઈને તેનું પરીક્ષણ કરવામાં આવે છે. આ ઉપરાંત, અધિકારીઓ દ્વારા રૂબરૂ મુલાકાત લઈને કાચા માલ અને તૈયાર ભોજનની ચકાસણી કરવામાં આવે છે તેમજ શિક્ષકો અને આચાર્યો પાસેથી ફીડબેક મેળવીને જરૂરી સુધારા-વધારા પણ કરવામાં આવે છે.

તમામ બાળકોને એકસમાન સ્વાદ અને ક્વોલિટીવાળું ભોજન

ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા નક્કી કરાયેલા મેનુ મુજબ સપ્તાહના બધા દિવસ બાળકોને અલગ-અલગ વાનગીઓ પીરસવામાં આવે છે. જેમાં બાફેલી, શેકેલી અને વઘારેલી વસ્તુઓનો સમાવેશ થાય છે. પરંપરાગત ભારતીય વાનગીઓ બાળકોને પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને ન્યુટ્રીશન પૂરું પાડે છે.

અગાઉ દરેક શાળામાં અલગ-અલગ રસોઈ બનતી હતી, પરંતુ આ સેન્ટ્રલાઈઝ્ડ સિસ્ટમને કારણે હવે તમામ બાળકોને એકસમાન સ્વાદ અને ક્વોલિટીવાળું ભોજન મળી રહ્યું છે.

રાજકોટનું આ આધુનિક રસોડું ખરા અર્થમાં હજારો ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે પોષણનું કેન્દ્ર બન્યું છે.

આ સમગ્ર પ્રોજેક્ટનું સંચાલન દિલ્હીની એક અનુભવી એજન્સી દ્વારા કરવામાં આવે છે. જેમાં મુખ્ય રસોઈયા સહિત કૂલ 35 કર્મચારીઓની ટીમ કાર્યરત છે. વહીવટી દેખરેખ માટે મહાનગરપાલિકાના અધિકારીને મધ્યાહન ભોજન યોજનાના ડેપ્યુટી કલેક્ટરનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તેમની સાથે નાયબ મામલતદાર અને ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર પણ આ કામગીરીની જવાબદારી સંભાળે છે.

## સુરત જિલ્લાનાં પ્રતિભાશાળી શિક્ષક રાજેશ સોલંકી નેશન'સ પ્રાઈડ એવોર્ડ ૨૦૨૯ તથા માનદ ડોક્ટરેટથી પદવીથી સન્માનિત

**સુરત, તા.16**

સુરત જિલ્લાનાં પલસાણા તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત લિંગડ પ્રાથમિક શાળામાં વર્ષોથી સમર્પિત ભાવના સાથે શૈક્ષણિક સેવા આપતા કર્તવ્યનિષ્ઠ અને પ્રતિભાશાળી શિક્ષક રાજેશ નાગજીભાઈ સોલંકીને શિક્ષણ ક્ષેત્રે તેમનાં અનન્ય સર્જનાત્મક અને પ્રેરણાદાયક યોગદાન બદલ રાષ્ટ્રીય સ્તરે ગૌરવપૂર્ણ સન્માન પ્રાપ્ત થયું છે. રાજેશ સોલંકીને પ્રતિષ્ઠિત Gyan Uday Foundation દ્વારા Nation's Pride Award 2026 એનાયત કરવામાં આવ્યો છે, જે શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર વ્યક્તિઓને અપાતું એક વિશિષ્ટ રાષ્ટ્રીય સન્માન છે. વધુમાં, Well Educational And Peace Council દ્વારા તેમને Doctorate in Education (માનદ ડોક્ટરેટ) એવોર્ડ 2026 માટે પસંદ કરવામાં આવ્યા છે. જે તેમનાં કુશળ નેતૃત્વ, સંશોધનાત્મક અભિગમ અને સમાજ પ્રતિ પ્રતિબદ્ધતાને માન્યતા આપે છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજેશ સોલંકી લાંબા સમયથી ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓમાં ગુણવત્તાસભર શિક્ષણ, મૂલ્ય આધારિત અભ્યાસ અને સર્વાંગી વિકાસ માટે અવિરત પ્રયત્નશીલ રહ્યાં છે. તેમની શિક્ષણ પદ્ધતિમાં નવીનતા, શૈક્ષણિક ટેકનોલોજીનો ઉપયોગ અને વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમ ખાસ નોંધપાત્ર છે. તેમનાં માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ શૈક્ષણિક તથા સહ-પાઠ્ય પ્રવૃત્તિઓમાં ઉત્તમ સિદ્ધિઓ હાંસલ કરી છે. આ દ્વિવિધ સન્માન માત્ર તેમનાં વ્યક્તિગત યોગદાનને જ નહીં, પરંતુ સમગ્ર ગ્રામ્ય શિક્ષણ પ્રણાલી માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. તેમની આ સિદ્ધિથી સુરત જિલ્લા તેમજ સમગ્ર શિક્ષણ જગતમાં ગૌરવ અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિક આગેવાનો, શિક્ષણવિદો અને ગ્રામજનો દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે તથા તેમને ભવિષ્યમાં વધુ ઊંચાઈઓ સર કરવા અંગે શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

## 15 જૂન ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર પેન્શન અદાલતનું આયોજન



**રેલવે, તા.16**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત પ્રશ્નોના ઝડપી નિકાલ માટે 15 જૂન, 202 (સોમવાર) ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવશે.

સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી સિદ્ધાર્થના જણાવ્યા મુજબ અમદાવાદ ડિવિઝનમાંથી જે પણ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે તે પેન્શનરો/ફેમિલી પેન્શનરોની પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે 15.06.2026 ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ડિવિઝનમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ, પેન્શનરો/ફેમિલી પેન્શનરો અને પેન્શન સંબંધિત ફરિયાદો હોય, તેઓ તેમની અરજી (ત્રણ પ્રતિકૃતિમાં) ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) ઑફિસ, અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલવે, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ માં તારીખ 01.06.2026 સુધી સબમિટ કરી શકે છે.

કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, PPO નકલ અને ફરિયાદનો પ્રકાર દાખલ કરો.

## વિશ્વ ટેલિકોમ દિવસ : ડિજિટલ ક્રાંતિથી ખેડૂતોના આંગણે પહોંચી સરકાર

**અમદાવાદ, તા.16**

આજે જ્યારે આપણે 'વિશ્વ ટેલિકોમ દિવસ' ઉજવી રહ્યા છીએ, ત્યારે ટેલિકોમ્યુનિકેશન માત્ર વાતચીતનું સાધન મટીને વિકાસનું એન્જિન બની ગયું છે. ગુજરાત અને ભારત સરકારની વિવિધ યોજનાઓ આજે ટેકનોલોજીના માધ્યમથી છેવાડાના માનવી સુધી પહોંચી રહી છે. આ ક્રાંતિમાં i-Khedut જેવા પોર્ટલ્સે ખેડૂતો અને સરકાર વચ્ચેના અંતરને સાવ નાબૂદ કરી દીધું છે. અગાઉના સમયમાં ખેડૂતોને સરકારી સહાય કે સબસિડી મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા, પરંતુ i-Khedut પોર્ટલે આખી પ્રક્રિયાને પારદર્શક અને સરળ બનાવી દીધી છે. ખેડૂત પોતાના મોબાઈલ કે ગ્રામ પંચાયતમાંથી જ ટ્રેક્ટર, ટપક સિંચાઈ કે બિયારણની સહાય માટે ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. તથા અરજીની સ્થિતિ શું છે તે જાણવા માટે હવે કોઈ અધિકારીની મહેરબાની પર નિર્ભર રહેવું પડતું નથી.

બજાર ભાવ (APMC rates) થી લઈને હવામાનની આગાહી સુધીની તમામ વિગતો એક ક્લિક પર ઉપલબ્ધ છે. ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો Direct Benefit Transfer (DBT) એટલે કે સીધા લાભાર્થીના ખાતામાં સહાય જમા થવાની પદ્ધતિ છે. આ વ્યવસ્થાએ ભ્રષ્ટાચારના દ્વાર બંધ કરી દીધા છે અને નાગરિકોનો સરકાર પર ભરોસો વધાર્યો છે. ગ્રામીણ રોજગાર યોજનાના વેતનથી લઈને પી.એમ. કિસાન સમ્માન નિધિના હપ્તા સીધા બેંક ખાતામાં જમા થાય છે. હવે 'ચેક ખોવાઈ જવાની' કે 'રોકડ ઓછી મળવાની' કોઈ ફરિયાદ રહેતી નથી. આધાર કાર્ડ અને બેંક ખાતાના જોડાણને કારણે ડુપ્લીકેટ લાભાર્થીઓ દૂર થયા છે, જેથી સાચા અને જરૂરિયાતમંદ નાગરિકોને પૂરેપૂરો લાભ મળી રહ્યો છે. ટેલિકોમ નેટવર્ક મજબૂત થવાને કારણે ગામડાનો સામાન્ય નાગરિક પણ હવે ગૂગલ પે કે નેટ બેંકિંગનો ઉપયોગ કરતો થયો છે, જે આર્થિક આઝાદીની દિશામાં મોટું કદમ છે.

વિશ્વ ટેલિકોમ દિવસ આપણને યાદ અપાવે છે કે જો ટેકનોલોજીનો સાચો ઉપયોગ કરવામાં આવે, તો તે ગરીબી નિર્મૂલન અને ગ્રામીણ વિકાસનું સૌથી સચોટ શસ્ત્ર બની શકે છે. i-Khedut અને DBT જેવી વ્યવસ્થાઓ આજે ગુજરાતના વિકાસ મોડલની કરોડરજ્જુ સાબિત થઈ રહી છે. ખેડૂતો માટે આ પોર્ટલ માત્ર ફોર્મ ભરવા પૂરતું મર્યાદિત નથી, પણ તે એક સંપૂર્ણ 'એગ્રી-સોલ્યુશન' છે. ટ્રેક્ટર, પાવર ટિલર, કાપણીના સાધનો, સોલાર પેનલ અને ગોડાઉન બનાવવા માટેની સબસિડીની માહિતી અને ઓનલાઈન અરજી તથા દૂધાળા પશુઓની ખરીદી, તબેલા બનાવવા, અને પશુઓના ઘાસચારા માટેના સાધનો પર મળતી સહાય અને ફળ-ફૂલની ખેતી, ગ્રીન હાઉસ, નેટ હાઉસ અને ડ્રિપ ઈરિગેશન (ટપક સિંચાઈ) માટેની અરજીઓ સાથે માછીમારો માટે બોટ, જાળ અને અન્ય સાધનોની સહાય પણ મળે છે. ટેલિકોમ ક્રાંતિનો લાભ માત્ર ખેડૂતોને જ નહીં, પણ સામાન્ય નાગરિકોને પણ મળી રહ્યો છે. જેમાં વિવિધ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ મેળવી શકે છે, તેમજ રેશન કાર્ડ, જાતિના દાખલા અને આવકના દાખલા માટે ઓનલાઈન અરજી કરી શકાય છે. જમીનના 7/12 અને 8-A ના ઉતારા ઘરે બેઠા ઓનલાઈન જોઈ શકાય છે અને ડાઉનલોડ કરી શકાય છે. તેમજ UMANG App: આ એક 'ઓલ-ઈન-વન' એપ છે જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સેંકડો સેવાઓ (જેવી કે PF, ગેસ સિલિન્ડર બુકિંગ, પાન કાર્ડ) એકસાથે મળે છે. તથા Vahan & Sarathi એપ દ્વારા ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહન રજીસ્ટ્રેશન સંબંધિત તમામ કામગીરી હવે ડિજિટલ થઈ ગઈ છે. ટેકનોલોજીના પ્રભાવથી નાગરિકોને સરકારી સહાય સીધી તેમના બેંક ખાતામાં મળતી થતાં મહત્ત્વપૂર્ણ સુવિધા મળી છે. હવે કચેરીઓમાં લાંબી લાઈનોમાં ઊભા રહેવાની કે વારંવાર ધક્કા ખાવાની જરૂરિયાત રહી નથી. વધુમાં, અરજી મંજૂર થાય કે ખાતામાં રકમ જમા થાય ત્યારે તરત જ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ મળતા પારદર્શિતામાં વધારો થયો છે. આ સાથે, ભારતમાં 5G સેવાઓના વિસ્તરણને કારણે ભવિષ્યમાં ખેતી ક્ષેત્રે પણ ક્રાંતિજનક બદલાવ જોવા મળશે. ખેડૂતોએ ડ્રોન દ્વારા જંતુનાશક છંટકાવ, સેન્સર દ્વારા જમીનની ફળદ્રુપતા માપણી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા પાકના રોગોનું નિદાન જેવી આધુનિક સુવિધાઓનો લાભ લઈ શકશે. મજબૂત ટેલિકોમ નેટવર્ક અને સરકારની 'ડિજિટલ ઈન્ડિયા' પહેલ આ પરિવર્તનના મુખ્ય આધારસ્તંભ બની રહ્યા છે.

## કપડવંજ તાલુકાના બેટાવાડા ગામે રાસાયણિક ખાતરના સંકલિત ઉપયોગ અને પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન યોજાયું



**નડિયાદ, તા.16**

ખેડૂતોમાં વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, રાસાયણિક ખાતરના કાર્યક્ષમ ઉપયોગ તથા પ્રાકૃતિક કૃષિ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુસર આજરોજ કપડવંજ તાલુકાના બેટાવાડા ગામે "રાસાયણિક ખાતરનો સંકલિત ઉપયોગ અને પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન" અંતર્ગત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ખેડૂતો પશુપાલકો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ કાર્યક્રમમાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર, ગ્રામસેવક, બીટીએમ તથા એટીએમ અધિકારીઓ હાજર રહ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓ અને કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને ખાતરોનો સમતોલ અને કાર્યક્ષમ ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વધુ ઉત્પાદન સાથે જમીનની ઉર્વરાશક્તિ જાળવવા માટે સોઈલ ટેસ્ટના મહત્વ, જૈવિક ખાતરોના ઉપયોગ તથા પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અંગે સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતી હેઠળ જીવામૃત, ઘન જીવામૃત, ગૌમૂત્ર આધારિત ખાતર અને દેશી પદ્ધતિઓનો ઉપયોગ કરીને ઓછા ખર્ચે વધુ નફાકારક ખેતી કેવી રીતે કરી શકાય તે અંગે પ્રાયોગિક માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત બાગાયતી યોજના તથા ખેતીવાડી શાખાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી ખેડૂતોને સરકારની યોજનાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તાલીમના અંતે ખેડૂતોને મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી હતી, જ્યાં પ્રાકૃતિક ખેતી અને સંકલિત પોષણ વ્યવસ્થાપનના પ્રયોગો નિહાળી ખેડૂતોને વ્યવહારૂ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.આ કાર્યક્રમ ખેડૂતો માટે માહિતીપ્રદ અને પ્રેરણાદાયક સાબિત થયો હતો એમ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના જિલ્લા પ્રોજેક્ટ મેનેજર શ્રી આરીફભાઈ શેખ જણાવે છે.

## ખેડા તાલુકાના બીડજ ગામે રાસાયણિક ખાતરના સંકલિત ઉપયોગ અને પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન યોજાયું

# જીવામૃત, ઘન જીવામૃત, ગૌમૂત્ર આધારિત જૈવિક પદ્ધતિઓ તથા ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આપતી પ્રાકૃતિક કૃષિ અંગે પ્રાયોગિક માહિતી આપવામાં આવી









**નડિયાદ, તા.16**

ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી, રાસાયણિક ખાતરના સમતોલ અને કાર્યક્ષમ ઉપયોગ અંગે જાગૃતિ લાવવાના હેતુસર આજરોજ ખેડા તાલુકાના બીડજ ગામે "રાસાયણિક ખાતરનો સંકલિત ઉપયોગ અને પ્રાકૃતિક કૃષિ જાગૃતિ અભિયાન" અંતર્ગત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં માનનીય મદદનીશ ખેતી નિયામકશ્રી, બાગાયત અધિકારીશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી, ગ્રામસેવકશ્રી તેમજ તાલુકા પ્રોજેક્ટ મેનેજર શ્રી મયુર જાદવ હાજર રહ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓ અને કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને ખાતરોના કાર્યક્ષમ અને સમતોલ ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. જમીનની ઉર્વરાશક્તિ જાળવવા માટે

સોઈલ ટેસ્ટનું મહત્વ, જૈવિક ખાતરોનો ઉપયોગ તથા પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાના લાભ અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને જીવામૃત, ઘન જીવામૃત, ગૌમૂત્ર આધારિત જૈવિક પદ્ધતિઓ તથા ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આપતી પ્રાકૃતિક કૃષિ અંગે પ્રાયોગિક માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત બાગાયતી યોજનાઓ તથા ખેતીવાડી શાખાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ અંગે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા અને સરકારની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. તાલીમના અંતે ખેડૂતોને મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી હતી, જ્યાં પ્રાકૃતિક ખેતી અને સંકલિત પોષણ વ્યવસ્થાપનના સફળ પ્રયોગો અંગે વ્યવહારૂ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતો માટે આ મુલાકાત પ્રેરણાદાયક અને ઉપયોગી સાબિત થઈ હતી.

તાલીમ કાર્યક્રમ દરમિયાન અધિકારીઓ અને કૃષિ નિષ્ણાતોએ મોડલ ફાર્મની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીના વિવિધ પ્રયોગોનું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન ખેડૂતોને જીવામૃત, ઘન જીવામૃત, ગૌમૂત્ર આધારિત જૈવિક ખાતર તેમજ ઓછી પાણીની જરૂરિયાત ધરાવતી ટકાઉ ખેતી પદ્ધતિ અંગે વ્યવહારૂ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધિકારીઓએ ખેતરમાં ઉભેલા પાકનું નિરીક્ષણ કરી જમીનની ગુણવત્તા જાળવવા માટે સંકલિત પોષણ વ્યવસ્થાપન અંગે સમજણ આપી હતી. ઉપરાંત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા ઉત્પાદન ખર્ચ ઘટાડીને ગુણવત્તાયુક્ત અને ઝેરમુક્ત પાક ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તે અંગે ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

મોડલ ફાર્મ ખાતે ઉભી કરવામાં આવેલી પ્રાકૃતિક ખેતીની વ્યવસ્થાઓ, જૈવિક ખાતરના એકમો તથા પાક સંરક્ષણની દેશી પદ્ધતિઓ અંગે ખેડૂતોને પ્રાયોગિક માહિતી આપવામાં આવી હતી. ખેડૂતો માટે આ મુલાકાત પ્રેરણાદાયક અને જ્ઞાનવર્ધક સાબિત થઈ હતી. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના જિલ્લા પ્રોજેક્ટ મેનેજર શ્રી આરીફભાઈ શેખે જણાવ્યું હતું કે આવા જાગૃતિ કાર્યક્રમો દ્વારા ખેડૂતોમાં પ્રાકૃતિક અને ટકાઉ ખેતી પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસે છે તેમજ જમીનની ગુણવત્તા અને ખેતી ઉત્પાદનક્ષમતા વધારવામાં મદદ મળે છે...

# અમદાવાદ આવશે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન? : ICCની મોટી મીટિંગ, મોહસિન નકવીને પણ આમંત્રણ; હજી સુધી ઈન્ડિયાને એશિયા કપની ટ્રોફી નથી આપી




**મુંબઈ, તા.16**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ના ફાઈનલ વીકેન્ડ દરમિયાન ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ની મોટી બેઠક અમદાવાદમાં યોજાવા જઈ રહી છે. 21 મેના રોજ ICC ચીફ એક્ઝિક્યુટિવ્સ કમિટી (CEC)ની વર્ચ્યુઅલ મીટિંગ થશે, જ્યારે 30 અને 31 મેના રોજ ICC બોર્ડની મહત્વની બેઠક અમદાવાદમાં જ આયોજિત કરવામાં આવશે. પરંતુ આ બેઠક પહેલા સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના ચેરમેન મોહસિન નકવી ભારત આવશે કે નહીં. ભારત અને પાકિસ્તાન વચ્ચેના ખરાબ સંબંધોને જોતા મોહસિન નકવીની હાજરીને લઈને અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. સામાન્ય રીતે પીસીબી ચેરમેન આઈસીસી બોર્ડ મીટિંગમાં વ્યક્તિગત રીતે ભાગ લેતા હોય છે, પરંતુ વર્તમાન સંજોગોમાં એ સ્પષ્ટ નથી કે નકવી ભારત આવશે કે ઓનલાઈન જોડાશે. હજુ સુધી ભારત નથી આવી એશિયા કપ ટ્રોફી મોહસિન નકવી ગયા વર્ષે એશિયા કપ ટ્રોફી વિવાદને લઈને ખૂબ ચર્ચામાં રહ્યા હતા. ભારત ચેમ્પિયન બન્યા પછી પણ તેમણે ટ્રોફી અને મેડલ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ને સોંપ્યા નહોતા. અહેવાલો મુજબ, તે ટ્રોફી હજુ પણ દુબઈ સ્થિત તેમની ઓફિસમાં રાખવામાં આવી છે. એશિયા કપ ફાઈનલમાં પાકિસ્તાનને હરાવ્યા પછી ટીમ ઈન્ડિયા ગ્રાઉન્ડ પર આરામ કરી રહી હતી અને બીજી તરફ સ્ટેજ પર ઊભેલા મોહસિન નકવી ચેમ્પિયન્સને ટ્રોફી આપવાની રાહ જોઈ રહ્યા હતા.

ટ્રોફી વગર સેલિબ્રેશન કરતી ટીમ ઈન્ડિયા

મોહસીન નકવીએ બીસીસીઆઈ પાસે માફી માંગવાનો પણ ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે ભારતીય ટીમ દુબઈ આવીને ટ્રોફી લઈ જાય. આ વિવાદ બાદ બીસીસીઆઈ અને પીસીબીના સંબંધોમાં વધુ તણાવ વધી ગયો હતો. જોકે બીસીસીઆઈએ આ મામલો આઈસીસી સમક્ષ ઉઠાવવાની વાત કહી હતી, પરંતુ અત્યાર સુધી આ વિવાદનો કોઈ ઉકેલ આવી શક્યો નથી. જ્યારે નકવીનું કોઈ ક્રિકેટ બેકગ્રાઉન્ડ નથી, તો PCB ચીફ કેવી રીતે બની ગયા? પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનાં કામો અને ચીફની ચૂંટણીમાં સરકારની સારીએવી દખલગીરી રહે છે. ઘણા પૂર્વ ખેલાડીઓ પણ આ વાતની ફરિયાદ કરી ચૂક્યા છે. સરકાર તે વ્યક્તિને PCB ચીફ બનાવે છે, જે તેમનો નજીકનો હોય, એટલે વધારે પડતા PCB ચીફ રાજકીય કે વ્યાપારિક બેકગ્રાઉન્ડના જ રહ્યા છે. છેલ્લાં 10 વર્ષમાં રમીઝ રાજાને બાદ કરતાં કોઈ PCB ચીફ ક્રિકેટ બેકગ્રાઉન્ડના રહ્યા નથી. નકવીના PCB ચેરમેન બનવામાં પણ ઘણું રાજકારણ થયું. હકીકતમાં જાન્યુઆરી 2024માં નવા ચેરમેનની ચૂંટણીપ્રક્રિયા શરૂ કરવા માટે તત્કાલીન ચેરમેન ઝકા અશરફ બોર્ડ ઑફ ગવર્નર્સની મિટિંગ બોલાવવાના હતા. સરકાર તરફથી તેમને આવું કરવાથી રોકવામાં આવ્યા, જેના પછી અશરફે પોતાનો કાર્યકાળ પૂરો થવાના બે અઠવાડિયાં પહેલાં જ રાજીનામું આપી દીધું હતું. પત્રકાર રહેતાં મોહસિન નકવીએ પાકિસ્તાનની રાજકારણમાં ખૂબ સારી પહોંચ બનાવી લીધી હતી.

# લખનઉ-ચેન્નઈના ખેલાડીઓ કાળી પટ્ટી બાંધીને મેદાન પર ઉતર્યા : આકાશે ચિઠ્ઠીમાં શું લખ્યું હતું? 3 વિકેટ લીધી અને ત્રણ વખત ચિઠ્ઠી કાઢીને બતાવી



**લખનૌ, તા.16**

લખનઉ સુપર જાયન્ટ્સે IPL 2026ની 59મી મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સને 7 વિકેટે હરાવ્યું. ઈકાના સ્ટેડિયમમાં લખનઉએ 188 રનનો ટાર્ગેટ 16.4 ઓવરમાં જ હાંસલ કરી લીધો. મેચમાં અંશુલ કંબોજના બે અલગ-અલગ ઓવરમાં સતત 4-4 સિક્સર લાગી. પહેલા મિચેલ માર્શે પાવરપ્લેમાં અંશુલની ઓવરમાં 28 રન બનાવ્યા, પછી નિકોલસ પૂરને 17મી ઓવરની ચારેય બોલ પર સિક્સર ફટકારીને મેચ પૂરી કરી દીધી. જ્યારે, ફાસ્ટ બોલર આકાશ સિંહે 3 વિકેટ લીધા બાદ ખિસ્સામાંથી પર્ચી કાઢીને ઉજવણી કરી.

લખનઉ-પંજાબ મેચની ટોપ મોમેન્ટ્સ-રેકોર્ડ્સ

1. અંશુલે ચેન્નઈ માટે બીજો સૌથી મોંઘો સ્પેલ ફેંક્યો

ફાસ્ટ બોલર અંશુલ કંબોજે ચેન્નઈ માટે બીજો સૌથી મોંઘો સ્પેલ ફેંક્યો. તેણે 2.4 ઓવરમાં 63 રન આપ્યા. IPLમાં ત્રણ કે તેથી ઓછી ઓવર ફેંકીને 60+ રન આપનાર તે બીજો બોલર બન્યો. તે પહેલા ખલીલ અહેમદે 2025માં RCB સામે 3 ઓવરમાં 65 રન આપ્યા હતા. અંશુલની 16માંથી 11 બોલ પર ચોગ્ગો કે છગ્ગો લાગ્યો. એટલે કે તેના 68.75% બોલ બાઉન્ડ્રી માટે ગયા. IPL ઈતિહાસમાં ઓછામાં ઓછા 2 ઓવરના સ્પેલમાં તેનાથી ખરાબ બાઉન્ડ્રી ટકાવારી માત્ર વોશિંગ્ટન સુંદરની રહી છે, જેના 2024માં દિલ્હી સામે 12માંથી 10 બોલ પર બાઉન્ડ્રી લાગી હતી.

2. માર્શે LSG માટે આ સિઝનમાં 31 છગ્ગા ફટકાર્યા

મિચેલ માર્શ IPL 2026માં લખનઉ સુપર જાયન્ટ્સ માટે સૌથી વધુ છગ્ગા ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં ચોથા સ્થાને પહોંચી ગયા છે. તેના નામે હવે 31 છગ્ગા થઈ ગયા છે. LSG માટે એક સિઝનમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ નિકોલસ પૂરનના નામે છે, જેમણે 2025માં 40 છગ્ગા ફટકાર્યા હતા.

3. માર્શ-ઈંગ્લિસે લખનઉ માટે ત્રીજી સૌથી મોટી ભાગીદારી કરી

મિચેલ માર્શ અને જોશ ઈંગ્લિસે ચેન્નઈ સામે 135 રનની ભાગીદારી કરી.

# સતત ત્રણ મેચ જીત્યા પછી ચેન્નઈ હાર્યું : લખનઉએ 7 વિકેટે મેચ જીતી, મિચેલ માર્શે 90 રન ફટકાર્યા; આકાશ સિંહે 3 વિકેટ ઝડપી



**ધર્મશાળા, તા.16**

લખનઉ સુપર જાયન્ટ્સે શાનદાર બેટિંગનું પ્રદર્શન કરતા ચેન્નઈ સુપર કિંગ્સને 7 વિકેટે પરાજય આપ્યો છે. લખનઉએ 188 રનનો ટાર્ગેટ 3 વિકેટના નુકસાને માત્ર 16.4 ઓવરમાં જ ચેઝ કરી લીધો હતો. લખનઉના એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં લખનઉએ ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ચેન્નઈએ નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 187 રન બનાવ્યા હતા, જેના જવાબમાં લખનઉએ આક્રમક રમત બતાવીને સરળતાથી જીત મેળવી હતી. જીતના હીરો મિચેલ માર્શ રહ્યો હતો, જેણે 38 બોલમાં 90 રનની તોફાની ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં 9 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ હતા. બીજી તરફ જોશ ઈંગ્લિસે 36 રન બનાવીને 135 રનની શાનદાર ઓપનિંગ ભાગીદારી નોંધાવી હતી. અંતમાં નિકોલસ પૂરન 17 બોલમાં 32 રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. તેણે 17મી ઓવરમાં અંશુલ કંબોજને સતત ચાર ચોગ્ગા ફટકાર્યા હતા. ચેન્નઈ તરફથી મુકેશ ચૌધરી અને સ્પેન્સર જોન્સને 1-1 વિકેટ મળી હતી, પરંતુ બોલરો લખનઉના બેટર્સ પર દબાણ બનાવી શક્યા નહોતા. ખાસ કરીને અંશુલ કંબોજ ઘણો મોંઘો સાબિત થયો હતો અને તેણે 2.4 ઓવરમાં 63 રન લૂંટાવ્યા હતા. ચેન્નઈની શરૂઆત નબળી રહી હતી અને પાવરપ્લેમાં જ બે મોટી વિકેટો ગુમાવી દીધી હતી, પરંતુ ત્યારબાદ કાર્તિક શર્મા અને ડેવાલ્ડ બ્રેવિસે ઈનિંગને સંભાળી હતી. કાર્તિકે 42 બોલમાં 71 રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેમાં 6 ચોગ્ગા અને 5 છગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે બ્રેવિસે 16 બોલમાં 25 રનનું યોગદાન આપ્યું હતું.

# ગુજ્જુ ક્રિકેટર હાર્દિક પંડ્યા બીજી વાર વરરાજો બનશે? : 8 વર્ષ નાની ગર્લફ્રેન્ડ માહિકા સાથે ઉદયપુરમાં લગ્ન કરવાની ચર્ચા, વેડિંગ ડેટ વાયરલ

**મુંબઈ, તા.16**

ગુજરાતી ક્રિકેટર અને IPL (ઇન્ડિયન પ્રીમિયર લીગ)ની 'મુંબઈ ઈન્ડિયન્સ'ના કેપ્ટન હાર્દિક પંડ્યા ક્રિકેટની સાથે સાથે પોતાની લવ લાઇફને લઈને પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં કેટલીક મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થવાના કારણે હાર્દિક IPLની કેટલીક મેચ રમ્યો નથી. આ દરમિયાન ક્રિકેટર તેની 8 વર્ષ નાની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે લગ્ન કરવાનો હોવાનું ચર્ચાઓનું એરણે ચઢ્યું છે. સાથે જ હાર્દિકના બીજા લગ્નની તારીખ અને સ્થળ વિશેની માહિતી પણ વાયરલ થઈ રહી છે. વાસ્તવમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર કેટલાક યુઝર્સ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, ક્રિકેટર હાર્દિક પંડ્યા અને મૉડલ માહિકા શર્મા 22 મેના રોજ રાજસ્થાનના ઉદયપુરમાં લગ્ન કરી રહ્યા છે. આ ઉપરાંત કેટલાક યુઝર્સ આને BCCI (ધ બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઇન્ડિયા)એ લીધેલા તાજેતરના નિર્ણય સાથે જોડી રહ્યા છે. યુઝર્સે લખ્યું છે કે, 'હાર્દીકની દરેક મેચ દરમિયાન માહિકા સતત સ્ટેડિયમમાં જોવા મળતી હતી. અહેવાલો અનુસાર હાર્દિક ટીમની આંતરિક સમીક્ષા બેઠકો (debriefs) છોડીને મેચ પૂરી થતાં જ સીધો તેની પાસે દોડી જતો હતો. અફવાઓ એવી છે કે માહીકાએ ડ્રેસિંગ રૂમમાંથી ટીમની ખાનગી ચર્ચાઓ લીક કરી દીધી હતી. કથિત રીતે અંબાણી પરિવારને આ વાતની ખબર પડી અને તેમણે આ અંગે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.' પોસ્ટમાં આગળ લખ્યું છે, 'અહેવાલો મુજબ, અંબાણી પરિવારે BCCIને સુરક્ષા અને ગોપનીયતાના નિયમો વધુ કડક કરવા વિનંતી કરી હતી.



બીસીસીઆઈએ ખેલાડીઓને ટીમના કેમ્પની આસપાસ તેમની ગર્લફ્રેન્ડ્સને લાવવા પર સખત પ્રતિબંધ મૂકી દીધો હતો. હાર્દિક તેના અંગત જીવન પર લાદવામાં આવેલા આ નવા નિયંત્રણોથી ભારે ગુસ્સે ભરાયો હતો. અહેવાલો અનુસાર, તેણે વિરોધ સ્વરૂપે આગળ ક્રિકેટ રમવાની ના પાડી દીધી હતી. હાર્દિક હવે 22 મેના રોજ ઉદયપુરમાં માહીકા સાથે લગ્ન કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ લગ્ન તેને (માહિકાને) સત્તાવાર રીતે ફરીથી સ્ટેડિયમમાં લાવવા માટેની એક વ્યૂહાત્મક ચાલ છે.' નોંધનીય છે કે, હજુ સુધી હાર્દિક પંડ્યા કે માહિકા શર્માએ આ ચર્ચાઓ ઉપર કોઈ પ્રતિક્રિયા આપી નથી, તેમજ લગ્નની સત્તાવાર પુષ્ટિ પણ કરી નથી. તેવામાં અન્ય સોશિયલ મીડિયા યુઝર્સ આ પોસ્ટ્સને ફેક ગણાવી રહ્યા છે. પરંતુ આ વાયરલ પોસ્ટ્સે હાર્દિકના બીજા લગ્નની ચર્ચાઓમાં બળતામાં ઘી હોમ્યું છે. ટી-20 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરી ભારતે મેચ જીત્યા બાદ સ્ટેડિયમમાં જીતનું સેલિબ્રેશન ચાલી રહ્યું હતું. આ દરમિયાન માહિકાએ હાર્દિકને સ્ટેડિયમમાં કિસ કરી હતી. કપલ એકબીજાનો હાથ પકડીને સ્ટેડિયમ વચ્ચે ડાન્સ કરતા જોવા મળ્યું હતું. બાદમાં હાર્દિક-માહિકા બધાની ચિંતા છોડીને સ્ટેડિયમમાં બનેલા પોડિયમ પર રોમેન્ટિક થતા દેખાયા હતા. બંને પોડિયમ પર સૂતેલા હતા અને એકબીજા સાથે વાતો કરવામાં વ્યસ્ત હતા. આ ઘટનાના વીડિયો વાયરલ થયા બાદ યુઝર્સે હાર્દિકને ખૂબ ટ્રોલ કર્યો હતો. હાર્દિક પંડ્યાએ 19 ફેબ્રુઆરીના રોજ માહિકા શર્માનો 25મો જન્મદિવસ ઉજવ્યો હતો. હાર્દિકે ઈન્સ્ટાગ્રામ પર માહિકા સાથેની કેટલીક સુંદર પળોનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં બંને સાથે સમય વિતાવતા અને મસ્તી કરતા જોવા મળ્યા હતા. હાર્દિકે આ પોસ્ટ સાથે કેપ્શનમાં લખ્યું હતું, 'હેપી બર્થ-ડે માય પ્રિન્સેસ... 25 વર્ષ પહેલાં આ વર્લ્ડમાં જન્મ લેવા માટે થેન્ક યુ. તું ખૂબ જ અદભુત વ્યક્તિ છે..આઈ લવ યુ.'



# વિજયનું નામ સાંભળતા જ ત્રિશા શરમાઈ ગઈ : 'કરુપ્પુ'ના સ્ક્રીનિંગમાં ચાહકોએ રૂમર્ડ બોયફ્રેન્ડના હાલચાલ પૂછ્યાં

**મુંબઈ, તા.16**

થલાપતિ વિજયે તમિલનાડુની ચૂંટણીમાં મોટી જીત મેળવી છે. આ દરમિયાન સાઉથ સ્ટાર ત્રિશા કૃષ્ણન સાથેના સંબંધોની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. તાજેતરમાં ચાહકોએ ત્રિશાને તેના 'ખાસ મિત્ર' વિશે પૂછતાં તેના ગાલે શરમના શેરડા ફૂટી પડ્યા હતા. વિજયનું નામ સાંભળતા જ તે શરમાઈ ગઈ હતી. વાસ્તવમાં ત્રિશા શુક્રવારે ચેન્નઈમાં પોતાની નવી રિલીઝ થયેલી ફિલ્મ 'કરુપ્પુ'ના સ્ક્રીનિંગમાં પહોંચી હતી. આ દરમિયાન ડિરેક્ટર આરજે બાલાજી અને એક્ટર કાર્થી પણ હાજર હતા. થિયેટરમાંથી બહાર નીકળતી વખતે તૃષા પોતાની કારમાં બેઠી હતી. તેણે બ્લેક ટી-શર્ટ અને જીન્સ પહેર્યું હતું. આ જ દરમિયાન એક ફેને કહ્યું, 'થલાપતિને કહેજો કે મેં તેમના ખબરઅંતર પૂછ્યા છે.' આના પર તૃષાએ હસતાં હસતાં જવાબ આપ્યો, 'કંદીપા (ચોક્કસ).' આ દરમિયાન તેનો ચહેરો શરમથી લાલ થઈ ગયો હતો. પહેલાં તો તેણે તરત જ ચાહકો સામેથી નજર હટાવી લીધી અને માથું નીચે કરીને ફોનમાં ધ્યાન પરોવી લીધું. જોકે, ચાહકોએ 'ત્રિશાત્રિશા' નામ લેતાં તેણે ફરી ફોનમાંથી મોં ઊંચું કર્યું હતું અને ચાહકો તરફ હાથ હલાવીને તેમનું અભિવાદન પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ત્રિશાનું નામ સાઉથસુપરસ્ટાર અને તમિલનાડુના નવનિયુક્ત મુખ્યમંત્રી સી. જોસેફ વિજય ઉર્ફ થલાપતિ વિજય સાથે નામ જોડાઈ રહ્યું છે. જોકે, વિજય અને ત્રિશાએ અત્યાર સુધી તેમના સંબંધોને લઈને જાહેરમાં કોઈ નિવેદન આપ્યું નથી. તાજેતરમાં સીએમ વિજયના એક નિર્ણયની પણ ઘણી ચર્ચા થઈ, જેમાં તેણે ત્રિશાની ફિલ્મ 'કરુપ્પુ' માટે 9 વાગ્યાના મોર્નિંગ શો (સ્પેશિયલ સ્ક્રીનિંગ) માટે વિશેષ પરવાનગી આપી. નોંધનીય છે કે, મોર્નિંગ શો પર રાજ્યમાં છેલ્લા 3 વર્ષથી પ્રતિબંધ હતો. આ પહેલા 10 મેના રોજ ત્રિશા તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે વિજયના શપથ ગ્રહણ સમારોહમાં પણ હાજર રહી હતી. આ દરમિયાન વિજયની માતાએ તેને પ્રેમથી ગળે લગાવી લીધી હતી. ઉપરાંત વિજયની બહેનો અને પરિવારના અન્ય સભ્યો સાથે પણ ત્રિશાનું ખાસ બોન્ડિંગ જોવા મળ્યું હતું. શપથ ગ્રહણ સમારોહમાં ત્રિશાએ વિજયના પરિવાર સાથે મુલાકાત કરી અને તેમની માતાને ગળે મળી. શપથ ગ્રહણ સમારોહમાં ત્રિશાએ વિજયના પરિવાર સાથે મુલાકાત કરી અને તેમની માતાને ગળે મળી.

# દિશા પટાણીનો રૂમર્ડ બોયફ્રેન્ડ પાકિસ્તાની સિંગરને ગળે મળ્યો

**મુંબઈ, તા.16**

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટાણીનો રૂમર્ડ બોયફ્રેન્ડ અને સિંગર તલવિંદર હાલમાં પાકિસ્તાની સિંગર સાથે સ્ટેજ શેર કરવાને લઈને વિવાદમાં સપડાયો છે. વાસ્તવમાં પંજાબી સિંગર તલવિંદર કેનેડાના ટોરોન્ટોમાં યોજાયેલા પાકિસ્તાની સિંગર હસન રહીમના લાઈવ કોન્સર્ટમાં પહોંચ્યો હતો અને તેની સાથે સ્ટેજ શેર કર્યું હતું. બાદમાં તલવિંદરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર કોન્સર્ટના ફોટો અને વીડિયો શેર કર્યા. તેણે પોસ્ટ પર કેપ્શન લખ્યું, 'ટોરન્ટોમાં ઈચ્છા પૂરી થઈ, હસન રહીમ સાથે.' વીડિયોમાં બંને સ્ટેજ પર એકસાથે ગાતા, ગળે મળતા અને ડાન્સ કરતા જોવા મળ્યા. પાકિસ્તાની સિંગર હસન રહીમે પણ ઈન્સ્ટાગ્રામ પર તલવિંદર સાથેના ફોટો અને વીડિયો શેર કર્યા. તેણે કેપ્શનમાં લખ્યું, 'તલવિંદર, હું ઈચ્છું છું કે તારી દરેક ઈચ્છા પૂરી થાય. DKPમાં લેજેન્ડરી લિંકઅપ.' આ પોસ્ટ પછી કેટલાક યુઝર્સે કોમેન્ટ



સેક્શનમાં પોતાની નારાજગી વ્યક્ત કરી. કેટલાકે લખ્યું કે, 'તાજેતરના ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે આવી હાજરી ખોટી હતી.' એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું, 'મેં વિચાર્યું નહોતું ભાઈ કે આ લોકો આપણા દેશની સેનાની મજાક ઉડાવનારાઓ સાથે સ્ટેજ શો કરશે.'

# 'અમરી'એ અમૃતા પ્રીતમની બાયોપિકની આશા જગાડી



**મુંબઈ, તા.16**

ફિલ્મમેકર મીરા નાયરે તાજેતરમાં પ્રખ્યાત ચિત્રકાર અમૃતા શેરગિલના જીવનથી પ્રેરિત પોતાની નવી ફિલ્મ 'અમરી'ની જાહેરાત કરી. ત્યારબાદથી ઈન્ડસ્ટ્રીમાં ફરી એકવાર લેખિકા અમૃતા પ્રીતમની બાયોપિકને લઈને ચર્ચાઓ તેજ બની ગઈ છે. ખબરો સામે આવતા જ બોલિવૂડમાં તે બીજી 'અમૃતા' એટલે કે અમૃતા પ્રીતમની અધૂરી કહાણી ફરી યાદ કરવામાં આવી, જેના પર વર્ષોથી ફિલ્મ બનાવવાના પ્રયત્નો થતાં રહ્યા છે. અમૃતા પ્રીતમની જિંદગીને મોટા પડદા પર ઉતારવાનો સૌથી મોટો પ્રયાસ સંજય લીલા ભણસાલીએ કર્યો હતો. 'ગુસ્તાખિયાં' નામના પ્રોજેક્ટ પર તેઓ લાંબા સમય સુધી કામ કરતા રહ્યા છે. ભણસાલીની ફિલ્મ માટે પહેલા ઐશ્વર્યા રાય બચ્ચનનું નામ સામે આવ્યું હતું. બાદમાં કરીના કપૂર ખાન પણ આ પ્રોજેક્ટ સાથે જોડાઈ હતી. જોકે, મેલ લીડ અને ડેટ્સની સમસ્યાઓના કારણે ફિલ્મ આગળ વધી શકી નહીં. ભણસાલી ઉપરાંત ડિરેક્ટર જસમીત કે. રીને પણ અમૃતા પ્રીતમ અને સાહિરની વાર્તા પર કામ શરૂ કર્યું હતું. શાહરુખ ખાન, રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ દ્વારા તેને પ્રોડ્યુસ કરવાનો હતો અને સંભવતઃ પોતે સાહિરનું પાત્ર પણ ભજવતો. જ્યારે, અમૃતા પ્રીતમના રોલ માટે સૌથી વધુ ચર્ચા પ્રિયંકા ચોપરા જોનાસના નામની હતી.

# સગર્ભાઓ પર આતંકી હુમલાથી 'ગોપી વહુ' ભડકી



**મુંબઈ, તા.16**

'સાથ નિભાના સાથિયા' સિરિયલમાં ગોપી બહુના નામથી ફેમસ દેવોલીના ભટ્ટાચાર્જીએ નાઈજીરીયામાં મહિલાઓ પર થયેલા આતંકી હુમલા પર ગુસ્સો વ્યક્ત કર્યો છે. આ ઘટનામાં આતંકીઓએ સગર્ભાઓ અને બાળકો સાથે ઘણી ક્રૂરતા કરી, જેને જોઈને એક્ટ્રેસે આ હુમલાખોરોને 'રાક્ષસ' અને 'શૈતાન' ગણાવ્યા છે. 'નરકમાં ખાસ જગ્યા મળશે' દેવોલીનાએ આ બર્બર ઘટના પર નારાજગી વ્યક્ત કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, 'એકદમ રાક્ષસ અને શૈતાની પ્રવૃત્તિ. આ રાક્ષસો માટે નરકમાં ખાસ જગ્યા છે, જેને તેઓ સ્વર્ગ સમજે છે.' એક્ટ્રેસ તે વીડિયો પર ભડકી ગઈ હતી, જેમાં આતંકીઓએ નિર્દોષ પરિવારો અને ગર્ભવતીઓને પોતાના નિશાન બનાવ્યા. સગર્ભાઓ સાથે કરાયેલી ક્રૂરતા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નાઈજીરીયાના એક ખ્રિસ્તી ગામ પર આતંકવાદીઓએ હુમલો કર્યો. જે પરિવારો ત્યાંથી ભાગી ન શક્યા, તેમના પર આતંકવાદીઓએ કુહાડીઓ વડે હુમલો કર્યો. વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે, 'આ આતંકવાદીઓએ ગર્ભવતી મહિલાઓને પકડી લીધી અને તેમના પેટ પર હુમલા કર્યા. એટલું જ નહીં, તે મહિલાઓને તેમના બાળકોને તેમની આંખો સામે મરતા જોવા માટે મજબૂર કરવામાં આવી.' 11 ખ્રિસ્તીઓની હત્યા સીબીએન (CBN) ન્યૂઝના રિપોર્ટ અનુસાર, આ હુમલો 8 મેની રાત્રે થયો હતો. હથિયારબંધ ફુલાની આતંકવાદીઓએ આ ખ્રિસ્તી સમુદાય પર હુમલો કર્યો, જેમાં વૃદ્ધો, બાળકો અને સગર્ભાઓ સહિત 11 લોકોની હત્યા કરવામાં આવી. હુમલામાં બંદૂકો અને ચાકુઓનો ઉપયોગ થયો હતો. બંગાળ ચૂંટણીમાં પણ ચર્ચામાં રહી હતી દેવોલીના ભટ્ટાચાર્જી તાજેતરમાં ત્યારે પણ ચર્ચામાં રહી હતી, જ્યારે તેણે મે 2026ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો પર પ્રતિક્રિયા આપી હતી. તેણે ભાજપની જીતનું સમર્થન કર્યું હતું અને મમતા બેનર્જીને બંગાળ માટે 'ખરાબ સ્વપ્ન' ગણાવ્યા હતા.

# હવે યુટ્યુબમાંથી 'શોર્ટ્સ' સંપૂર્ણપણે હટાવી શકાશે : નવો '0 મિનિટ'નો વિકલ્પ વીડિયો સ્ક્રોલિંગનું વ્યસન છોડાવવામાં મદદ મળશે

**નવી દિલ્હી, તા.16**

યુટ્યુબે 'ટાઈમ મેનેજમેન્ટ'નું નવું ફીચર બહાર પાડ્યું છે. આના દ્વારા હવે તમે એપ પર શોર્ટ્સ જોવાની સમય મર્યાદાને 'ઝીરો' પર સેટ કરી શકો છો. આનાથી શોર્ટ્સ ફીડ સંપૂર્ણપણે દૂર થઈ જશે. તેનો હેતુ સ્ક્રીન ટાઈમને વધુ સારી રીતે મેનેજ કરવામાં મદદ કરવાનો છે.

યુટ્યુબે ગયા વર્ષે ઓક્ટોબરમાં શોર્ટ્સ માટે ટાઈમર ફીચર રજૂ કર્યું હતું, જેમાં ન્યૂનતમ સમય મર્યાદા 15 મિનિટ હતી. જાન્યુઆરીમાં આ ફીચરનો વિસ્તાર કરતા માતા-પિતાને બાળકોના સ્ક્રીન ટાઈમ પર નિયંત્રણ આપવા માટે 'ઝીરો મિનિટ'નો વિકલ્પ લાવવાની જાહેરાત કરવામાં આવી હતી.




તમામ એકાઉન્ટ માટે ફીચર રોલઆઉટ

યુટ્યુબના પ્રવક્તા મેકેન્ઝી સ્પિલરના જણાવ્યા અનુસાર, 'હવે આ વિકલ્પ તમામ માતા-પિતા માટે લાઈવ થઈ ગયો છે અને ધીમે ધીમે સામાન્ય પુખ્ત વયના એકાઉન્ટ્સ માટે પણ રોલઆઉટ કરવામાં આવી રહ્યો છે.'

હોમ સ્ક્રીન પરથી પણ શોર્ટ્સના સૂચનો દૂર થઈ જશે

જેમ જ તમે 'ઝીરો મિનિટ'ની લિમિટ પસંદ કરશો, શોર્ટ્સ ટેબ પર કોઈ વીડિયો દેખાશે નહીં. ત્યાં ફક્ત એક નોટિફિકેશન દેખાશે કે તમે તમારી 'શોર્ટ્સ ફીડ લિમિટ' પૂરી કરી લીધી છે. લિમિટ સેટ કર્યા પછી હોમ સ્ક્રીન પરથી પણ શોર્ટ્સના સૂચનો દૂર થઈ જશે.

બિન્જ વોચિંગ અને રીલની લત છોડાવવામાં મદદ મળશે

ભારતમાં યુટ્યુબના કરોડો યુઝર્સ છે અને શોર્ટ્સનો ક્રેઝ ખૂબ જ વધારે છે. આવી સ્થિતિમાં, આ ફીચર એવા લોકો માટે ખૂબ મદદરૂપ સાબિત થશે, જેઓ ડૂમ સ્ક્રોલિંગ એટલે કે અનિચ્છનીય સ્ક્રોલિંગની ટેવ છોડવા માંગે છે. ડિજિટલ વેલબીઈંગની દિશામાં આ યુટ્યુબનું એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

ફોકસ અને ઉત્પાદકતા: જે વિદ્યાર્થીઓ કે પ્રોફેશનલ્સ ફક્ત કામની વસ્તુઓ કે લાંબા ટ્યુટોરિયલ્સ જોવા યુટ્યુબ પર આવે છે, તેમનું ધ્યાન હવે શોર્ટ્સના સૂચનોથી ભટકશે નહીં.

બાળકો માટે સુરક્ષિત: માતા-પિતા હવે બાળકોના ફોનમાં શોર્ટ્સને સંપૂર્ણપણે બ્લોક કરી શકશે, જેથી તેઓ ફક્ત તે જ કન્ટેન્ટ જોઈ શકશે, જેની મંજૂરી આપવામાં આવી છે. વધુ સારો યુઝર અનુભવ: એપની હોમ સ્ક્રીન સ્વચ્છ થઈ જશે. જો તમને શોર્ટ્સ પસંદ નથી, તો હવે તમારે જબરદસ્તી ફીડમાં વીડિયોના થંબનેલ જોવા નહીં પડે.

ફીચર ચાલુ કરવા માટે 3 સ્ટેપ્સ ફોલો કરો

યુટ્યુબ એપની સેટિંગ્સમાં જઈને ટાઈમ મેનેજમેન્ટનો વિકલ્પ પસંદ કરો.

હવે 'શોર્ટ્સ ફીડ લિમિટ'ને ટૉગલ ઑન કરો.

# એમેઝોને નવું AI ઓડિયો ફીચર લોન્ચ કર્યું : પ્રશ્નો પૂછીને ખરીદી કરી શકાશે, રિવ્યૂ-પ્રોડક્ટ ડિટેલ મુજબ જવાબ આપશે

**વૉશિંગ્ટન, તા.16**

ઈ-કોમર્સ પ્લેટફોર્મ 'એમેઝોન'એ નવું ફીચર લોન્ચ કર્યું છે, જેમાં યુઝર પ્રોડક્ટ વિશે પ્રશ્નો પૂછીને વાતચીત પણ કરી શકે છે. કંપનીએ તેના ફીચર Hear the Highlightsમાં નવો Join the Chat વિકલ્પ ઉમેર્યો છે. આની મદદથી, યુઝર કોઈ પ્રોડક્ટની ઓડિયો સમરી સાંભળતી વખતે ટેક્સ્ટ અથવા અવાજમાં પ્રશ્નો પૂછી શકે છે. ઉદાહરણ તરીકે, યુઝર પૂછી શકે છે કે, શું આ કોફી મશીન બાળકો માટે યોગ્ય છે? AI પ્રોડક્ટની વિગતો, ગ્રાહક સમીક્ષાઓ (કસ્ટમર રિવ્યૂ) અને ઉપલબ્ધ માહિતીમાંથી જવાબ આપે છે.



ઓડિયો હોસ્ટની જેમ જવાબ આપશે

AI સ્ક્રિપ્ટ રીઅલ ટાઈમમાં બદલાય છે.

ટેક્સ્ટ-ટુ-સ્પીચ જવાબ તૈયાર કરે છે.

હોસ્ટ તે જ ટોનમાં જવાબ આપે છે.

આ ફીચર કેવી રીતે કામ કરે છે

આ માત્ર સામાન્ય ચેટબોટ નથી.

વિગતો, સમીક્ષાઓ, વેબ પર ઉપલબ્ધ માહિતી... આ બધાને ભેગા કરીને જવાબ આપે છે.

જો કોઈ ફીચર વિશે પહેલાથી જ જણાવવામાં આવ્યું હોય, તો AI નવો અને અલગ જવાબ આપવાનો પ્રયાસ કરે છે.

આ ફીચર ક્યાં ઉપલબ્ધ છે?

હાલમાં અમેરિકામાં ઉપલબ્ધ છે. ભવિષ્યમાં અન્ય દેશોમાં પણ આવશે.

- iOS અને Android બંને પર ઉપયોગ કરી શકશો.
- યુઝરને ફક્ત પ્રોડક્ટ પેજ પર જઈને Hear the Highlights બટન દબાવવું પડશે.

એમેઝોનમાં AI પાવર્ડ શોપિંગ આસિસ્ટન્ટ પણ

એમેઝોનમાં પહેલાથી જ Rufus નામનું આસિસ્ટન્ટ પણ છે. તેનું AI-પાવર્ડ શોપિંગ આસિસ્ટન્ટ ખરીદીને વધુ વાતચીત જેવું બનાવે છે. તે પ્રોડક્ટ કેટલોગ, રિવ્યુ અને વેબ ડેટાના આધારે યુઝર્સને સલાહ આપે છે. યુઝર્સ તેનો પણ ઉપયોગ કરી શકે છે.

# ભારતમાં લોન્ચ થયું વિસ્પર ફ્લો AI : વૉઈસ ટાઈપિંગથી કેટલું અલગ? 4 એપ્સ તમારા માટે ખૂબ ઉપયોગી

**નવી દિલ્હી, તા.16**

AI વૉઈસ ડિક્ટેશન ટૂલ્સ આપણી લખવાની રીતને ઝડપથી બદલી રહ્યું છે. હવે કીબોર્ડની જરૂરિયાત ઘટી રહી છે, તમે ફક્ત બોલો છો અને AI તેને સ્વચ્છ, વ્યવસ્થિત, વાંચી શકાય તેવા ટેક્સ્ટમાં રૂપાંતરિત કરે છે. AI ડિક્ટેશન ટૂલ્સ ફક્ત શબ્દો જ નહીં, ભાવનાઓને પણ ઓળખે છે. ક્લેવરટિપ અનુસાર, 40% સ્માર્ટફોન યુઝર્સ હવે મેસેજ કે કન્ટેન્ટ બનાવવા માટે વૉઈસ ઈનપુટનો ઉપયોગ કરી રહ્યા છે. એટલે કે, આ ફક્ત એક ફીચર નથી, પરંતુ યુઝર બિહેવિયરમાં એક મોટો બદલાવ છે.

વૉઈસ ટાઈપિંગ vs AI ટૂલ

AI વાતચીતને નોટ્સમાં બદલે છે

પહેલાં વૉઈસ ટાઈપિંગનો અર્થ હતો જે બોલશો, તે જ ટેક્સ્ટમાં આવશે. હવે AI ડિક્ટેશન ટૂલ્સ તે ટેક્સ્ટને એડિટ કરે છે, એટલે કે તે એક રીતે તમારા કો-રાઈટર બની જાય છે. આ એપ્સ અધૂરા વાક્યોને પૂરા કરે છે, ખોટી કે વેરવિખેર ભાષાને સુધારે છે અને ભાષાનો ટોન સાચો કરે છે અને સામાન્ય વાતચીતને નોટ્સ, મેઈલ કે આર્ટિકલમાં પણ બદલી શકે છે.

ડિક્ટેશનની રેસમાં આ એપ્સ

1. Wispr Flow

Wispr Flow ફોનમાં કીબોર્ડની જગ્યાએ કામ કરે છે. લગભગ દરેક એપમાં ઉપયોગ કરી શકાય છે. આ 179 શબ્દો પ્રતિ મિનિટ સુધી ટાઈપ કરી શકે છે. હિન્દી સહિત 100થી વધુ ભાષાઓ સમજે છે. ફ્રી વર્ઝનમાં દર અઠવાડિયે ફોનમાં 1 હજાર શબ્દો મળે છે.

2. Google AI Edge Eloquent (iOS)

આ ઓફલાઈન પણ કામ કરે છે, એટલે કે અવાજ ડિવાઈસ પર જ પ્રોસેસ થાય છે, ક્લાઉડ પર જતો નથી. આ નોટ્સને પોઈન્ટ્સમાં બદલી શકે છે, જોકે હજુ આ બીજી એપ્સની અંદર સીધું કામ કરતું નથી. સંપૂર્ણપણે ફ્રી છે.

3. Otter AI

મીટિંગ્સ, ઈન્ટરવ્યૂ અને લેક્ચર માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ટૂલ્સમાંથી એક છે. તે મીટિંગના તમામ સ્પીકર્સને ઓળખે છે, ઓટોમેટિક સમરી બનાવે છે અને જરૂરી મુદ્દાઓને હાઈલાઈટ કરે છે. સબ્સ્ક્રિપ્શન દર મહિને 800 રૂપિયાથી શરૂ થાય છે.

4. મોનોલોગ

તે સ્ક્રીન પર ચાલી રહેલી વસ્તુઓને પણ સમજે છે. જો તમે કોડ લખી રહ્યા છો, તો તે તેનો સંદર્ભ પકડી શકે છે અને તે મુજબ ભાષા બદલી શકે છે. તે ઑફલાઈન પણ કામ કરે છે. તેનું માસિક સબ્સ્ક્રિપ્શન 950 રૂપિયાથી શરૂ થાય છે.

એપના ઉપયોગ માટે આ પરવાનગીઓ આપવી પડશે

મોટાભાગની ડિક્ટેશન એપ્સને આ પરવાનગીઓની જરૂર હોય છે.

માઈક્રોફોન એક્સેસ

અન્ય એપ્સ પર ડિસ્પ્લે

એક્સેસિબિલિટી સેટિંગ્સ

Otter AI ને મીટિંગને કેપ્ચર કરવા માટે સ્ક્રીન રેકોર્ડ કરવાની પરવાનગી પણ જોઈતી હોય છે.

AI ડિક્ટેશન ટૂલ્સના આ પડકારો પણ

પ્રાઈવસી- તમારો અવાજ અને ડેટા ક્યાં જઈ રહ્યો છે. ઘણા ટૂલ્સ આ સ્પષ્ટપણે જણાવતા નથી.

ચોકસાઈ- સ્થાનિક ભાષાઓ અને મિશ્ર ભાષાઓ જેવા વાતાવરણમાં હજુ પણ સુધારાની જરૂર છે.

ઈન્ટરનેટ- ઘણા ટૂલ્સ ચલાવવા માટે ઝડપી ઈન્ટરનેટ જોઈએ છે.

# કાળઝાળ ગરમી વચ્ચે 'લીંબુ' બન્યા મોંઘા દાટ : આવક ઘટતા ભાવ આસમાને પહોંચ્યા, ગૃહિણીઓ અને વેપારીઓનું બજેટ ખોરવાયું

**જૂનાગઢ, તા.16**

સમગ્ર ગુજરાત સહિત સોરઠ પંથકમાં હાલ ઉનાળાની શરૂઆત થતાની સાથે જ સૂર્યનારાયણ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. પારો 40 ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે ત્યારે ગરમીથી રાહત મેળવવા માટે લોકો કુદરતી ઠંડા પીણાં અને ખાસ કરીને લીંબુ શરબતનો સહારો લેતા હોય છે. પરંતુ આ વર્ષે લીંબુના ભાવમાં આવેલા તોતિંગ ઉછાળાએ સામાન્ય માણસના મોઢાનો સ્વાદ બગાડી નાખ્યો છે. જૂનાગઢ માર્કેટ યાર્ડમાં લીંબુની આવક ઓછી અને માંગ વધુ હોવાને કારણે ભાવ 200ની ઉપર પહોંચી ગયા છે.

ગરમી પડવાના કારણે બજારમાં લીંબુનો વપરાશ અને માંગ બંનેમાં વધારો

જૂનાગઢની હીના ફ્રૂટ કંપનીમાં લીંબુના વેપાર સાથે સંકળાયેલા યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે લીંબુના ભાવમાં ખૂબ જ મોટો વધારો જોવા મળી રહ્યો છે. હાલમાં આકરી ગરમી પડવાના કારણે



બજારમાં લીંબુનો વપરાશ અને માંગ બંનેમાં વધારો થયો છે, પરંતુ તેની સામે માર્કેટમાં માલની આવક અત્યંત મર્યાદિત છે. આ અસંતુલનને કારણે ભાવ આસમાને પહોંચ્યા છે અને સ્થિતિ એવી સર્જાઈ છે કે મધ્યમ વર્ગના ગ્રાહકો માટે લીંબુ ખરીદવા હવે અસહ્ય બની રહ્યા છે. હાલ બજારમાં લીંબુની ગુણવત્તા મુજબ ભાવ નક્કી થઈ રહ્યા છે. જેમાં સારા (મોટા) લીંબુ 180 થી 220 પ્રતિ કિલો, મીડિયમ લીંબુ 150 થી 170 અને ઝીણા લીંબુ 100 થી 120 પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. ખેતીમાં ઉત્પાદન ઘટવા પાછળ વાતાવરણમાં આવેલા પલટા અને વાવાઝોડાને પણ તેમણે જવાબદાર ગણાવ્યા હતા.

ગ્રાહકોની હાજરી બજારમાં પાંખી જોવા મળે છે

માર્કેટ યાર્ડના અન્ય એક વેપારી અને શ્રીરામ ટ્રેડર્સના માલિક દેવાંગ ભગવતજીભાઈ ક્યાડાએ જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. એક તરફ આવક ઓછી છે અને બીજી તરફ ભાવ એટલા ઊંચા છે કે, ગ્રાહકોની હાજરી બજારમાં પાંખી જોવા મળે છે. મોંઘવારીને કારણે ગ્રાહકો લીંબુ ખરીદવાનું ટાળી રહ્યા છે, જેના કારણે માલનો જે રીતે ઉપાડ થવો જોઈએ તે થઈ રહ્યો નથી. તેમણે ચિંતા વ્યક્ત કરતા વધુમાં જણાવ્યું હતું કે ગયા વર્ષે આ સમયે જે ભાવ હતા તેના કરતા આ વખતે બમણા ભાવ જોવા મળી રહ્યા છે. વેપારીઓ પણ મૂંઝવણમાં છે કારણ કે ઊંચા ભાવે માલ લાવીને તેનું વેચાણ કરવું મુશ્કેલ બની ગયું છે. જો આગામી દિવસોમાં આવકમાં સુધારો નહીં થાય તો ભાવ હજુ પણ વધી શકે તેવી શક્યતા છે.

સ્વાસ્થ્ય માટે લીંબુનું મહત્વ અને મોંઘવારીનો માર

ઉનાળામાં લીંબુ એ માત્ર રસોડાની જરૂરિયાત નથી પરંતુ આ રોગ્ય માટે આશીર્વાદ સમાન છે. વિટામિન-C થી ભરપૂર લીંબુ હીટ સ્ટ્રોક સામે રક્ષણ આપે છે અને શરીરમાં હાઈડ્રેશન જાળવી રાખે છે. જોકે, ગરીબ અને મધ્યમ વર્ગ માટે અત્યારે લીંબુ 'ગરીબોનું અમૃત' મટીને 'શ્રીમંતોનું ફળ' બની ગયું હોય તેમ લાગે છે. ભાવ વધારાના મુખ્ય કારણો એવા છે કે અગાઉ આવેલા પવન અને વાવાઝોડાને કારણે લીંબુનો પાક ખરી પડ્યો હતો. ખેડૂતોને આ વર્ષે લીંબુના ઉતારા ઓછા મળ્યા છે.ગરમી વધતા ઠંડા પીણાં અને હોટલ ઉદ્યોગમાં લીંબુની માંગમાં અનેકગણો વધારો થયો છે.ત્યારે જૂનાગઢના વેપારીઓ અને ગ્રાહકો બંને અત્યારે લીંબુની મોંઘવારીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. લોકો આશા સેવી રહ્યા છે કે જલ્દી માર્કેટમાં નવી આવક શરૂ થાય અને ભાવમાં ઘટાડો જોવા મળે.

# પાકિસ્તાનમાં મોંઘવારી દર 11% સુધી જઈ શકે છે : ડોલરની સરખામણીમાં પાકિસ્તાની રૂપિયો 298 સુધી પહોંચી શકે છે

**નવી દિલ્હી, તા.16**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને વધતા ઓઈલ સંકટને કારણે પાકિસ્તાનની અર્થવ્યવસ્થા પર દબાણ વધુ વધવાનું છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો વધતી રહેશે, તો પાકિસ્તાનમાં મોંઘવારી દર ફરીથી બે આંકડાને પાર કરીને 11% સુધી પહોંચી શકે છે.

જ્યારે ડોલર સામે પાકિસ્તાની રૂપિયાની કિંમત 298 સુધી જઈ શકે છે. ડોન અને ટોપલાઈન સિક્યોરિટીઝ લિમિટેડના પાકિસ્તાન સ્ટ્રેટેજી રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

ક્રૂડ ઓઈલ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે, મોંઘવારી વધશે

રિપોર્ટ અનુસાર, વર્તમાન પરિસ્થિતિમાં આગામી એક વર્ષ સુધી મોંઘવારી સરેરાશ 9 થી 10% ની વચ્ચે રહી શકે છે. નાણાકીય વર્ષ 2026 ના ચોથા ક્વાર્ટરમાં તે 11% થી ઉપર જવાનો અંદાજ છે.

જો ક્રૂડ ઓઈલની કિંમત 100 ડોલર પ્રતિ બેરલ રહે છે, તો મોંઘવારી વધશે અને ઓઈલમાં દર 10 ડોલરના ઉછાળાથી



મોંઘવારી 50 બેસિસ પોઈન્ટ વધી જશે.

તેલ 120 ડોલર પ્રતિ બેરલ પહોંચવા પર વાર્ષિક મોંઘવારી 11% સુધી જઈ શકે છે, જેનાથી સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાનને વ્યાજ દરો વધારવા માટે મજબૂર થવું પડશે.

મોંઘવારીના કારણે પાકિસ્તાનના GDP વૃદ્ધિના અંદાજમાં પણ ઘટાડો

વધતી મોંઘવારીના કારણે પાકિસ્તાનની આર્થિક વૃદ્ધિની ગતિ ધીમી થવાની આશંકા છે. રિપોર્ટમાં નાણાકીય વર્ષ 2027 માટે GDP વૃદ્ધિનો અંદાજ 4.0% થી ઘટાડીને 2.5 થી 3.0% કરવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ 2026 માટે વૃદ્ધિ 3.5 થી 4.0% રહેવાની સંભાવના છે. ઔદ્યોગિક ક્ષેત્ર એટલે કે ઈન્ડસ્ટ્રિયલ સેક્ટર પર તેની સૌથી ખરાબ અસર પડી શકે છે, જ્યાં વૃદ્ધિ 4% થી ઘટીને માત્ર 1% પર આવી શકે છે.

નાણાકીય વર્ષ 2027 માં પાકિસ્તાનનું CAD 8 બિલિયન ડોલરને પાર જઈ શકે છે

રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે જો સરકારે આયાત એટલે કે ઈમ્પોર્ટ પર નિયંત્રણ ન રાખ્યું, તો નાણાકીય વર્ષ 2027 માં પાકિસ્તાનનું કરંટ એકાઉન્ટ ડેફિસિટ એટલે કે CAD 8 બિલિયન ડોલર (લગભગ 67,000 કરોડ) ને પાર જઈ શકે છે.

તેનાથી વિદેશી મુદ્રા ભંડાર પર દબાણ વધુ વધશે. જ્યારે નાણાકીય વર્ષ 2026માં રાજકોષીય ખાધ એટલે કે ફિસ્કલ ડેફિસિટ GDPના 4.0 થી 4.5% રહેવાનો અંદાજ છે, જે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા નિર્ધારિત લક્ષ્યો કરતાં ઘણું વધારે છે.

પાકિસ્તાની માર્કેટ દુનિયાનું સૌથી ખરાબ પ્રદર્શન કરનારું બજાર બન્યું

પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ (PSX) દુનિયાના સૌથી ખરાબ પ્રદર્શન કરનારા બજારોમાંનું એક રહ્યું છે. તેનું મુખ્ય કારણ ઊર્જા માટે આયાત પર ભારે નિર્ભરતા છે. પાકિસ્તાન તેની જરૂરિયાતની 85% ઊર્જા આયાત કરે છે.

નાણાકીય વર્ષ 2026માં પેટ્રોલિયમ આયાત 15 બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. આ જ કારણોસર વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં માર્કેટમાં 15%નો ઘટાડો જોવા મળ્યો છે.

નિકાસ અને વિદેશોમાંથી આવતા ફંડ્સમાં પણ ઘટાડાની આશંકા

પાકિસ્તાનના આર્થિક ભવિષ્ય પર રેમિટન્સ (વિદેશોમાંથી આવતા પૈસા)માં 3.5%નો ઘટાડો આવી શકે છે. ખાડી દેશો (GCC)માંથી આવતા પૈસામાં 10%નો ઘટાડો આવી શકે છે.

# ઈન્સ્યોરન્સ સેક્ટરમાં 100% FDIને સરકારની મંજૂરી : ઓટોમેટિક રૂટથી વિદેશી રોકાણનો માર્ગ મોકળો

**મુંબઈ, તા.16**

કેન્દ્ર સરકારે શનિવારે (2 મે) વીમા ક્ષેત્રમાં 100% ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ એટલે કે FDIને મંજૂરી આપી દીધી છે. હવે વિદેશી રોકાણકારો ઓટોમેટિક રૂટ દ્વારા ભારતીય વીમા કંપનીઓમાં સંપૂર્ણ હિસ્સેદારી લઈ શકશે, જોકે LIC માટે રોકાણની મર્યાદા 20% પર જ જાળવી રાખવામાં આવી છે.

વીમા કંપનીઓ માટે શું છે શરતો

સરકારના નોટિફિકેશન મુજબ, વીમા ક્ષેત્રમાં વિદેશી રોકાણ વીમા અધિનિયમ-1938ની જોગવાઈઓને આધીન રહેશે. રોકાણ મેળવતી કંપનીઓ માટે તે ફરજિયાત રહેશે કે તેઓ વીમા અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (IRDAI) પાસેથી જરૂરી લાઈસન્સ અથવા મંજૂરી મેળવે. આ સાથે નિયમોમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે ભારતીય વીમા કંપનીમાં વિદેશી રોકાણ થશે, તેના બોર્ડના ચેરપર્સન, મેનેજિંગ ડિરેક્ટર (MD) અથવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) માંથી ઓછામાં ઓછો એક વ્યક્તિ ભારતીય નાગરિક હોવો જોઈએ.

LIC માટે અલગ નિયમો અને 20%ની મર્યાદા

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC)ના કિસ્સામાં સરકારે અલગ માળખું ગોઠવ્યું છે. LICમાં ઓટોમેટિક રૂટ હેઠળ વિદેશી રોકાણની મહત્તમ મર્યાદા 20% જ રહેશે. LICમાં થનારું આ રોકાણ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એક્ટ 1956 અને વીમા અધિનિયમ 1938ની તે જોગવાઈઓના પાલનને આધીન રહેશે જે LICને લાગુ પડે છે.

ઈન્સ્યોરન્સ ઈન્ટરમીડિયરીઝને પણ મળ્યો ફાયદો

સરકારે ઈન્શ્યોરન્સ ઈન્ટરમીડિયરીઝ માટે પણ ઓટોમેટિક રૂટ હેઠળ 100% વિદેશી




રોકાણને મંજૂરી આપી છે. તેમાં ઈન્શ્યોરન્સ બ્રોકર્સ, રી-ઈન્શ્યોરન્સ બ્રોકર્સ, ઈન્શ્યોરન્સ કન્સલ્ટન્ટ્સ, કોર્પોરેટ એજન્ટ્સ અને થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સર્વેયર, લોસ એસેસર, મેનેજિંગ જનરલ એજન્ટ્સ અને ઈન્શ્યોરન્સ રિપોઝિટરી જેવી સંસ્થાઓને પણ તેનો લાભ મળશે.

ડિસેમ્બરમાં બિલ પસાર થયું હતું

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વેપાર વિભાગ (DPIIT) એ ફેબ્રુઆરીમાં જ આ સંબંધમાં માહિતી આપી હતી. આ પહેલા ડિસેમ્બર 2025માં સંસદે 'સબકા બીમા સબકી રક્ષા (બીમા કાયદા સુધારા) વિધેયક, 2025' પસાર કર્યું હતું. આ કાયદા દ્વારા વીમા ક્ષેત્ર સાથે સંકળાયેલા ત્રણ મુખ્ય કાયદાઓ–વીમા અધિનિયમ 1938, LIC અધિનિયમ 1956 અને IRDAI અધિનિયમ 1999માં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે.

સરહદી દેશો માટે નિયમોમાં છૂટછાટ

સરકારે માર્ચમાં ભારત સાથે જમીની સરહદ વહેંચતા દેશોમાંથી આવતા FDIના નિયમોને પણ સરળ બનાવ્યા છે. કેબિનેટે 'પ્રેસ નોટ 3' ફ્રેમવર્કમાં સુધારો કર્યો છે. હવે સરહદી દેશોમાંથી 10% સુધીની નોન-કંટ્રોલિંગ હિસ્સેદારી (નિયંત્રણ વિનાની હિસ્સેદારી)ના રોકાણ માટે સરકારની પૂર્વ મંજૂરીની જરૂર રહેશે નહીં, આ ઓટોમેટિક રૂટ હેઠળ આવશે.

ઓટોમેટિક રૂટ શું છે?

આમાં વિદેશી રોકાણકારોને રોકાણ કરતા પહેલા સરકાર કે RBIની પૂર્વ મંજૂરી લેવાની જરૂર નથી હોતી.

પ્રેસ નોટ 3 શું છે?

આ નિયમ એવા દેશોમાંથી રોકાણને નિયંત્રિત કરે છે જેમની સરહદો ભારત સાથે જોડાયેલી છે (જેમ કે ચીન, પાકિસ્તાન), જેથી રોકાણની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

# બર્કશાયર મીટિંગમાં સ્વેટર પહેરીને પહોંચ્યા 93 વર્ષના બફેટ : એપલ CEO ટિમ કૂકની પ્રશંસા કરી, ગ્રેગ એબેલે પહેલીવાર મીટિંગનું નેતૃત્વ કર્યું

**ઓમાહા, અમેરિકા, તા.16**

બર્કશાયર હેથવેની વાર્ષિક શેરહોલ્ડર્સ મીટિંગ 1 મેના રોજ યોજાઈ હતી. કંપનીના નવા CEO ગ્રેગ એબેલે પહેલીવાર મીટિંગનું નેતૃત્વ કર્યું. 93 વર્ષના વોરેન બફેટ, જે સામાન્ય રીતે સૂટ-બૂટમાં જોવા મળે છે, આ વખતે સ્વેટરમાં પહેલી હરોળમાં બેઠેલા જોવા મળ્યા. નિવૃત્તિના મૂડમાં દેખાતા બફેટે મીટિંગમાં એપલમાં કરેલા પોતાના રોકાણ અને CEO ટિમ કૂકની સફળતાની કહાની સંભળાવી. બફેટે કહ્યું કે ટિમ કૂકે સ્ટીવ જોબ્સ જેવા દિગ્ગજની જગ્યા લીધી અને પોતાને સાબિત કરીને બતાવ્યું. બફેટે જોકે મેનેજમેન્ટથી અંતર બનાવી લીધું છે, પરંતુ એપલ જેવા મોટા રોકાણ પર તેમની વાતોએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો. બર્કશાયરના પોર્ટફોલિયોમાં એપલ આજે પણ સૌથી મોટો હિસ્સો ધરાવે છે.

10 વર્ષ પહેલાં $35 બિલિયનનો જુગાર રમ્યો હતો

બફેટે મીટિંગમાં યાદ અપાવ્યું કે લગભગ એક દાયકા પહેલાં બર્કશાયરે એપલ પર એક મોટો દાવ લગાવ્યો હતો. તે સમયે કંપનીએ તેના કુલ સંસાધનોના લગભગ 10% એટલે કે 35 બિલિયન ડોલર (લગભગ 2.91 લાખ કરોડ રૂપિયા) એપલના શેરોમાં લગાવી દીધા હતા.

બફેટે કહ્યું, 'ત્યારે ટિમ કૂકને સરેરાશ અમેરિકન રોકાણકાર પણ બરાબર ઓળખતો ન હતો. અમે આટલી મોટી રકમ એક એવી વ્યક્તિના હાથમાં સોંપી દીધી હતી, જેણે એક લેજન્ડ (સ્ટીવ જોબ્સ) પછી કમાન સંભાળી હતી.'

1 મેના રોજ ઓમાહા, નેબ્રાસ્કા ખાતે બર્કશાયર હેથવેની વાર્ષિક શેરધારકોની બેઠક પહેલાં, લોકો કન્વેન્શન હોલમાં પ્રવેશતા.

એપલના રોકાણથી બર્કશાયરને 5 ગણાથી વધુ ફાયદો

બફેટે જણાવ્યું કે એપલમાં કરવામાં આવેલું રોકાણ બર્કશાયર માટે જેકપોટ સાબિત થયું છે. 35 બિલિયન ડોલરનું તે શરૂઆતનું રોકાણ આજે વધીને 185 બિલિયન ડોલર (લગભગ 15.42 લાખ કરોડ રૂપિયા) થઈ ગયું છે. આમાં ડિવિડન્ડ અને શેરની વધેલી કિંમત બંને સામેલ છે. પોતાના મજાકિયા અંદાજમાં બફેટ બોલ્યા, 'આટલા પૈસા બનાવવા માટે મારે સહેજ પણ કામ કરવું પડ્યું નથી. અમે બર્કશાયરમાં બીજાઓ પાસેથી કામ કરાવીને પૈસા ભેગા કરવામાં ખૂબ જ હોશિયાર છીએ.'

બફેટ બોલ્યા- ટિમ કૂક ઊભા થાય અને તાળીઓ સ્વીકારે

મીટિંગ દરમિયાન બફેટે દર્શકોની વચ્ચે બેઠેલા ટિમ કૂકને ઊભા થવા કહ્યું. તેમણે શેરહોલ્ડરોને કહ્યું કે તેઓ ટિમ કૂકનો આભાર માને. બફેટે કહ્યું, 'સ્ટીવ જોબ્સના ગયા પછી દરેક જણ સવાલ કરી રહ્યા હતા કે એપલને કોણ સંભાળશે? સ્ટીવના મૃત્યુ પછી ટિમે જવાબદારી લીધી.

# રિક્ષા ચાલકનું મ્યુઝિકનું ભૂત ઉતારી નાખ્યું : કલોલ સિવિલ હોસ્પિટલ પાસે મોટા અવાજે વૂફર વગાડતા ચાલકને પોલીસે સકંજામાં લીધો, રિક્ષા સહિત 50 હજારનો મુદ્દામાલ જપ્ત

**ગાંધીનગર, તા.16**

કલોલ શહેરમાં સાર્વજનિક સ્થળો પર ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. કલોલ સિવિલ હોસ્પિટલ જેવા સંવેદનશીલ વિસ્તારની સામે જાહેર રોડ પર કાન ફાડી નાખે તેવા મોટા અવાજે મ્યુઝિક સિસ્ટમ વગાડીને જાહેર શાંતિનો ભંગ કરવા બદલ કલોલ શહેર પોલીસે એક રિક્ષા ચાલક યુવકની ધરપકડ કરી 50 હજારની રિક્ષા સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કલોલ શહેર પોલીસની ટીમ ગત રાત્રિના સમયે ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. આ દરમિયાન કલોલ સિવિલ હોસ્પિટલ આગળથી પસાર થતી એક સીએનજી રિક્ષામાં ખૂબ જ મોટા અને કાન ફાડી નાખે તેવા અવાજે જેબીએલ વૂફર સ્પીકર વાગી રહ્યું હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. કલોલ શહેર પોલીસની ટીમ ગત રાત્રિના સમયે ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. આ દરમિયાન કલોલ સિવિલ હોસ્પિટલ આગળથી પસાર થતી એક સીએનજી રિક્ષામાં ખૂબ જ મોટા અને કાન ફાડી નાખે તેવા અવાજે જેબીએલ વૂફર સ્પીકર વાગી રહ્યું હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું.




જેના લીધે નજીકની હોસ્પિટલના વૃદ્ધ દર્દીઓ અને બાળકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. ઉપરાંત રસ્તે પસાર થતા અન્ય વાહન ચાલકો માટે પણ અકસ્માત સર્જાય તેવી ભયજનક સ્થિતિ ઊભી થઈ હતી. આથી ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે રિક્ષા ચાલકને દબોચી લઈ પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. જેની કડકાઈથી પુછપરછ દરમિયાન તેણે પોતાનુ નામ કિષ્ના પુનમભાઈ મકવાણા (રહે. મકાન નં. 35, મોહન પાર્ક સોસાયટી, રેલ્વે-પૂર્વ, કલોલ) હોવાનું જણાવ્યું હતું. બાદમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરી રિક્ષા સહિત 50 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેના લીધે નજીકની હોસ્પિટલના વૃદ્ધ દર્દીઓ અને બાળકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. ઉપરાંત રસ્તે પસાર થતા અન્ય વાહન ચાલકો માટે પણ અકસ્માત સર્જાય તેવી ભયજનક સ્થિતિ ઊભી થઈ હતી. આથી ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે રિક્ષા ચાલકને દબોચી લઈ પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. જેની કડકાઈથી પુછપરછ દરમિયાન તેણે પોતાનુ નામ કિષ્ના પુનમભાઈ મકવાણા (રહે. મકાન નં. 35, મોહન પાર્ક સોસાયટી, રેલ્વે-પૂર્વ, કલોલ) હોવાનું જણાવ્યું હતું. બાદમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરી રિક્ષા સહિત 50 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરમાં જનસેવા કેન્દ્રોની કામગીરીમાં ફેરફાર : અરજદારોને ઝડપી સેવા મળશે, ભારણ ઘટાડવા વહીવટી તંત્રનો નિર્ણય

**સુરેન્દ્રનગર, તા.16**

સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર જી.એચ. સોલંકીએ જનસેવા કેન્દ્રોની કામગીરીનું ભારણ ઘટાડવા અને અરજદારોને ઝડપથી સેવાઓ મળી રહે તે માટે મહત્વના ફેરફારો કર્યા છે. વેકેશન બાદ શરૂ થતી શૈક્ષણિક પ્રવેશોત્સવ, શિષ્યવૃત્તિ, ફી માફી, સરકારી યોજનાઓ અને ભરતી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં દૂધરેજ, રતનપર, જોરાવરનગર, ખેરાળી, માળોદ, મૂળચંદ, ચમારજ અને ખમીસણા જેવા ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થતાં સીટી મામલતદાર કચેરી ખાતે અરજીઓનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું. અરજદારોને પડતી મુશ્કેલીઓ અને પ્રમાણપત્રો ઈશ્યૂ કરવામાં થતા વિલંબને નિવારવા કલેક્ટર દ્વારા કામગીરીની નવી વહેંચણી અમલમાં મૂકવામાં આવી




છે. નવા આદેશ મુજબ, સીટી મામલતદાર કચેરી અંતર્ગત આવતા તમામ વિસ્તારોના ચોક્કસ જાતિ વિષયક પ્રમાણપત્રો હવે બહુમાળી ભવન, સુરેન્દ્રનગર ખાતેથી મળશે. જેમાં SEBC જાતિ પ્રમાણપત્ર (અંગ્રેજી/ગુજરાતી), વિચરતી/વિમુક્ત જાતિ પ્રમાણપત્ર, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, બિન-અનામત વર્ગનું પ્રમાણપત્ર અને SC જાતિ પ્રમાણપત્ર (અંગ્રેજી/ગુજરાતી)નો સમાવેશ થાય છે. આ પ્રમાણપત્રો ચાલુ વર્ષમાં નવો હુકમ ન થાય ત્યાં સુધી નાયબ નિયામક વિકસતી જાતિ, બ્લોક-એ, રૂમ નંબર 204, બહુમાળી ભવન અને નાયબ નિયામક અનુસૂચિત જાતિ, બ્લોક-એ, રૂમ નંબર 205, બહુમાળી ભવન દ્વારા કાઢી આપવામાં આવશે. જ્યારે અન્ય તમામ વહીવટી અને આવકના પ્રમાણપત્રો પૂર્વવત્ રીતે મામલતદાર કચેરી ખાતેથી જ ઉપલબ્ધ થશે. આમાં નોન-ક્રીમીલીયર પ્રમાણપત્ર (ગુજરાતી/અંગ્રેજી), EWS પ્રમાણપત્ર (ગુજરાતી/અંગ્રેજી), ડોમીસાઈલ પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, રહેઠાણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ય પ્રમાણપત્ર, સોલવંશી પ્રમાણપત્ર, વિધવા અંગેનું પ્રમાણપત્ર, વારસાઈ પ્રમાણપત્ર તેમજ ST જાતિ પ્રમાણપત્ર (અંગ્રેજી/ગુજરાતી)નો સમાવેશ થાય છે. અરજદારો આ પ્રમાણપત્રો મામલતદાર સુરેન્દ્રનગર શહેરની કચેરી ખાતેથી મેળવી શકશે.

# વલસાડ ST કર્મચારીઓએ મુસાફરોને ઠંડી છાસ પીવડાવી : કાળઝાળ ગરમીમાં રાહત આપી



**વલસાડ, તા.16**

રાજ્યભરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત્ છે, ત્યારે વલસાડ એસ.ટી. ડેપોના કર્મચારીઓએ અસહ્ય ઉકળાટ વચ્ચે મુસાફરી કરતા યાત્રીઓને રાહત આપવા માટે પ્રશંસનીય પહેલ કરી છે. ડેપો પર ફરજ બજાવતા કંડક્ટર મુકેશભાઈ પટેલ અને અન્ય કર્મચારીઓએ પોતાના ખર્ચે મુસાફરોને ઠંડી છાસનું વિતરણ કર્યું હતું. બપોરના સમયે જ્યારે ગરમીનો પારો સૌથી ઊંચો હતો, ત્યારે આ કર્મચારીઓએ ડેપો પર હાજર યાત્રીઓ તેમજ બસમાં બેઠેલા મુસાફરોને ઠંડી અને મસાલેદાર છાસ પીવડાવી હતી. આ સેવાકીય કાર્યથી ગરમીથી ત્રાહિમામ પોકારી ગયેલા મુસાફરોને ઘણી રાહત મળી હતી. મુસાફરોએ આ પહેલની ખૂબ પ્રશંસા કરી હતી. એક એસ.ટી. યાત્રીએ જણાવ્યું હતું કે, 'આવી ગરમીમાં બસની રાહ જોઈને ઊભા રહેવું અઘરું છે, ત્યારે એસ.ટી. સ્ટાફે સામેથી આવીને ઠંડી છાસ પીવડાવી એ ખરેખર પ્રશંસનીય છે.' સામાન્ય રીતે એસ.ટી. કર્મચારીઓ તેમની કડક ફરજ માટે જાણીતા હોય છે, પરંતુ વલસાડ ડેપોના આ કર્મચારીઓએ ફરજની સાથે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવીને લોકોના દિલ જીતી લીધા છે. તેમની આ માનવતાભરી કામગીરી બદલ તમામ મુસાફરોએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# 'UK જેવી ફીલિંગ આવે છે' : ગિફ્ટ સિટીમાં રહેવા NRIનો વધતો ક્રેઝ, ફ્લેટની માગ આસમાને; દરેક એપાર્ટમેન્ટ ટનલ સિસ્ટમથી જોડાયેલું

**ગાંધીનગર, તા.16**

ગાંધીનગર નજીક વિકસતી દેશની પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (IFSC) ધરાવતી GIFT City હવે માત્ર ફાઈનાન્સિયલ હબ પૂરતી સીમિત રહી નથી. ગિફ્ટ સિટીના ઝડપી વિકાસ સાથે ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી, ખાણી-પીણી, મનોરંજન અને સર્વિસ સેક્ટરમાં જબરદસ્ત તેજી જોવા મળી રહી છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની બિઝનેસ ફ્રેન્ડલી પોલિસીઓ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓના કારણે દેશ-વિદેશના રોકાણકારો, NRI, યુવા પ્રોફેશનલ્સ અને વૈશ્વિક કંપનીઓ હવે ગુજરાત તરફ આકર્ષાઈ રહી છે.

**ગિફ્ટ સિટી બન્યુ હાઈ-ઈન્કમ પ્રોફેશનલ્સ માટે નવું ડેસ્ટિનેશન**

ગિફ્ટ સિટીમાં કાર્યરત રિયલ એસ્ટેટ સલાહકાર રાજ પટેલ જણાવે છે કે, ગિફ્ટ સિટીના વિકાસે સ્થાનિક



અર્થતંત્રમાં નવી ઊર્જા ભરી છે. અહીં ભાડે મકાન અને સ્થળાંતર પછીની સેવાઓ માટે અમે 'અર્બન ગિફ્ટ' શરૂ કર્યું હતું. શરૂઆત બાદ જ સમજાઈ ગયું કે ગિફ્ટ સિટી માત્ર ઓફિસોનું કેન્દ્ર નહીં, પરંતુ હાઈ-ઈન્કમ પ્રોફેશનલ્સ માટેનું નવું ડેસ્ટિનેશન બની રહ્યું છે. અહીં આવતા લોકોની સરેરાશ આવક મહાનગરો જેવી હોવાથી તેમની ખરીદ શક્તિ પણ ઊંચી છે. તેના કારણે રેસ્ટોરન્ટ, કેફે, રિટેલ અને સર્વિસ સેક્ટર સુધી સીધી અસર જોવા મળી રહી છે.

**રોકાણકારો માટે ગુજરાત વધુ સુરક્ષિત અને વ્યવસાય માટે અનુકૂળ**

તેમણે વધુમાં ઉમેર્યું કે, દિલ્હી અને બેંગલુરુ જેવા શહેરોમાં ટ્રાફિક, પ્રદૂષણ અને સુરક્ષા જેવી સમસ્યાઓ વધતાં હવે રોકાણકારો ગુજરાતને વધુ સુરક્ષિત અને વ્યવસાય માટે અનુકૂળ વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. ગુજરાતની નીતિઓ સ્થિર છે, કાયદો અને વ્યવસ્થા મજબૂત છે અને બિઝનેસ માટેનો માહોલ અનુકૂળ છે. તેથી અનેક કંપનીઓ અને રોકાણકારો હવે ગુજરાત તરફ વળી રહ્યા છે.

**ગિફ્ટ સિટી હવે માત્ર ફાઈનાન્સ હબ નહીં, સંપૂર્ણ સ્માર્ટ અર્બન ઈકોસિસ્ટમ**

ગિફ્ટ સિટીમાં હાલમાં વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો (GCC), IT કંપનીઓ, ફિનટેક હબ, વિમાન અને જહાજ લીઝિંગ સેવાઓ, યુનિવર્સિટીઓ, સોના-ચાંદીના આંતરરાષ્ટ્રીય વેપાર અને નાણાકીય સંસ્થાઓ જેવી અનેક પ્રવૃત્તિઓ વિકસિત થઈ રહી છે.

**મુંબઈની જાણીતી 'બાસ્ટિયન' બ્રાન્ડની ગિફ્ટ સિટીમાં એન્ટ્રી**

મુંબઈની જાણીતી 'બાસ્ટિયન' જેવી બ્રાન્ડ્સે પણ ગિફ્ટ સિટીમાં પ્રવેશની જાહેરાત કરી છે. ઉદ્યોગકારો માને છે કે, આ પ્રકારના બ્રાન્ડ્સ માત્ર ત્યારે જ રોકાણ કરે છે જ્યારે બજારમાં લાંબા ગાળાની મજબૂત સંભાવનાઓ હોય.

# અમદાવાદીએ ટુ-વ્હીલરમાં 0001 નંબર લેવા 73000 ખર્ચ્યાં, RTOને 12 લાખની આવક




**ગાંધીનગર, તા.16**

અમદાવાદીઓમાં ફેન્સી નંબર પ્લેટનો ભારે ક્રેઝ વધ્યો છે. સુભાષબ્રિજ ખાતે આવેલી RTOને તાજેતરમાં યોજાયેલી હરાજીમાં લાખો રૂપિયાની આવક થઈ છે. ફેન્સી નંબરનો ક્રેઝ માત્ર ફોર-વ્હીલર પૂરતો મર્યાદિત ન રહેતા હવે ટુ-વ્હીલરમાં પણ જોવા મળ્યો હતો. ટુ-વ્હીલરમાં પસંદગીના નંબર માટે સુભાષબ્રિજ RTOને 12 લાખથી વધુની આવક થઈ છે. GJ01YW નવી સિરીઝ શરૂ થતા પંસદગી નંબરોની હરાજી કરવામાં આવી હતી. જેમાં સૌથી વધુ ટુ-વ્હીલરમાં 0001 નંબર માટે વાહન ચાલકે 73000 રૂપિયા ખર્ચ્યા છે. ટુ-વ્હીલરમાં પસંદગીના નંબર સહિત 411 નંબરની હરાજી કરવામાં આવી હતી. અમદાવાદમાં હવે ફક્ત લક્ઝરી કાર કે મોંઘી બાઈક જ સ્ટેટસ સિમ્બોલ નથી રહી, પરંતુ વાહન પર લગાવાતો ફેન્સી નંબર પણ લોકોની ઓળખ અને શોખનું પ્રતિક બની રહ્યો છે. શહેરના વાહન માલિકોમાં પોતાની પસંદગીનો નંબર મેળવવા માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુભાષબ્રિજ ખાતે આવેલી RTOમાં GJ01YW નવી સિરીઝ શરૂ થઈ હતી. જેથી આ નવી સિરીઝ માટે ફેન્સી નંબરની હરાજી કરવામાં આવી હતી. ફેન્સી નંબરની હરાજીમાં વાહન માલિકોએ ખુલ્લા હાથે રૂપિયા ખર્ચ્યા હતા. સુભાષબ્રિજ RTOમાં યોજાયેલી હરાજીમાં માત્ર ટુ-વ્હીલરના પસંદગીના નંબરોમાંથી જ RTOને 12 લાખ રૂપિયાથી વધુની આવક થઈ હોવાનું સામે આવ્યું છે. સૌથી વધુ ચર્ચામાં રહેલો નંબર 0001 રહ્યો, જેને મેળવવા માટે એક વાહનચાલકે 73 હજાર રૂપિયા ખર્ચ્યા હતા. એટલે કે ટુ વ્હીલરમાં પણ પસંદગીના નંબર માટે પણ વહન માલિકો હજારો રૂપિયા ખર્ચ કરી રહ્યા છે. RTO દ્વારા કુલ 411 જેટલા પસંદગીના નંબરોની હરાજી કરવામાં આવી હતી અને તેમાં મોટી સંખ્યામાં લોકોએ ઓનલાઈન ભાગ લીધો હતો. અગાઉ કાર માલિકો જ ખાસ નંબર માટે મોટી રકમ ખર્ચતા જોવા મળતા હતા. પરંતુ હવે યુવાનોમાં બુલેટ, સ્પોર્ટ્સ બાઈક અને અન્ય ટુ-વ્હીલર માટે પણ પસંદગીના નંબર લેવાની હોડ લાગી છે.

# વલસાડની કમ્પ્યુટર સંસ્થામાં લાખોની ઉચાપત કરનાર ઝડપાયો

## માર્કેટિંગ હેડે ₹9.80 લાખની ફી ઓળવી લીધી, બીમારીનો લાભ ઉઠાવી ફરાર થયો હતો

**વલસાડ, તા.16**

વલસાડ શહેરના પોશ વિસ્તાર ગણાતા હાલર રોડ પર આવેલી એક નામાંકિત કમ્પ્યુટર સંસ્થામાં લાખો રૂપિયાની ઉચાપતનો મામલો સામે આવ્યો છે. સંસ્થાના માર્કેટિંગ હેડે વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલી અંદાજે 9.80 લાખ જેટલી માતબર રકમ સંસ્થામાં જમા કરાવવાના બદલે પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખી હતી. સંચાલકની ફરિયાદના આધારે વલસાડ સીટી પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો છે.

**સંચાલકની માંદગીનો ગેરલાભ ઉઠાવ્યો**

મળતી વિગતો મુજબ, હાલર રોડ પર આવેલા કળશ એપાર્ટમેન્ટના ત્રીજા માળે રાકેશ કરણસિંહ ચૌહાણ 'સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી' (SVIT) નામની કમ્પ્યુટર સંસ્થા ચલાવે છે. આ સંસ્થામાં CCC, Tally Prime, C++ અને ગ્રાફિક્સ ડિઝાઈનિંગ જેવા વિવિધ કોર્સ શીખવવામાં આવે છે. નવેમ્બર 2024માં સંસ્થામાં વિજેન્દ્ર તુલસીરામ ગોન્નાડે નામના વ્યક્તિને માર્કેટિંગ હેડ તરીકે નોકરી પર રાખવામાં આવ્યો હતો. શરૂઆતમાં વિજેન્દ્રએ સખત મહેનત કરીને સંચાલકનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. દરમિયાન સંસ્થાના સંચાલક રાકેશ ચૌહાણની તબિયત લથડતા તેઓ લાંબા સમય સુધી સંસ્થા પર નિયમિત આવી શકતા નહોતા. વિજેન્દ્રએ સંચાલકની આ બીમારી અને ગેરહાજરીનો




ગેરલાભ ઉઠાવવાનું શરૂ કર્યું હતું.

**13 મહિના સુધી ફીના નાણાં બારોબાર સેરવ્યા**

ઓક્ટોબર 2025 પછી વિજેન્દ્રની દાનત બગડી હતી. તેણે નવા એડમિશન લેતા વિદ્યાર્થીઓ પાસેથી સત્તાવાર રસીદ બુક આપીને ફીની રોકડ રકમ ઉઘરાવવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ આ રકમ સંસ્થાના ખાતામાં કે ઓફિસમાં જમા કરાવી નહોતી. સંસ્થાના ચોપડાની ચકાસણી કરતા માલૂમ પડ્યું હતું કે, 13 નવેમ્બર 2024થી 24 ડિસેમ્બર 2025 સુધીના ગાળામાં તેણે કુલ 9,80,700ની ફીના નાણાં બારોબાર ઓળવી લીધા હતા. સંચાલકે જ્યારે ફીની રકમ બાબતે કડક પૂછપરછ કરી, ત્યારે આરોપી વિજેન્દ્ર શરૂઆતમાં ખોટા બહાના બનાવતો રહ્યો હતો. આખરે ડિસેમ્બર 2025માં તે સંસ્થામાંથી રાજીનામું આપ્યા વિના જ પોતાનો મોબાઈલ ફોન બંધ કરીને ભાગી છૂટ્યો હતો.

**BNSSની કલમ હેઠળ ગુનો દાખલ, આરોપી ઝડપાયો**

લાંબો સમય વીતી જવા છતાં નાણાં પરત ન મળતા અને આરોપીનો કોઈ પતો ન લાગતા આખરે સંસ્થાના સંચાલકે વલસાડ ટાઉન પોલીસ મથકે વિજેન્દ્ર ગોન્નાડે વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. વલસાડ સીટી પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ 316(5) હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

**ફરાર આરોપીને વલસાડમાંથી દબોચી લીધો**

DySPએ. કે. વર્માના જણાવ્યા મુજબ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કની મદદથી ફરાર આરોપી વિજેન્દ્ર ગોન્નાડેને વલસાડની હદમાંથી જ દબોચી લીધો છે. પોલીસે આરોપીની સઘન પૂછપરછ હાથ ધરી તેનું સત્તાવાર નિવેદન નોંધ્યું છે. આ નાણાં તેણે ક્યાં વાપર્યા છે અને તેની સાથે અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ, તે દિશામાં વધુ તપાસ કરવા માટે પોલીસ આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી રહી છે.'

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

